વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૦મું
એપ્રિલ - ૨૦૧૫
અંક : ૪૪૩

મંગલ મંદિર ● એપ્રિલ-૨૦૧૫ ● ૧
(કુલ પાના : ૮૪)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર


શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



તાજમહેલ
આગ્રા

તંત્રી મંડળ :
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા

મુખ્ય કાર્યાલય :-
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુથ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org




**હૃદયરોગના નિષ્ણાત–અનુભવી ડૉક્ટરે ખૂબ જ મહેનતપૂર્વક તૈયાર કરેલ તદ્દન નવું પ્રકાશન સચિત્ર 4 કલરમાં છાપીને તૈયાર છે.**

# હૃદય

**ઈશ્વરની એક અદ્ભુત બક્ષિસ**

**લેખક : ડૉ.અનિશ એચ. ચંદારાણા**

**M.D., D.M. (Cardiology), FACC**

ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલૉજિસ્ટ, અમદાવાદ

**તદ્દન વાજબી કિંમત : ₹ 150.00**

**આજે જ ખરીદી લેશોજી.**

હૃદયરોગ અને તેના સંબંધી બીમારીઓ લોહીનું ઊંચું દબાણ, ડાયાબિટીસ, ચરબીવાળું શરીર વગેરેનું પ્રમાણ આપણા દેશમાં દિન-પ્રતિદિન વધતું જાય છે. આનુવંશિકતા અને સાથે ખરાબ જીવનપદ્ધતિના કારણે આજે વિશ્વના કુલ હૃદયરોગીઓમાંથી લગભગ અડધા આપણા દેશમાં છે! જ્યાં સુધી ભારતની પ્રત્યેક વ્યક્તિ આ મહામારી વિશે જ્ઞાન મેળવી જાગૃત નહીં બને ત્યાં સુધી આપણે આ બીમારીનો સતત ભોગ બનતા રહીશું.

આ પુસ્તક બે રીતે વાંચી શકાશે : એક તો પ્રથમથી શરૂ કરીને છેલ્લા પ્રકરણ સુધી તબક્કાવાર. આમ કરવાથી વાચકની અનેક ખોટી માન્યતાઓ, વહેમો, અંધશ્રદ્ધાઓ દૂર થશે અને તેને હૃદયસંબંધી મહત્ત્વની જાણકારી મળશે. બીજી રીત છે તમે જે તકલીફથી પીડાતા હો અથવા હૃદયની કોઈ સારવાર લેવાના હો તો તે સંબંધી પ્રકરણ વાંચવું. દા.ત. જો તમને એન્જિયોપ્લાસ્ટિ કરાવવાની સલાહ મળી હોય તો તે પ્રકરણ વાંચવું.

**આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.**

**NAVNEET EDUCATION LIMITED** NAVNEET®


**Correspondence Address** : Navneet House, Gurukul Road, Memnagar, Ahmadabad – 380 052. India
**Phone** : (079) 6630 5000, 6630 5001, 2745 1000 ● **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@navneet.com ● **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy


**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email **info@deepindustries.com**


AN ISO 9001 - 2000 COMPANY


Nano 9 kitchenware
in new avatar
NanoNine™
INNOVATIVE KITCHENWARE
Bana De Life Aasaan!
Fruit & Salad
Insulock Lunch Pack
WORLD 1st
Insulated Leakproof S.S. Tiffin
LEAKPROOF
AIR TIGHT
FEATHER LITE
flo
Chapati Pot
FREEDOM from SOGGINESS
TRANSPARENT See Through Lid
DOUBLE WALL
FEATHER LITE
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Shahil Marketing: (+91) 94261 77138
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736



kalash kuber
a week-end villa plotting scheme
Site Address : at Panva Village
Viramgam-Shankheshwar Highway, Shankheshwar
NA-NOC TITLE CLEAR
kalash KALARAV
WEEKEND HOMES
Site Address : at Malanpur Village
Viramgam-Shankheshwar Highway, Mandal
Club House
Actual Image
Club House & Bungalows
શ્રી ૐકાર પાર્શ્વનાથ પુરમ તીર્થ
Entrance Gate
kalash kuber
Actual Image
શ્રી યંત્ર લક્ષ્મી તીર્થ
karma INFRASTRUCTURE
Office : 310, Nalanda Enclave, Opp. Sudama Resort, Nr. V.S. Hospital, Pritam Nagar, Ahmedabad-380007,
Ph.:+91-79-2657 4467/68 M.:+91-98790 48757, 93770 63000
Email : info@karmainfrastructure.com Web : www.karmainfrastructure.com

# યોગ દ્વારા અધ્યાત્મ અને આરોગ્યનાં શિખરો સર કરાવતાં વિશિષ્ટ પુસ્તકો


## લેખક : અધ્યાત્માનંદ





જીવનયોગ
₹ 150





યોગ અને આરોગ્ય
₹ 200




યોગ અને સ્વાસ્થ્ય
₹ 350





Yoga : A Way of life
₹ 200





योग और स्वास्थ्य
₹ 180


## લેખક : ભાણદેવ





સંપૂર્ણ પ્રાણાયામ
₹ 300





શિક્ષણ અને યોગ
₹ 60




અંતરંગ યોગ
₹ 150




યૌગિક બંધ અને મુદ્રા
₹ 110




યૌગિક શોધનકર્મ
₹ 100

## અન્ય લેખકોનાં પુસ્તકો

| | | |
|---|---|---|
| યોગ : પૂર્ણતા પામવાની કળા | રોહિત મહેતા | ₹ 160 |
| યોગ : જીવનરસાયણ | પી.ટી. પંડ્યા | ₹ 50 |
| ધ્યાનયોગ | કાર્તિકેય ભટ્ટ | ₹ 30 |
| યોગના પાઠ (પુસ્તકો : 26) | સ્વામી શિવાનંદ | ₹ 600 |
| યોગમાં સ્વાસ્થ્ય અને સારવાર | શ્રી માતાજી, અનુ. ગિજુભાઈ દવે | ₹ 150 |

વૉટ્સ-એપ દ્વારા તથા ઇમેલ દ્વારા
ઘેર બેઠાં વી.પી.પી.થી પુસ્તકો મંગાવી શકાશે

**વૉટ્સેપ નંબર 9879500182**

ઈમેલ : goorjar@yahoo.com
gurjarprakashan@gmail.com

## ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો-રૂમ

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર,
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત* શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતેનું**

## શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર



ઉપરોક્ત ડાયાલિસિસ સેન્ટર ખાતે ચાલતી ડાયાલિસિસની પ્રક્રિયા


**BHARAT B. GALA** **NAVINCHANDRA D. DEDHIA**

SRE

**Raju**
ENTERPRISE

**RE - ROLLING / S. S. PATTA - PATTI**

179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 98257 33710

છેલ્લા ૩૯ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખક પાના નં.*

**તંત્રી લેખ :**

- જ્ઞાતિ સામયિકોનું કાર્ય
  દરેક સમાજને વિખૂટા પાડવાનું કે તેનું જોડાણ કરવાનું? ........ **અશોક મહેતા** ...... ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૧

**લેખ વિભાગ**

## સંસ્થા / વ્યક્તિ વિશેષ

- કિડની ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી – પદ્મશ્રીથી સન્માનિત ડૉ. એચ. એલ. ત્રિવેદી ........ **કિરણ ચાંપાનેરી 'સેતુ'**, **ફ્રીલાન્સ પત્રકાર** ..... ૧૩
- તાપમાન ........ **મુરજી ગડા** .... ૧૭

## વિચાર મંથન

- ધારે ચાલવું ........ **ડૉ. ગિરીશ વીછીવોરા** .... ૧૭
- મનુષ્યને મળેલ ઉત્તમ ભેટ : વિવેકબુદ્ધિ ........ **ડૉ. યાસીન દલાલ** .... ૧૯

## દર્પણ

- સિધ્ધાંત અને સંજોગો ........ **દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ** .... ૨૧
- ઑલ ઈઝ વેલ ........ **ભોલાભાઈ ગોલીબાર** .... ૨૩
  **સહસ્થાપક : ચક્રમ - ચંદન**

## પર્યાવરણ

- સ્વચ્છતા દ્વારા ભારતમાં વિકાસ અભિગમ ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૨૪

## સમાજની ક્ષિતિજો

- નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૩
  સમાજ પુરુષપ્રધાન કે સ્ત્રીપ્રધાન? ........ **સ્વામી શ્રી સચ્ચિદાનંદજી** .... ૨૭

## વાર્તા

- નંદિનીને થયું છે શું? ........ **ડૉ. ઊર્મિલા શાહ** .... ૨૯

## તંદુરસ્તી

- અનિદ્રા (Insomnia) – ૩ ........ **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક** ..... ૩૧
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળમનોચિકિત્સક**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી મણિલાલ કુંવરજી ગોસર
ઘર : ૦૭૯-૨૬૭૫ ૨૧૨૨ મો. ૯૪૨૭૫ ૫૧૮૭૭

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## કચ્છ

● જરા યાદ કરો કુરબાની
ભારત પાકિસ્તાન રણયુદ્ધ અને કચ્છ સત્યાગ્રહ ..... **સંજય પી. ઠાકર** .... ૩૩
● ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં — **આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી**
કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧- ૧૯૪૮ ..... **સંપાદક : હરેશ ચ. ધોળકિયા** ..... ૩૭
● શેષ રહ્યું છે લખપત ..... **લીલાધર ગડા** .... ૪૧
● છપ્પનનો દુકાળ ..... **નરેશ પી. અંતાણી** .... ૪૩

## ઇતિહાસ

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ ..... **સંકલન : પ્રતાપ નારાણજી દંડ** .... ૪૫
પ્રકરણ-૩૮

## પ્રકીર્ણ

● દિલનું દર્પણ — રોજનીશીની સાખે : (૩) ..... **માવજી કે. સાવલા** .... ૪૭

## માહિતી

● **International Organisations** ..... ૪૯
● અદાણી વિદ્યામંદિર - ભદ્રેશ્વર ..... ૫૧

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ..... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૫૨

## નિયમિત વિભાગો

● આંજો કાગર ..... ૫૩
● અન્ય સંસ્થાઓના સમાચાર ..... ૫૬
● સાર સમાચાર ..... **સંકલન : શાંતિલાલ સંઘવી** .... ૫૮
● જાણવા જેવું ..... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૫૯
● *Nano Nine* શબ્દ રમત-૧૦૪ ..... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૧
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૬૦) ..... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૩
● 'મંગલ મંદિર' — પ્રાપ્ત થયેલાં લવાજમ ..... ૬૪
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકોની યાદી ..... ૬૫
● વલોવતન ..... **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૬૯
● સમાજ દર્પણ ..... ૭૧
● સંસ્થા સમાચાર ..... ૭૨
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ..... ૭૬
● ઊડતી નજરે ..... ૭૮

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## જ્ઞાતિ સામયિકોનું કાર્ય દરેક સમાજને વિખૂટા પાડવાનું કે તેનું જોડાણ કરવાનું?

*– અશોક મહેતા*

ભારતભરમાં અનેક સામયિકો પ્રસારિત થતા રહે છે. આ સામયિકોને સામાન્યપણે આપણે બે વિભાગમાં વહેંચી શકીએ. સામાન્ય જનતાને વાંચનમાં રસ પડે તેવા સામયિકોને આપણે પ્રથમ વિભાગમાં મૂકી શકીએ, જ્યારે જ્ઞાતિ કે સમાજના ધોરણે પ્રસારિત થતા સામયિકોને આપણે દ્વિતીય વિભાગમાં મૂકીએ.

જે સામયિકો સામાન્ય જનતાના વાંચન માટે પ્રસારિત થતા હોય છે તેમાં દેશ-વિદેશની માહિતી, રાજકારણ, અર્થકારણ, મહાન વિભૂતિઓ વિશેના લેખો, વૈજ્ઞાનિક માહિતી, આરોગ્ય વિશેની માહિતી આપતા લેખો કે વાર્તા, બાળ વિભાગ, મહિલા વિભાગને અનુરૂપ લેખો પ્રસારિત કરવામાં આવે છે. જ્યારે જ્ઞાતિ કે સમાજના ધોરણે ચાલતા સામયિકોમાં મોટાભાગની માહિતી પોતાની જ્ઞાતિની કે સમાજની હોય છે.

આજે આપણે વાત કરવી છે સમાજ કે જ્ઞાતિના ધોરણે પ્રસારિત થતા સામયિકોની.

આ પ્રકારના સામયિકો જે તે સમાજનો ભણેલ ગણેલ વર્ગ કે બુધ્ધિજીવી વર્ગ ચલાવતો હોય છે. **તેને આપણે સમાજની “થીંક ટેંક” પણ ગણી શકીએ.** તેઓ જે પ્રકારની માહિતી પોતાના સામયિકમાં પીરસે છે તેની લાંબાગાળે મનોવૈજ્ઞાનિક અસર જે - તે જ્ઞાતિ / સમાજના સભ્યો પર પડતી જ હોય છે. તેથી આ વર્ગે પોતાના સામયિકમાં કયા પ્રકારની માહિતી પીરસવી તેના પર શાંતિપૂર્વક વિચારીને તેઓએ આગળ વધવું જોઈએ. સમાજને કઈ દિશા તરફ દોરીને તેઓ લઈ જવા માંગે છે તે વિચારીને તેઓએ જરૂરી સામગ્રી પ્રસારિત કરવી જોઈએ.

સૌના મગજમાં એ પ્રકારની નોંધ હશે જ કે જ્ઞાતિ કે સમાજના ધોરણે ચાલતા સામયિકોમાં મુખ્યત્વે પોતાની જ્ઞાતિના સમાચારો જ પ્રસારિત કરવામાં આવતા હોય છે. તેમાં સમાજની વિવિધ પ્રવૃત્તિઓના સમાચાર, અન્યત્ર વસવાટ કરતી પોતાની જ્ઞાતિની પ્રવૃત્તિઓના સમાચાર, જ્ઞાતિના મેળાવડા, જ્ઞાતિના મહાનુભાવો વિશેના લેખો, જ્ઞાતિની મહિલા વિંગ કે યુવા વિભાગના સમાચાર, જ્ઞાતિના લગ્ન લાયક ઉમેદવારોની માહિતી, જ્ઞાતિમાં યોજાતી વિવિધ સ્પર્ધાઓના સમાચાર, જ્ઞાતિના બાળકોના સરસ્વતી સન્માનની વિગત, વગેરે મુખ્યત્વે રહેવા પામે છે. આ સામયિકોમાં સામાન્ય જાણકારીના લેખોનું પ્રમાણ જૂજ રહેવા પામે છે. પરિણામ એ આવે છે કે **આ સમાચારોની મનોવૈજ્ઞાનિક અસર જે તે જ્ઞાતિના પરિવારો પર લાંબાગાળે એવી પડે છે કે આ પરિવારો એકબીજાની ખૂબ જ નજીક આવે છે.** તેઓના સંબંધ ગાઢ બને છે અને તે જ્ઞાતિના સભ્યોનું સામાજિક જોડાણ ઘનિષ્ટ બનતું જાય છે. એ જ્ઞાતિનો દરેક સભ્ય એ જ્ઞાતિનો હોવાનું ગર્વ લેતો થાય છે. અન્ય જ્ઞાતિના સામયિકોની આ પ્રકારની અસર જે તે જ્ઞાતિના સમુદાય પર પણ આ જ પ્રકારની પડતી હોવાથી તે સમાજો પણ પોતાની રીતે ઘનિષ્ટ બનતા જાય છે. પરિણામે સમગ્ર સમાજમાં અંદરો અંદરના ઘનિષ્ટ સંબંધોવાળા નાના નાના સમુદાયો ઊભા થતા જાય છે અને એક સમાજનો માનવ સમુદાય અન્ય સમાજના માનવ સમુદાયથી પોતાને વિભિન્ન માને છે. પરિણામે સમગ્ર ભારતીય સમાજ જ્ઞાતિના ધોરણે નાના નાના સમુદાયમાં વિભાજિત રહેવા પામે છે. દરેક જ્ઞાતિનો સમુદાય પોતે જે જ્ઞાતિનો હોય છે તે જ્ઞાતિનો હોવાનું ગર્વ લેતો થાય છે. પરિણામે ભારતભરનો નાગરિક પોતાના પ્રદેશ, જિલ્લા અને જ્ઞાતિ / સમાજના ધોરણે આજે પણ વ્યવહારિક રીતે વિભાજિત રહેલ છે. કચ્છ પ્રદેશની વાત કરીએ તો આ પ્રદેશના લોકો જૈન, લોહાણા, ભાનુશાળી, કડવા પાટીદાર, લેઉઆ પટેલ, ચારણ સમાજ, બ્રાહ્મણ સમાજ, મારૂ - કંસારા જ્ઞાતિ, રાજપુત સમાજ, ગુર્જર ક્ષત્રિય, સઈ-સુથાર, વડનગરા નાગર, ભાટિયા સમાજ જેવી જ્ઞાતિઓના ઓઠા હેઠળ વિભાજિત જીવન પસાર કરી રહ્યા છે. દરેક જ્ઞાતિના પાછા પેટા સમુદાયો પણ અસ્તિત્વ ધરાવે છે અને સમાજ વધુને વધુ વિભાજિત રહેવા પામે છે. આ વિભાજિત સમાજ એક સંયુક્ત - સંગઠિત સમાજ સ્વરૂપે આચરણ કરે તેવી હાલે તો કોઈ જ શક્યતા દેખાતી નથી. સદીઓથી ભારતભરના આ સમાજો એકબીજાથી વિખૂટા પડેલા તો હોય જ છે પરંતુ હાલની પરિસ્થિતિમાં પણ તે વિખૂટાપણું જોડાયેલું જ રહે છે અને તે વિખૂટાપણાનું મુખ્ય કાર્ય જાણતા કે અજાણતા જે તે સમાજના સામયિકો દ્વારા,

*કપરી સ્થિતિનો ધીરજથી સામનો કરો, સફળતા મળશે.*

જે તે સમાજના બુધ્ધિજીવી વર્ગ દ્વારા, જે તે સમાજની થીંક ટેંક દ્વારા આચરાઈ રહેલ છે. આ રીતે જ્ઞાતિ સામયિકો એકબીજાના સમાજને જોડવાના બદલે વિખૂટાપણું ચાલુ રહે તેના નિમિત્ત બને છે. આ બાબતે આ પ્રકારના બુધ્ધિજીવી વર્ગે શાંતિથી બેસીને નવેસરથી વિચારણા કરવાની જરૂરત મહેસુસ થાય છે.

તેના ઈલાજ તરીકે દરેક સમાજના સામયિકોના સંચાલકોએ પોતાના સમાજના સભ્યોની માહિતી ગૌણ સ્વરૂપે અને વિવિધ પ્રકારની માહિતી સવિશેષપણે પ્રસારિત કરે તો કદાચ સમાજમાં બદલાવ આવી શકે. વિવિધ માહિતી, લેખો, વગેરે એવા હોવા જોઈએ કે જેનાથી એક સમાજ બીજા સમાજ જોડે જોડાવા તત્પર રહે. વિખૂટાપણું નાબૂદ થતું જાય.

સ્થાપના કાળથી જ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર ''મંગલ મંદિર''ની આ દૃષ્ટિ રહેવા પામેલ છે. આ સામયિકમાં સામાન્ય જનતાને રસ પડે તે પ્રકારના લેખો સવિશેષ પ્રમાણમાં પીરસવામાં આવે છે અને તેથી જ સમાજના સભ્યો લવાજમ ભરીને આ સામયિક પોતાને ત્યાં મંગાવે છે, તેનાથી પણ વિશેષ સ્વરૂપે અન્ય સમાજના લોકો પણ તેનું લવાજમ ભરીને પોતાને ત્યાં આ સામાયિક નિયમિતપણે મંગાવે છે અને તેનું વાંચન નિયમિતપણે કરે છે. આ રીતે આ સમાજ અન્ય સમાજના સભ્યોને જોડવાનું કાર્ય મનોવૈજ્ઞાનિક સ્વરૂપે સવિશેષપણે આચરણમાં મૂકે છે.

**દરેક સમાજના સામયિકના સંચાલકની એ ફરજ બની રહે છે કે તેઓ જ્ઞાતિ જ્ઞાતિ વચ્ચેના જોડાણ ઘટ્ટ બનતા જાય તેવી દૃષ્ટિ સવિશેષપણે રાખી પોતાના સામયિકમાં એ પ્રકારની વાનગીઓ પીરસતા રહે કે જેથી વિવિધ સમાજના સભ્યો એકબીજાથી નજદિક આવી શકે.**

અગર આ દૃષ્ટિથી વિવિધ સમાજના સામયિકો પ્રસારિત થતા રહેશે તો લાંબે ગાળે સમગ્ર ભારતીય સમાજ, વિવિધ સમાજોમાં વિભાજિત થવાના બદલે એક સમાજ તરીકે સંગઠિતપણે ઉભરી આવશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## ભુજમાં જોવાલાયક સ્થળોની યાદી અને મુલાકાતનો સમય

*દિવસ દરમ્યાન સવારથી સાંજ સુધી*

| | | | |
|---|---|---|---|
| ★ | આઈના મહેલ | ૦૯.૦૦ થી ૧૧.૪૫ | ૦૩.૦૦ થી ૦૫.૪૫ |
| ★ | પરાગ મહેલ | ૦૯.૦૦ થી ૧૧.૪૫ | ૦૩.૦૦ થી ૦૫.૪૫ |
| ★ | કચ્છ મ્યુઝિયમ | ૧૦.૦૦ થી ૦૧.૦૦ | ૦૨.૩૦ થી ૦૫.૦૦ |
| ★ | શરદબાગ પેલેસ | ૦૯.૦૦ થી ૧૨.૦૦ | ૦૩.૦૦ થી ૦૬.૦૦ |
| ★ | રામકુંડ | ૦૯.૦૦ થી ૧૨.૦૦ | ૦૩.૦૦ થી ૦૬.૦૦ |
| ★ | છતરડી | ૦૯.૦૦ થી ૧૨.૦૦ | ૦૩.૦૦ થી ૦૬.૦૦ |
| ★ | સ્વામિનારાયણ મંદિર | ૦૯.૦૦ થી ૧૨.૦૦ | ૦૩.૦૦ થી ૦૬.૦૦ |
| ★ | ડી.વી.આઈ. શતાબ્દી ટેમ્પલ | ૦૯.૦૦ થી ૧૨.૦૦ | ૦૩.૦૦ થી ૦૬.૦૦ |
| ★ | ફોક આર્ટ મ્યુઝિયમ | ૧૦.૩૦ થી ૦૧.૧૫ | ૦૨.૩૦ થી ૦૭.૦૦ |
| ★ | નવું સ્વામિનારાયણ મંદિર | ૧૦.૩૦ થી ૦૧.૧૫ | ૦૨.૩૦ થી ૦૭.૦૦ |
| ★ | હીરાલક્ષ્મી ક્રાફ્ટ બજાર - ભુજોડી | ૧૦.૩૦ થી ૦૧.૧૫ | ૦૨.૩૦ થી ૦૭.૦૦ |
| ★ | અઝરખપુર | ૧૦.૩૦ થી ૦૧.૧૫ | ૦૨.૩૦ થી ૦૭.૦૦ |

## ભુજથી અન્ય શહેરોનું અંતર

| | *શહેરનું નામ* | *ભુજથી અંતર* |
|---|---|---|
| ★ | માંડવી | ૬૦ કિ.મી. |
| ★ | મુંદ્રા | ૫૦ કિ.મી. |
| ★ | ધોળાવીરા | ૨૫૦ કિ.મી. |
| ★ | લખપત | ૧૦૦ કિ.મી. |
| ★ | જખૌ | ૧૧૫ કિ.મી. |
| ★ | કંડલા | ૭૫ કિ.મી. |

## ભુજથી અન્ય જાત્રાના સ્થળોનું અંતર

| | *જાત્રાના સ્થળનું નામ* | *ભુજથી અંતર* |
|---|---|---|
| ★ | માતાનો મઢ | ૧૦૦ કિ.મી. |
| ★ | હાજીપીર દરગાહ | ૧૦૦ કિ.મી. |
| ★ | જેસલ-તોરલ સમાધિ - અંજાર | ૪૬ કિ.મી. |
| ★ | ૭૨ જિનાલય - માંડવી | ૪૫ કિ.મી. |
| ★ | નારાયણ સરોવર | ૧૬૦ કિ.મી. |
| ★ | કોટેશ્વર | ૧૬૨ કિ.મી. |
| ★ | કાળો ડુંગર - ખાવડા | ૯૦ કિ.મી. |

## વિધાનસભામાં કચ્છ

# નર્મદાનાં જળ મુદ્દે કચ્છને અન્યાય

### વધારાનાં પાણી મામલે તસુય કામ ન થયાની શ્રી શક્તિસિંહ દ્વારા રજૂઆત (તા. ૧૮-૩-૨૦૧૫)

કચ્છને એક મિલિયન એકર ફીટ નર્મદાના નીર આપવાના છે પરંતુ તે માટે એક તસુ જેટલુંય કામ ન થયાનો ખેદ પૂર્વ વિપક્ષી નેતા અને **કચ્છના ધારાસભ્ય શ્રી શક્તિસિંહ ગોહિલે વિધાનસભામાં વ્યક્ત કર્યો હતો.** તેમણે કહ્યું કે ૨૦૧૩-૧૪માં અંદાજ બનાવ્યા એમાં ૫૧૮૭ કરોડ નર્મદા યોજના માટે કચ્છને એક એકર મિલિયન ફીટ પાણી આપવા માટે જરૂરિયાત હતી. પરંતુ ગયા વર્ષે ફક્ત ૨.૫ કરોડ રૂપિયા જ ફાળવ્યા હતા અને આ વર્ષે પણ ૨.૫ કરોડ રૂપિયા જ ફાળવ્યા છે! ૧૫ ટકા જોગવાઈ ન કરો ત્યાં સુધી વહીવટી મંજૂરી ન મળે. **કચ્છને વધારાનું પાણી આપવા માટે એક તસુ પણ કામ થઈ શક્યું નથી અને એ કારણે જિલ્લાને અન્યાય થયો છે.**

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચામાં ભાગ લેતાં તેમણે કહ્યું કે, શા માટે ત્રિમાસિક ધોરણે પૈસા છૂટા કરાય છે. સરકારે બજેટ મંજૂર કર્યું છે અને બારમાસી કેનાલો છે, એની મરંમત માટે ગમે ત્યારે જરૂર પડે ત્યારે ગમે ત્યારે વિભાગને વાપરવાની છૂટ આપવી પડે. આજે ૬૭ ટકા ડેપ્યુટી એન્જિનિયરોની જગ્યા ખાલી છે. કોન્ટ્રાક્ટરોના સીઆર પણ ખાનગી નથી રહેતા.

તેમણે નિગમની કરોડો રૂપિયાની મિલ્કતો પર હવે બીજાઓની નજરો પડવા માંડી હોવાનું જણાવી ઉમેર્યું હતું કે, ઔડાની હદમાં ઝુંડાલ ગામના સર્વે નંબર ૮૭ની કરોડો રૂપિયાની નિગમની અનામત રાખેલી જમીન ગત તા. ૨૧-૧૦-૨૦૧૪ના રોજ નર્મદા નિગમ પાસેથી લઈને મહેસૂલ વિભાગે જી.આર. કર્યો અને આ જમીન હાઉસિંગ બોર્ડના હવાલે મૂકી દીધી ત્યારે મારી માંગણી છે કે, **આ કરોડો રૂપિયાની જમીનની હરાજી કરી એ નાણાં કચ્છને એક મિલિયન એકર ફીટ વધારાનું પાણી આપવા માટે આપવા જોઈએ કે જેથી નર્મદાનું અને કચ્છનું હિત જળવાય.**

નર્મદા યોજનાને રાષ્ટ્રીય યોજના જાહેર કરવાની તેમણે વિનંતી કરતાં જણાવ્યું હતું કે કેનાલનું કુલ નેટવર્ક ૭૪,૬૨૭ કિ.મી.નું છે. જેમાંથી આજની તારીખે ૪૮,૩૧૬ કિ.મી.ની નર્મદા કેનાલનું કામ બાકી છે. એના માટે કોઈની મંજૂરીની જરૂર નહોતી. આ કામો તો રાજ્ય સરકારે જ કરવાના હતા. આજે તવા, બાગડી, ઓમકારેશ્વર ડૅમ, નર્મદા સાગર, ઇન્દિરા સાગર ડૅમ – એવા પાંચ ડૅમો વીજળી ઉત્પાદન કરી પાણી છોડે છે એ પાણી દરિયામાં જવાને બદલે આપણે ખેડૂતોના ખેતરો સુધી પહોંચાડી શક્યા હોત, પણ એ કેનાલના અભાવે પહોંચાડી શકાયું નથી. નહીં તો ખેડૂતની પરિસ્થિતિ કાંઈક જુદી જ હોત. ■

---

- ★ **આપણી સમક્ષ મીઠું મીઠું બોલે અને મનમાં દ્વેષ રાખે એના માટે એક સચોટ ગુજરાતી કહેવત છે : 'મોઢે સાકર ને પેટમાં કાતર.'**
- ★ **ભારતીય અર્થતંત્ર વિકાસ પામી રહ્યું છે, પરંતુ તે પૂરેપૂરું વિકસિત બન્યું નથી. ભારતીય નાગરિકોને જીવવા માટે અથવા રોજીરોટી કમાઈ લેવા માટેની પૂરતી સવલત હજી મળતી થઈ નથી.**
- ★ **આજે બાળકોને આપણે જે શિક્ષણ આપીએ છીએ તેનું છેક તળિયેથી વિશ્લેષણ કરવું જોઈએ. બાળકોને અપાતું શિક્ષણ પ્રાકૃતિક છે કે સિન્થેટીક? તેની પણ ચર્ચા વિચારણા કરવી જોઈએ.**

---

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • મંગળવાર, તા. ૨૧-૪-૨૦૧૫ સવારે ૦૯.૦૦થી ૧૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત મેડિકલ સેન્ટર | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તબીબી સેવા સમિતિ | બોન મિનરલ ડેન્સિટી (BMD) ટેસ્ટ ૩૦ વર્ષથી ઉપરની કોઈપણ વ્યક્તિઓ માટે |
| • મંગળવાર, તા. ૨૧-૪-૨૦૧૫ બપોરના ૨.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ મહિલા ઉત્કર્ષ સમિતિ | સરપ્રાઈઝ ડેમોન્સ્ટ્રેશન સાથે ગેઈમ-શો. |
| • શુક્રવાર, તા. ૮-૫-૨૦૧૫ સાંજે ૪.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વયસ્ક સમિતિ | 'વીસરાતા સૂર' – ફિલ્મી ગીતોનો કાર્યક્રમ |

Return to The Nature....

Ananya ....THE HEALTHY LIVING....

NATUROPATHY • AYURVEDA • YOGA

ડાયાબિટીસ, બી.પી., મોટાપો, સંધિવા, થાઈરોઈડ, કબજીયાત, પાચનતંત્રના રોગો, સ્ત્રી રોગો, ડિપ્રેશન, માનસિક રોગો, હાર્ટ પ્રોબ્લેમ, એસીડિટી જેવા દરેક રોગોમાં નેચરોપેથી દ્વારા સારવાર....

ઉપલબ્ધ સારવાર :

- વોટર થેરાપી
- એક્યુપ્રેશર
- બસ્તી
- ડાયટ
- કાઉન્સેલિંગ
- મસાજ
- શિરોધારા
- રેકી
- યોગ





Body Service Programme 1999/-

Weight Loss Programme 5999/-

Relaxation Programme 5999/-

હેલ્થ કેર પ્રોડક્ટ્સ મળશે

અળસી, સ્ટીવિયા, ઘઉંના જ્વારા, નેચરલ પાવર, અમૃતધારા વગેરે....



Health @ Home : Shop Health Products online
www.ananyagroups.com

DR. RAGHAV PUJARA

2, Ravi Pushp Appartment, 1st Floor, Near Navneet House,
B/h. UCO Bank, Gurukul Road, Memnagar, Ahmedabad.
+91 99044 69844, 93779 01594 • E-mail : doctor@ananyagroups.com
10.30 a.m. to 7.30 p.m.

સંસ્થા / વ્યક્તિ વિશેષ

### કિડની ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી


# પદ્મશ્રીથી સન્માનિત ડૉ. એચ. એલ. ત્રિવેદી

• કિરણ ચાંપાનેરી 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર •

સ્થળ છે સુરેન્દ્રનગરનું રેલવે સ્ટેશન અને સમય હતો ૧૯૭૩નો. અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાંથી તબીબી વિજ્ઞાનનો અભ્યાસ કરીને મેકમાસ્ટર યુનિવર્સિટી, અમેરિકામાં જઈને સારી રીતે નામના પ્રાપ્ત કરનાર સૌરાષ્ટ્રના એક યુવાન ડૉક્ટરને સ્વાતંત્ર્ય સેનાની ત્ર્યંબકભાઈ પટેલ શીખ આપી રહ્યા હતા. "મને એક વાત સમજાતી નથી કે તમે જુવાનિયાઓ આખી દુનિયામાં તમારું કામ કરતા ફર્યા કરો છો જ્યારે તમારી ખરી જરૂર તમારા દેશમાં જ છે." તેના જવાબમાં ડોક્ટરે કહ્યું... "મારે અહીં આવીને શું કરવાનું? અમારે માટે અહીં કામ કરવાની તકો નથી અને આ દેશમાં અમારી રીતે અમે કામ કરી શકીએ નહીં. જ્યારે અમેરિકામાં એ મારા જેવા બહારથી આવેલા માટે પણ પૂરતી તક રહેલી હોય છે."

ત્ર્યંબકભાઈ : "ડૉક્ટર માટે તક એટલે શું? ડૉક્ટરને જોઈએ દર્દીઓનો સમૂહ. જે તેની સહાય માગી રહ્યો છે. તું એમ માને છે કે ભારતમાં એવા દર્દીઓ નથી જેને તારી મદદની જરૂર હોય. ડૉક્ટરો અહીં ભૂખે મરતા નથી. અમે આ દેશ માટે જેલમાં ગયા હતા અને હવે તમારી પેઢી પાસે અમે એક જ વસ્તુની માંગણી કરીએ છીએ કે તમે બધા પાછા આવો અને તમારી શ્રેષ્ઠ આવડતનો આ દેશના લોકો માટે ઉપયોગ કરો. તમારા લોકો પાસે આટલી માંગણી કરવી એ શું વધારે પડતું છે?"

સમય થઈ જતાં ગાડી ઉપડી જાય છે અને સંવાદ અધૂરો રહ્યો. પણ ગાડી અમદાવાદ પહોંચી ત્યાં સુધીમાં એ યુવાન ડોક્ટરની ભીતરમાં વિચારમંથન ચાલ્યું. અને અમેરિકા - કેનેડામાં મેક-માસ્ટર યુનિવર્સિટીમાં ડિરેક્ટર ઑફ રિજિયોનલ ટ્રાન્સપ્લાન્ટેશન સર્વિસનો હોદ્દો - ખુરશી,



**ડૉ. એચ. એલ. ત્રિવેદી**

વૈભવ - સમૃધ્ધિ છોડીને એ યુવાન ડૉક્ટર પોતાના દેશ બાંધવોને કિડની રોગોની સારવાર માટે ભારત દેશમાં પરત આવ્યા. અને એકાદ દાયકાના સંઘર્ષ પછી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં કિડની રોગોની સારવાર માટે અલગ અદ્યતન સુવિધા ધરાવતું દવાખાનું — સંસ્થા ઊભી કરી. આ ડૉક્ટરને દેશ બાંધવો પ્રત્યે આરોગ્યલક્ષી સેવાના ભગીરથ કાર્ય માટે તા. ૨૫-૧-૨૦૧૫ના રોજ પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા. પદ્મશ્રીનું સન્માન પ્રાપ્ત કરનાર એ ડૉક્ટર છે શ્રી હરગોવિંદ લક્ષ્મીશંકર ત્રિવેદી. જેમને સૌ કિડની દાદા - ડૉ. એચ.એલ. ત્રિવેદી તરીકે ઓળખે છે!

કિડની રોગની સારવાર અને કિડની પ્રત્યારોપણ ક્ષેત્રે દેશ અને દુનિયાભરમાં પ્રસિદ્ધિ પામનાર આ ડૉક્ટરનો જન્મ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકાના ચરાડવા ગામમાં માતા શારદાદેવીની કુખે તા. ૩૧-૮-૧૯૩૨ના રોજ થયો હતો. સંસ્કૃતનો સમૃદ્ધ વારસો ધરાવતા બ્રાહ્મણ પરિવારમાં તેમનો જન્મ અને ઉછેર થયો. પિતા લક્ષ્મીશંકર ત્રિવેદી શિક્ષક અને સામાજિક કાર્યકર હતા.

શ્રી હરગોવિંદનું પ્રાથમિક શિક્ષણ લુણસર, માંગરોળની કોરોનેશન હાઈસ્કૂલ અને વાંકાનેરમાં થયું. મોરબીની વી.સી. હાઈસ્કૂલમાંથી મેટ્રિકની પરીક્ષા ડિસ્ટીંક્શન માર્ક સાથે પાસ કરેલી. ત્યારબાદ રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજમાંથી વિજ્ઞાન પ્રવાહમાં બે વર્ષનો અભ્યાસ કરી અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાંથી ૧૯૫૮માં તબીબી શાખાનો છ વર્ષનો અભ્યાસ પૂર્ણ કર્યો. ૧૯૬૧માં જામનગરની એમ.પી. શાહ મેડિકલ કોલેજમાં જુનિયર લેક્ચરર તરીકે જોડાયા. આજ વર્ષમાં તા. ૧૩-૧૨-૧૯૬૧ના રોજ શારદાબેન (સુનીતાબેન) સાથે લગ્નગ્રંથિથી જોડાઈને પ્રભુતામાં પગલા માંડ્યા.

આપણા દેશમાં સામાન્યપણે અભ્યાસ પૂર્ણ કર્યા બાદ દરેક ડૉક્ટરનું સ્વપ્ન હોય છે — વિદેશ - અમેરિકા જવાનું. ડૉ. હરગોવિંદ પણ અમેરિકા જવા ઈચ્છતા હતા. અમેરિકા જવા માટે અમેરિકન એલચી કચેરી દ્વારા લેવાતી એજ્યુકેશનલ કાઉન્સિલ ફોર ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ્સ (ઈ.સી.એફ.એમ.જી.)ની પરીક્ષામાં ૯૬% ગુણ મેળવ્યા! અને કારકિર્દીમાં ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરવા માટે તેઓ ક્વીનલેન્ડની ભૂમિ પર પહોંચ્યા.

સને ૧૯૬૩માં ૨૭મી જૂને મુંબઈથી વિમાન દ્વારા ન્યુયોર્ક પહોંચ્યા. અમેરિકામાં અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો ખ્યાલ રજૂ કરતાં સુંદર પ્રતીક એવા સ્વાતંત્ર્ય દેવીના દર્શન કર્યા. તેના દર્શન કરી ક્લીવલેન્ડના પશ્ચિમ

*માત્ર કર્મકાંડમાં વ્યસ્ત થવું અને માનવીની સંવેદનાનો જરાપણ સ્પર્શ ન કરવો એ ધર્મ નથી, ધતિંગ છે.*

ભાગે આવેલ સુંદર પરગણાની લેઈકવુડની સાર્વજનિક હોસ્પિટલમાં તેમણે ત્રણ વરસ રેસીડેન્ટ ડોક્ટર તરીકે તાલીમ મેળવી. આ દરમ્યાન તેમની બદલાતી ફરજના ભાગરૂપે ક્લીવલેન્ડની વેટરન્સ એડમિનિસ્ટ્રેટીવ હોસ્પિટલમાં પણ કામ કર્યું. લેઈકવુડ હોસ્પિટલ અને વી.એ. હોસ્પિટલની ફરજ દરમ્યાન તે વખતના નામાંકિત અને તજજ્ઞ તબીબો સાથે કામ કરવાનો તેમને અવસર સાંપડ્યો. પ્રખ્યાત તબીબ વૈજ્ઞાનિકોમાં ડૉ. રમલકેમ્પ, ડૉ. ગિલિસ્પી, ડૉ. વિક્ટર હોસ્ટર, ડૉ. જેરી બોમ, ડૉ. ગાબુઝદા, ડૉ. ફિલીપ હોલ, ડૉ. વિક્ટર આદમ્સ, ડૉ. ડેવિડ જીન્સબર્ગ, ડૉ. હેમેન, ડૉ. ગોલ્ટબ્લાર, ડૉ. એસ. નાકામોટા અને ડૉ. વિલિયમ કોલ્ફ. તેમના કારકિર્દી ઘડતરમાં ડૉ. વિલિયમ કોલ્ફ, ડૉ. ડેવિડ જીન્સબર્ગ અને જહોન રીલીની ખૂબ મોટી અસર રહી.

લેઈકવુડ હોસ્પિટલ અને વી.એ. હોસ્પિટલમાં તેમણે ત્રણ વર્ષ રેસિડેન્ટ ડૉક્ટર તરીકે સખત મહેનત, પરિશ્રમ કરીને તાલીમ મેળવી અને અમેરિકન લોકોની કામ કરવાની ટેવોને આત્મસાત્ કરી. લેઈકવુડ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન એક દર્દીના મૃત્યુ સંદર્ભે હોસ્પિટલના ડિરેક્ટરને ખુલાસો આપવાને બદલે ચીફ રેસિડેન્ટ પદેથી રાજીનામું આપ્યું. ત્યારે ડૉ. લીએ તેમના રાજીનામાનો પત્ર ફાડી નાખતા બોલ્યા, ‘તમે તે કેવા પ્રકારના ડૉક્ટર છો? તમારા દર્દીઓ છેક સવારથી તમારી રાહ જોઈને બેઠા છે અને તમે કોલરૂમમાં જઈને નિરાંતે ઊંઘી રહ્યા છો! તમારું સ્ટેથોસ્કોપ ઉઠાવો, સફેદ ડગલો પહેરો અને મારી સાથે રાઉન્ડ લેવા ચાલો. તમારા જેવા માણસ માટે આવું ગાંડપણ કરવાનો આ સમય નથી.”.... રાજીનામાના વિચારની - વાત ઊડી ગઈ...

૧૯૬૦ના દાયકામાં કિડની રોગો, કિડની પ્રત્યારોપણ અને ડાયાલિસિસ અંગેના સંશોધનના પ્રારંભકાળે ડૉ. વિલિયમ કોલ્ફે કિડની અને અન્ય અંગ પ્રત્યારોપણ અંગે આગવું પ્રદાન કર્યું અને ડાયાલિસિસની સારવાર સામાન્ય માણસ સુધી પહોંચાડવાનું અને જેમની આર્થિક સ્થિતિ ખૂબ નબળી -



**શ્રીમતી જી.આર. દોશી એન્ડ શ્રીમતી કે.એમ. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર**
**ડો. એચ.એલ. ત્રિવેદી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીસ**
સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ-૩૮૦ ૦૧૬. ગુજરાત (ઈન્ડિયા)
ફોન : (૦૭૯) ૨૨૬૮૭૦૪૪, ૨૨૬૮૫૭૦૦

ખૂબ જ અપૂરતી હોય તેમને પણ આ પ્રકારની સારવાર મળી રહે તેવા ડૉ. વિલિયમ કોલ્ફની માનવીય અભિગમની વાતથી ડૉ. એચ.એલ. ત્રિવેદી પ્રેરાયા. અને પોતાના દેશમાં પણ કિડની રોગ સારવાર અંગેની સંસ્થા અને ગરીબ લોકોની સેવા કરવાના બીજ રોપાયા. આ બીજને પોષવાનું અને અંકુરિત કરવાનું કાર્ય કર્યું સ્વાતંત્ર્ય સેનાની ત્ર્યંબકભાઈ પટેલની ટકોરભરી વાણીએ!

ડૉ. એચ.એલ. ત્રિવેદી ૧૯૬૩માં શૈક્ષણિક સિદ્ધિઓ હાંસલ કરવા અને તબીબી ક્ષેત્રે વ્યવસાયીક નિપુણતા મેળવવા અમેરિકા ગયેલા. મેડિસીન અને નેફ્રોલોજી ક્ષેત્રે તેમણે સારી નામના પણ પ્રાપ્ત કરેલી. ચૌદ વર્ષ અમેરિકા - કેનેડામાં તબીબી ક્ષેત્રે સેવા આપી ત્યાંના લોકમાનસમાં અને ડૉક્ટરોમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કરનાર ડૉ. ત્રિવેદી ૧૯૭૭માં દેશબાંધવોની આરોગ્યની સેવાર્થે ભારત દેશમાં પરત આવે છે. તેમની પત્ની શારદાબેન સેન્ટ જહોન હોસ્પિટલમાં લેબોરેટરી ટેકનિશિયન તરીકે કામ કરતા અને તેમણે સાથી કર્મચારીઓ અને તબીબી ડૉક્ટરોનો પ્રેમ હાંસલ કરેલો.

દેશવાસીઓની આરોગ્ય ક્ષેત્રે સેવા કરવા આવનાર આ સેવાભાવી ડૉક્ટરના સંઘર્ષની શરૂઆત થઈ મુંબઈના એરપોર્ટ કસ્ટમ વિભાગથી. કેનેડાથી પોતાની સાથે ઘરવખરી, પુસ્તકો, ફર્નીચર વગેરે સાધનોને કસ્ટમમાંથી પસાર કરવા માટે કસ્ટમ અધિકારીએ રૂા. પંદર હજારની લાંચ માંગેલી અને રકઝકના અંતે રૂા. સાત હજાર આપીને પતાવટ કરવી પડેલી!

તા. ૧૭-૧-૧૯૭૭ના રોજ ડૉ. ત્રિવેદીએ અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજ ખાતે પ્રોફેસર ઓફ મેડિસીન (નેફ્રોલોજી) તરીકેનો ચાર્જ સંભાળ્યો અને મુખ્ય પરસાળમાં આવેલ એક ઓરડીમાં બેસીને પોતાની કામગીરીનો પ્રારંભ કરેલો. આ ઓરડી એટલે તેમની ઓફિસ! જેનો ઉપયોગ ઈલેક્ટ્રીકનો સામાન ભરવાના સ્ટોર તરીકે થતો અને ટેબલનો ઉપયોગ લેબોરેટરીના કર્મચારીઓ કોફી ટેબલ તરીકે કરતા! અને એક હાથો તૂટેલી ખુરશી પર બેસીને તેમણે આજે સર્જાયેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર (આઈ.કે.ડી. એન્ડ આર.સી.)ના સ્વપ્નને સાકાર કરવાનું મનમાં વિચાર્યું અને પ્રથમ દિવસે પોતાની ડાયરીમાં લખ્યું : આ સ્થળે જ આઈ.કે.ડી.આર.સી. ઊભું થશે. અને સતત દસ વર્ષના સંઘર્ષ પછી તેમનું સ્વપ્ન સાકાર થયું!

રાજ્યના બે-બે આરોગ્યપ્રધાન અને સેક્રેટરી ઑફ હેલ્થના સચિવો સાથે સતત

*આપણો પ્રેમ માત્ર પરિવાર પૂરતો સીમિત ન થઈ જાય તે ચિંતાનો વિષય છે.*

સંપર્ક સાધીને કિડની રોગ અને સારવાર સંસ્થાની ગરીબ લોકો માટેની જરૂરિયાતની વાત સમજાવતા રહ્યા. સને ૧૯૮૧થી આરોગ્યપ્રધાન શ્રી મનોહરસિંહજી જાડેજાને મળવાની, સમજાવવાની શરૂઆત કરેલી તે ૧૯૮૬માં આરોગ્ય પ્રધાન અને સહકારી અગ્રણી વલ્લભભાઈ પટેલના હસ્તે એનો અંત આવ્યો. વલ્લભભાઈએ સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં જમીન ફાળવી, મકાન બાંધકામ માટે મંજૂરી આપી અને અલગ કિડની સંસ્થાના કામકાજને સ્વાયત્તતા આપવામાં હકારાત્મક વલણ અપનાવ્યું. અને આ સંસ્થાના ડિરેક્ટર તરીકે ડૉ. એચ.એલ. ત્રિવેદીની નિમણૂક થઈ. આઈ.કે.ડી. એન્ડ આર.સી. ઊભું કરવાની ડૉ. એચ.એલ. ત્રિવેદીના પ્રયાસોમાં મેડિકલ માફિયાઓની ધમકીઓ, વિરોધીઓ - વિઘ્ન સંતોષીઓ દ્વારા ડૉ. ત્રિવેદી સાહેબની ઓફિસને સળગાવી અને ઘર તથા તેમના પરિવારને સળગાવવાની ધમકીઓ પણ આપી. વિરોધીઓએ ડૉ. ત્રિવેદીના વિરોધમાં ચોથા વર્ગના કર્મચારીઓને ભડકાવી હડતાલ પડાવી, પણ હજામના રૂપે ફરિશ્તો મદદે આવ્યો અને સત્યનો વિજય થયો!... સાચી હકીકત બહાર આવી. બીજા કોઈ ડૉક્ટર હોત તો આવા વ્યવહાર અને કડવા અનુભવથી પાછા અમેરિકા ચાલ્યા ગયા હોત અને પૈસા કમાવામાં પરોવાઈ ગયા હોત!

કિડની સંસ્થા માટે જમીન તો મળી પણ શૂન્યમાંથી દસ કરોડની દુનિયાની સૌથી મોટી સંસ્થાનું સર્જન કેવી રીતે કરવું? માનવતા અને સેવાના કાર્ય પૈસા વગર અટકતા નથી. દાનની પહેલ કરી તેમના સહાધ્યાયીએ. ડૉ. ત્રિવેદીના આ કાર્યમાં તેમના વાંકાનેરના સહાધ્યાયી અને મુંબઈમાં ગૃહ સજાવટના વ્યવસાયમાં વેપારી શ્રી રસિક દોશીએ રૂપિયા પચાસ લાખનું અને હીરાના વેપારી મફતલાલ મહેતાએ પચાસ લાખનું દાન આપ્યું. સને ૧૯૮૯ના એપ્રિલમાં રાજ્યના ગવર્નર શ્રી આર.કે. ત્રિવેદીના હસ્તે આ સંસ્થાનું શિલારોપણ થયું અને નામ રખાયું શ્રીમતી ગુલાલબહેન રસિકલાલ દોશી અને શ્રીમતી કમળાબેન મફતલાલ મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર. અને ૨૦૦૬માં આ સંસ્થાના ટ્રાન્સપ્લાન્ટેશન સાથે તેમનું નામ જોડીને તેમને સન્માનિત કરવામાં આવ્યા. આ સંસ્થાનું નામ રખાયું ડૉ. એચ.એલ. ત્રિવેદી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીસ સેન્ટર. ૪૫૦ પથારીવાળી દુનિયાની સૌથી મોટી કિડની હોસ્પિટલનું નિર્માણ થયું.

ડૉ. એચ.એલ. ત્રિવેદીના સતત સખત પરિશ્રમ અને સમજાવટના અંતે ૧૯૮૧માં કિડની માટેની અલગ સંસ્થાને ગુજરાત સરકારે મંજૂરી આપી. આ ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ અને રિસર્ચ સેન્ટર (આઈ.કે.ડી. અને આર.સી.)ના પ્રથમ ડિરેક્ટર નિમાયા ડૉ. એચ.એલ. ત્રિવેદી! તા. ૭-૧૦-૧૯૮૧ના રોજ મંજૂરી મળી અને ૮મી ઓક્ટોબરે ડૉ. ત્રિવેદી તેમની ઓફિસમાં જઈને બેસે છે અને પોતાની ડાયરીમાં કંઈક આ રીતે ટપકાવે છે : "આજે સંસ્થાના ડિરેક્ટર તરીકેનો મારો પહેલો દિવસ છે. ૧૯૭૭ની ૧૭મી જૂને મેં નેફ્રોલોજી વિભાગમાં પ્રોફેસર તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. આ સંસ્થા ઊભી કરવા માટે સરકારના ગળે વાત ઉતારવામાં પાંચ વર્ષ જેટલો સમય વિતી ગયો. હું ખાનગી ક્ષેત્રમાં કામ કરી શક્યો હોત પણ એમાં ઘણાબધા જરૂરિયાતવાળા ગરીબ દર્દીઓ સારવારથી વંચિત રહી ગયા હોત. ભારતમાં મને ખાતરી થઈ છે કે ગરીબ દર્દીઓની સારવાર માટે સરકારી આર્થિક સહાય અતિ આવશ્યક છે. તળિયાની રેખા તો હોવી જ જોઈએ. સરકારને વચ્ચે રાખો પણ તમારી કામ કરવાની સ્વતંત્રતા મેળવી લો. શક્ય છે કે અંતમાં આર્થિક સ્વાયત્તતા પણ સિદ્ધ થઈ શકે. મેં મારી જિંદગીમાં ઘણી બધી હોસ્પિટલોમાં કામ કર્યું છે. દા.ત. સરકારી હોસ્પિટલો, સાર્વજનિક હોસ્પિટલો, સખાવતથી ચલાવાતી હોસ્પિટલો... પણ ઉત્તર અમેરિકાની યુનિવર્સિટીની શૈક્ષણિક હોસ્પિટલો ઘણી રીતે શ્રેષ્ઠ છે. મેં આ સંસ્થાને એ દિશામાં આગળ ધપાવવાનો નિર્ણય કર્યો છે."

...સંસ્થાની સ્થાપના ૧૯૮૧માં થઈ અને કિડની પ્રત્યારોપણનો કાર્યક્રમ ફરીવાર શરૂ કરતાં ત્રણેક વર્ષ લાગ્યા. ડૉ. એચ.એલ. ત્રિવેદી મેકમાસ્ટર ખાતે નેફ્રોલોજી વિભાગમાં પ્રત્યારોપણ માટેની ટુકડીના કાર્યશીલ સભ્ય હતા. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં નેફ્રોલોજી વિભાગમાં ગુજરાત રાજ્યનું પહેલું કિડની પ્રત્યારોપણ ૧૯૭૮માં થયું. ડૉ. ત્રિવેદી અને તેમની ટીમે સિવિલ હોસ્પિટલના મુખ્ય ઑપરેશન થિયેટરમાં એક જીવંત સંબંધિત વ્યક્તિમાં કરાયેલું એ પ્રત્યારોપણ હતું. જેમાં એક બહેનની કિડની એના ભાઈમાં આરોપવામાં આવી હતી. આ પ્રત્યારોપણમાં મુંબઈના ડૉ. દસ્તુરની મદદ લેવાઈ હતી.

ડૉ. એચ. એલ. ત્રિવેદીના ગરીબો માટેના આરોગ્યલક્ષી કિડની સારવારના આ ભગીરથ યજ્ઞમાં ડૉ. એસ.એમ. પટેલ, ડૉ. વીણા શાહ, ડૉ. વિનીત શાહ, ડૉ. શૈલેષ શાહ, ડૉ. પંકજ શાહ વગેરે ડૉક્ટરોની ટુકડીએ સહયોગ આપ્યો અને આમ ૧૯૮૪ સુધીમાં સંસ્થાની પોતાની સર્જનોની ટુકડી, એનેસ્થેશિયાની ટુકડી અને નેફ્રોલોજિસ્ટની ટુકડી તૈયાર થઈ ગઈ. પ્રત્યારોપણ કાર્યક્રમ માટે સજ્જતા પ્રાપ્ત કરી લીધી.

ડૉ. ત્રિવેદી સાહેબે પ્રત્યારોપણ અને ડાયાલિસિસના ક્ષેત્રમાં પચાસથી વધુ વર્ષથી કાર્યરત છે. તેમણે અત્યાર સુધીમાં કિડની પ્રત્યારોપણના હજારો દર્દીઓ જોયા છે અને હજારો દર્દીઓને ડાયાલિસિસની મદદથી સારવાર આપી છે. ઓગસ્ટ ૨૦૧૪ સુધીમાં તેમના હસ્તે ૪૦૭૦ કિડની પ્રત્યારોપણ, ૪૫૨ કેડેવર અવયવ પ્રત્યારોપણ, ૮૨ લીવર પ્રત્યારોપણ કર્યા છે.

ડૉ. એચ.એલ. ત્રિવેદી અંગે મેકમાસ્ટર યુનિવર્સિટીની સેન્ટ જોસેફ હોસ્પિટલના પ્રો. વિલિયમ ગોલ્ડબર્ગ કહે છે – "તમે અહીં હો કે બીજે ક્યાંય પણ હો, પણ સૌથી પહેલાં તો તમે એક ઉત્કૃષ્ટ કક્ષાના તબીબ જ રહેવાના." અને ખરેખર આજે ૮૩ વર્ષે તેઓ કિડની હોસ્પિટલોમાં સવારે ડોક્ટરોની ટીમ સાથે દર્દીઓને તપાસવા, ખબર પૂછવા નીકળી પડે છે.

ડૉ. એચ.એલ. ત્રિવેદીએ પુરુષાર્થ,

*અનુભવ એટલે જેના ઉપર બાંધકામ કરવાનું હોય એવી કમાન.*

મહેનત કરીને માનવજાતને ઉપયોગી એવા આરોગ્યલક્ષી અનેક સંશોધનો કર્યા છે. જેમાં જૂન-૨૦૦૨માં સ્ટેમસેલ પ્રત્યારોપણ, નવેમ્બર-૨૦૦૫માં હ્યુમન એમ્બ્રોનિક સ્ટેમસેલ, જુલાઈ-૨૦૦૬માં કિડનીની સાથે સ્ટેમસેલ, ઓક્ટોબર-૨૦૦૬માં પેરાપ્લેજિયાના દર્દીઓ માટે સ્ટેમસેલ, માર્ચ-૨૦૦૭માં કિડની દાતાના શરીરની ચરબી વડે સ્ટેમસેલ શોધ, જૂન-૨૦૦૭માં મિઝન કાયમલ સ્ટેમસેલ અને કિડની સાથે થાયમસનું પ્રત્યારોપણ, ઓગસ્ટ-૨૦૦૭માં માનવીની ચરબીમાંથી ઈન્સ્યુલીનના સ્ટેમસેલ, ફેબ્રુઆરી-૨૦૦૮માં દવા વિનાનાં કિડની પ્રત્યારોપણ, જુલાઈ-૨૦૦૯માં હૃદયના દર્દીઓ માટે સ્ટેમસેલ જેવા સંશોધનોની ભેટ તબીબી ક્ષેત્રે આપ્યા છે.

આરોગ્યલક્ષી કામગીરી માટે અને જરૂરતમંદ ગરીબ દર્દીઓને સરળતાથી તબીબી સારવાર મળી રહે તે માટે ડૉ. ત્રિવેદીએ ૧૯૮૧માં ઈન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, ૧૯૮૬માં ઈન્ડિયન સોસાયટી ઓફ ઑર્ગન ટ્રાન્સપ્લાન્ટેશન, ૧૯૮૭માં પ્રથમ કેડેવર - 'નોન હાર્ટ બીટિંગ' કિડની પ્રત્યારોપણ, ૧૯૯૭માં ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીસ, તબીબી ક્ષેત્રે આગવું શ્રેષ્ઠત્તમ કાર્ય કરનાર ડૉક્ટરોને સન્માનિત કરવા માટે ૧૯૯૮માં મહર્ષિ સુશ્રુત ઍવોર્ડની સ્થાપના, ૨૦૦૫માં સાંદીપની ઋષિ જ્ઞાનપીઠ ઍવોર્ડ અને ૨૦૦૬માં દધીચિ ઋષિ સન્માન, ૨૦૦૭માં ભગવાન મહાવીર કરુણા સેવા સન્માનનો આરંભ, ટ્રાન્સપ્લાન્ટેશન ટાવરની રચના અને ડૉ. એચ.એલ. ત્રિવેદી સુવર્ણ ચંદ્રકની સ્થાપના, ૨૦૦૮માં પબ્લિક સેક્ટરમાં દેશમાં પ્રથમ લીવર ટ્રાન્સપ્લાન્ટેશનનો પ્રારંભ, ૨૦૧૦માં વિશ્વ કિડની દિને એક દિવસમાં ૧૦ કિડની, ૧ લીવર અને ૨ કેડેવર કિડની પ્રત્યારોપણ કરી વિશ્વવિક્રમ સર્જેલ છે.

કોઈપણ વ્યક્તિ ઉમદા અને માનવીય ઉત્કર્ષ માટે પરિશ્રમ કરી સમાજ ઉપયોગી કાર્ય કરે ત્યારે સમાજ તેની નોંધ લઈને સેવાભાવી વ્યક્તિને સન્માનિત કરે છે. વિવિધ સંસ્થાઓ અને સમાજ અને સરકાર દ્વારા ડૉ. એચ.એલ. ત્રિવેદીને તેમના કિડની રોગો અંગેની સારવાર માટે ૧૩થી વધુ નાનામોટા સન્માનો - ઍવોર્ડો મળ્યા છે. જેમાં ૧૯૯૦માં વિજયશ્રી ઍવોર્ડ 'ઈન્ટરનેશનલ ફ્રેન્ડશીપ સોસાયટી ઓફ ઈન્ડિયા, વિકાસ રત્ન ઍવોર્ડ - ૧૯૯૨, ગુજરાત સરકાર દ્વારા શ્રી મગનભાઈ દેસાઈ ઍવોર્ડ - ૧૯૯૬, ગુજરાત સરકાર દ્વારા પુરસ્કાર ઍવોર્ડ - ૨૦૦૦, ડૉ. એચ.એલ. ત્રિવેદીને સો સર્વોત્તમ પાવરફુલ લોકોમાં 'દિવ્ય ભાસ્કર' દ્વારા ૨૦૦૬, ૨૦૦૮ તથા ૨૦૧૧માં સન્માનિત કરવામાં આવેલ. ૨૦૦૭માં 'લાઈફટાઈમ એચિવમેન્ટ ઍવોર્ડ' મદ્રાસ કિડની ટ્રસ્ટ એન્ડ હાઈપરટેન્શન રિસર્ચ ફાઉન્ડેશન બાલાજી ગોલ્ડ મેડલ - શ્રી વેંકટેશ્વર યુનિવર્સિટી તિરૂપતિ. ૨૦૦૯માં (૧) છત્રપતિ શાહુજી મહારાજ યુનિવર્સિટી, લખનૌમાં ડૉ. એચ.એલ. ત્રિવેદીને 'ડૉક્ટર ઑફ સાયન્સીઝ', (૨) 'માનવભૂષણ' પદથી 'ગુજરાત દિવ્ય જીવન સંઘ' દ્વારા ગુજરાત સરકારના રાજયપાલ માનનીય શ્રી નવલકિશોર શર્મા દ્વારા સન્માનિત. (૩) લાઈફટાઈમ ઍચિવમેન્ટ ઍવોર્ડ, ગોહાટી. (૪) સુરત ખાતે માતુશ્રી સંતોકબા માનવરત્ન પારિતોષિકથી સંતશ્રી પૂ. મોરારિબાપુના શુભ હસ્તે પારિતોષિક એનાયત થયું. ૨૦૧૦ જગદ્‌ગુરૂ પૂ. શંકરાચાર્ય શ્રી જયેન્દ્ર સરસ્વતીજીના જન્મદિવસે વિશેષ સન્માન અને તેઓની છબી માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે અર્પણ કરવામાં આવી. ૨૦૧૧માં (૧) વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા 'શ્રી કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા' ઍવોર્ડ, અમદાવાદ (૨) ICICI Lombard & CNBC TV-18 દ્વારા બેસ્ટ સીંગલ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલમાં નેફ્રોલોજી - યુરોલોજીમાં 'ભારતીય હેલ્થ કેર-૨૦૧૧'નો ઍવોર્ડ, નવી દિલ્હી. (૩) એન.કે. પતંગ અસ્મિતા ઍવોર્ડ - અમદાવાદ, (૪) તબીબી શ્રેષ્ઠતા માટે 'રાષ્ટ્રીય ઍચિવમેન્ટ ઍવોર્ડ' - મુંબઈ. (૫) 'ડૉક્ટર દિવસ' માટે વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા ઍવોર્ડ - વડોદરા. ૨૦૧૩માં (૧) 'ધ રેની અબ્રાહમ ટેન્કર ફાઉન્ડેશન' લવ ફોર સર્વિસ ઍવોર્ડ, ચેન્નાઈ (૨) ICICI Lombard & CNBC TV-18 દ્વારા સીંગલ સુપર સ્પેશિયાલિટી નેફ્રોલોજી હોસ્પિટલ ઍવોર્ડ - નવી દિલ્હી, (૩) ગુજરાત ઈનોવેશન સોસાયટી તરફથી 'ગુજરાત રત્ન' ઍવોર્ડ. ૨૦૧૪માં (૧) આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા 'આરોગ્ય સેવાઓમાં શ્રેષ્ઠતા ઍવોર્ડ' અમદાવાદ, (૨) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 'સંસ્કાર ચોરો' ઍવોર્ડ અને તા. ૨૫-૧-૨૦૧૫ના રોજ ભારત સરકાર દ્વારા પદ્મશ્રીથી સન્માનિત કરાયા!

ડૉ. ત્રિવેદીના ૧૫૯ જેટલા કિડની રોગ અને આરોગ્યલક્ષી સંશોધિત પેપર પ્રકાશિત થયા છે. ૬૬ જેટલા નેશનલ અને ઈન્ટરનેશનલ વ્યાખ્યાનો આપ્યા છે. તેમણે લખેલ અંગ્રેજી આત્મકથા 'Tryst with Destiny' જેનો ડૉ. શરદ ઠાકરે 'પુરુષાર્થ પોતાનો : પ્રસાદ પ્રભુનો' નામે ગુજરાતીમાં અનુવાદ કર્યો છે.

ડૉ. એચ. એલ. ત્રિવેદી સાહેબે આજે તેમની મહેનતથી IKDRC-ITSની સ્થાપના કરીને એક સ્વર્ગ ઊભું કર્યું છે, જેનો લાભ લાખો કિડની દર્દીઓ લઈ રહ્યા છે. આજે તેમની મહેનત અને ધગશથી તેમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત થઈ છે. સિવિલની પાસે જ મંજુશ્રી મિલના કમ્પાઉન્ડમાં ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા કુલ ૧૦૦૦ પથારીની સગવડતાવાળી ૧૧ માળની કિડની હોસ્પિટલનું ખાતમુહૂર્ત તા. ૩-૩-૨૦૧૪ના આરોગ્ય મંત્રીશ્રી નીતિન પટેલના હસ્તે થયું.

***ન ત્વહમ્ કામયે રાજ્યમ્ ન સ્વર્ગમ્ ન પુનર્ભવમ્ ।***
***કામયે દુઃખ તપ્તાનામ્ પ્રાણીનામાર્ત નાશનમ્ ॥***

અર્થાત્ મારે રાજ્યની એષણા નથી, સ્વર્ગની ઈચ્છા નથી, મારે પુનર્જન્મ નથી જોઈતો, મારી માત્ર અને માત્ર એક જ ઈચ્છા છે લોકોના દુઃખદર્દને દૂર કરવાની.... આ છે ડૉ. હરગોવિંદ લક્ષ્મીશંકર ત્રિવેદી સાહેબની અંતઃકરણની એષણા. તેમની ભાવના અને કાર્યને શત્ શત્ વંદન....

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. : ૯૬૬૨૮ ૩૩૨૬૮*

*અરાજકતા, એ સરમુખત્યારશાહી સ્થાપવાનું પહેલું પગલું છે.*

વિચાર મંથન

# ધારે ચાલવું

● ડૉ. ગિરીશ વીછીવોરા ●

ધાર, કોર, કરાડ, અણી નામરૂપ ઝુઝવા, અંતે તો હેમનું હેમ હોયે. માફક જ નામ અલગ, રૂપ એક જ. ધાર શસ્ત્ર - તલવારની હોઈ શકે, કોઈપણ અણીદાર વસ્તુ ચપ્પુ કાતરની પણ હોઈ શકે, ખાંડાની હોઈ શકે, પહાડની ધાર, ભેખડની ધાર કે ખીણની ધાર, અંતે કોઈ પણ વસ્તુની કોર – અણીદાર છેડો. શસ્ત્રની ધાર કાપવા માટે, ચપ્પુની શાકભાજી કે ફળ કાપવા, કાતરની કશુંક કાપવા; તો પહાડ, ભેખડ કે ખીણની શેના માટે હોય છે! કંઈ નકામું નથી.

કોઈ પણ અઘરું કામ, જોખમકારક સાહસ, પ્રામાણિકતા યા અન્યથી અલગ - ટોળાથી અલગ થઈ કંઈ અલાયદું કરવા વ્યક્તિ સાહસ કરે છે ત્યારે તેનો રસ્તો 'ખાંડા ધારે' ચાલવાનો હોય છે. ખાંડાની ધાર ભેખડ કે ખીણ હોઈ શકે.

**વ્યક્તિ સમાજનું એક અંગ છે. સમાજ મનુષ્ય વસાહતનું એક અભેદ ઘટક છે.** એના પોતાના ધારાધોરણ, નિયમો ને નિષેધો છે, જે બહુધા સર્વમાન્ય હોય છે. સૌ સ્વીકારે છે કે સમાજના વડીલો ધરપતથી બધું સમું સુતરું ચાલે છે તેમ સમજી સંતોષનો ઓડકાર ખાય છે. સમય બળવાન છે. સમય ક્યારેય સ્થિર રહેતો નથી. એ ચર છે. **બદલાતો સમય મનુષ્યના વાણી, વર્તન, વિચાર પર અસર કરતો જ રહે છે. અસર સારી કે માઠી એ અલગ વાત થઈ. અસર થાય છે તે હકીકત છે. આવા ફેરફાર બહુધા જન સમુદાયના બહોળા વર્ગને સમજાતા નથી. સમાજના થોડાક સભ્યો હોય જ છે જેમની વિચારધારા સમયાધીન નથી હોતી.** સમયની આગળ પણ હોય છે. જેમ દશ્યને આવનારા સમયના - ભવિષ્યના એંધાણ વહેલા વરતાય છે તેમ આવા લોકોને કોઈ ફેરફારની જરૂરત વહેલી સમજાય છે. ઘેટાના ટોળાથી કોઈક અલેલ ટપ્પુ ઘેટું અલગ થઈ રસ્તાની ધારે - કોરે ચાલતું રહી, સૌના બેં બેં અવાજમાં ન ભળતાં પોતાનો એક અલગ સ્વર ઉપસાવતું રહે છે તેવા જ આ લોકો છે. સમાજના ગાડરિયા પ્રવાહથી તેમની વિચારધારા અલગ હોય છે. કારણ, **તેઓને ભવિષ્યનું - આગળનું વધુ ને વહેલું દેખાય છે. સહેજે આવા લોકો જૂજ હોય છે.** એમના ટોળા હોતા નથી. વિચારધારા અલગ હોતાં બહુધા ટોળાનું એક અંગ થઈ શકતા નથી. ટોળામાં ક્યારેક ભલે સાથે ચાલતા હોય, વિચારથી અલગ જ હોય છે. આવા લોકોની વિચારધારા સમયથી ઘણી આગળ હોય છે. તેઓ ભવિષ્યવેત્તા હોય છે. સમાજના વડીલો તો ઠીક, સામાન્ય સભ્યો તેમની આવી વિચારધારાનો સ્વીકાર કરી શકતા નથી. ફળ સ્વરૂપ બહુધા તેઓ સમાજની બહાર ફેંકાઈ જાય છે. ઘેટાના ટોળાથી અલગ રહેલું પેલું એકલપંથી ઘેટું જેમ કોઈની પરવા કરતું નથી, તેમ આવા લોકોને પણ પોતે એકલા થઈ ગયા તેની પરવા હોતી નથી. કારણ, તેઓને પોતાના મંતવ્યની યોગ્યતાની ગળા સુધી ખાતરી હોય છે. **તેમની નેમ ઉમદા જ હોય છે. કરુણાભાવથી સમાજના અન્ય સભ્યોનું હિત એમને હૈયે વસેલું હોય છે.** એટલે આવી નડતરની તેઓ પરવા કરતા નથી. અલબત્ત એકલા થતાં, અવગણના થતાં, ક્યારેક નકામા, બાલીશ આક્ષેપ કે આરોપ પણ સમાજના અન્ય સભ્યો એમના પર મૂકશે. એમની અદેખાઈ કરશે. ક્યારેક હિંસક થઈ શારીરિક ઈજા પણ કરી બેસશે. આવા એકલપંથી, ધૂની એકલવીરને એની પરવા નથી. **અલબત્ત તેમનો માર્ગ ખાંડાધારે ચાલવાનો થઈ જાય છે. પર્વતની કોરે કે કરાડે ચાલતાં જરા ડગ ખસ્યો કે મામલો ખતમ. તેવું જ અહીં થાય છે.** છતાં જે પોતાનાં મંતવ્યમાં અડીખમ છે, એને ભવિષ્યની ઉજળી બાજું ચોક્ખી ચણક દેખાય છે. તે આવી ધાર, કોર કે કરાડ પર અડગ ચાલી, અવરોધો અવગણી વિજયી થશે.

જીવનના હર ક્ષેત્રમાં આવા એકલવીર પાકે છે. બહુધા એમની વિચારધારા સમયથી એટલી આગળ હોય છે કે બહોળા વર્ગને એ અસ્વીકાર્ય હોય છે. સચ્ચાઈ એમની સાથે હોય છે. એટલે જ તેઓ ક્યારેય પાછી પાની કરતા નથી. સત્ય - સચ્ચાઈ એક એવો ગુણ છે જેમાં દેવાંશી તત્ત્વ રહેલું છે. **જે વ્યક્તિનું મન નિર્મળ હોય, વિચારધારા ઉચ્ચ હોય, જેના હૈયે જનહિત જડિત હોય તે બહુધા સાચુકલો હોય છે.** આવા ગુણ જેમાં સ્થાયી થયા હોય તે લુચ્ચો, લેભાગુ કે ઢોંગી ન જ હોઈ શકે. જેના પક્ષે સત્ય છે તે કોઈથી ડરતો નથી. પોતાના પ્રાણની આહુતિ આપી દેશે, પણ ચલિત નહિ થાય. આવા લોક જ ખરા પથદર્શક છે, ખરા જનહિતેચ્છુ છે, ખરા નાયક છે. **લોક સમૂહમાંથી નીકળેલા આવા થોડાક લોકોને લીધે જ માણસે પોતાની પ્રગતિ કરી છે.** આવા લોકોપયોગી થોડાક જ એવા સદ્ભાગી હોય છે જેમને એમની વિચારધારાની સમજણ એમની હયાતીમાં લોકોમાં ફેલાયેલી જોવા મળે છે. બહુધા એમની વિદાય પછી જ સમયાંતરે લોકો એમનું મૂલ્યાંકન કરતા થાય છે. ત્યારે એમની વિચારધારાનો સ્વીકાર તો થાય જ છે, સાથે સાથે એમનું યોગ્ય સ્મારક પણ ઊભું થઈ જાય છે. આવા સામાજિક કે રાજકીય દ્દષ્ટા પાકે જ છે. જે દેશમાં આવા દ્દષ્ટા પાક્યા તે ખરેખર નસીબદાર છે.

*અનુકરણ એટલે આપઘાત.*

વ્યક્તિ ક્યારેક પોતાની આત્મખોજ તરફ વળે છે. એ પોતાને જ પૂછતો થાય છે કે 'હું કોણ છું? Who am I?' નિજની ખોજ માટે ઘણા ઓલિયાઓ નીકળી પડે છે. એમાંના ઘણા એવા હોય છે જે રાજમહેલમાં મહાલતા હોય છે. કોઈ રાજા કે રાજકુંવર હોય. લગન લાગી નિજની ખોજ કરવાની, લગન અતિ તીવ્ર હોય તો ગૃહત્યાગ પણ કરશે. દુનિયાભરના મસીહાઓએ બહુધા ઘરની સુખ સગવડો, એશઆરામી ત્યજી, નિસર્ગની વાટ પકડી છે. નિસર્ગ, કુદરત એવી જગ્યા છે જ્યાં બધું સમ પર છે. નિસર્ગનું હર અંગ કુદરતના નિયમો સહજભાવ સ્વીકારી જન્મે છે, વધે છે ને વિલય પામે છે ત્યાં માનવ સંસ્કૃતિની કૃત્રિમતાને અન્ય અગવડો નથી. એટલે જ જે કુદરતમય થઈ શક્યો તેણે ખુદને ઓળખવાનો યોગ્ય માર્ગ ગ્રહણ કર્યો કહેવાય. એ માર્ગ જરા પણ સહેલો નથી. ત્યાં પણ ખાંડાની ધારે જ ચાલવાનું છે. જંગલનો કાયદો એટલે એક ઘા ને બે ટુકડા. જંગલી પ્રાણીઓ જંગલી જ છે. શરૂઆતમાં એણે સજાગ રહેવું જ પડે છે. અલબત્ત એવો સમય આવે છે જ્યારે એણે પોતે થઈ સ્વીકારેલી ખાંડાધારે ચાલતાં એ કંઈક પામે છે, કુદરતમય થઈ જાય છે. નિસર્ગનું એક અંગ થઈ જાય છે. નિસર્ગ એનો સંપૂર્ણ સ્વીકાર કરે છે ત્યારે એનામાં એવી આભા પ્રતિભા ઉપસે છે કે જંગલી જનાવરો કે અન્ય દુશ્મનો એનો સહજભાવે સ્વીકાર કરે છે. છતાં શરૂઆતની એની આત્મખોજની યાત્રા વિકટ જ હોય છે. ખાંડાની ધારે ચાલવાનું કહો, કરાડે ચાલવાનું કે ખીણે ખાબકવાનું, બધું સંભવિત હોય છે. **એ બધી આપત્તિ, વિપત્તિનો જે સ્વીકાર કરી, વિહાર કરી કાંઈક પામે છે, તે જ ખરો સત્યવાદી છે. તે જ ખરો ઉધ્ધારક છે, તે જ ખરો મસીહા છે.** કરુણાભાવે જ પોતાને જે લાધ્યું તેની લહાણ સર્વને કરતો રહે છે. માર્ગદર્શક, પથદર્શક સહેજે બની રહે છે. લોકો એને મહામાનવ માની પૂજતા થાય છે. આમ એક ધર્મની સ્થાપના થાય છે. દુનિયાના બધા ધર્મો આવી ખાંડાધારે ચાલી મસીહાઓએ પ્રસ્થાપ્યા છે. **શરૂઆતમાં બધા ધર્મ નિર્મળ ને સારા હતા. સમયાંતરે લોભી માનવે સંતો, મહંતો કે સાધુઓના સ્વાંગમાં એનું એક પંથ કે સંપ્રદાયમાં રૂપાંતર કર્યું. પોતાના લૌકિક લાભ માટે કંઈ કેટલાયે વિધિવિધાન, પૂજા, અર્ચના દાખલ કર્યા. ધર્મનું ધોવાણ થયું.** વ્યાપારીકરણને ધર્માંધતા મસીહાઓ સ્વર્ગમાં બેઠા બેઠા નિહાળતા રહ્યા. એમને દહેશત છે કે કદાચ તેઓ ફરી મનુષ્યભવ લઈ પોતાના વિચારોનું ફરી પ્રતિપાદન કરશે તો કદાચ આ ધર્મધુરંધરો એમનો વિરોધ નહિ કરે, વધ કરશે.

*૫૦/૪, રામસદન,*
*બ્રાહ્મણવાડા, ક્રોસ રોડ, માટુંગા,*
*મુંબઈ-૪૦૦ ૦૧૯. મો. ૦૯૮૭૦૪૦૬૧૭૭*

**છગ્ગો**

એક બેટ્સમેનની પત્ની : 'જો કોઈ ખૂબસૂરત યુવાન મને ભગાડીને લઈ જઈ રહ્યો હોય તો તમે શું કરશો?'

'હું કહીશ કે ભગાડીને લઈ જવાની ક્યાં જરૂર છે. આરામથી લઈ જાને!' બેટ્સમેને છગ્ગો માર્યો.

**JETHABHAI DOONGARSHI TRANSPORT CO.**

**J. D. LOGISTICS**



**H.O. :** 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 • Fax : (020) 26434525 • E-mail : jdtcompany@gmail.com

**Admn. O. :** 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 • Fax : (022) 23451950 • E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

# મનુષ્યને મળેલ ઉત્તમ ભેટ : વિવેકબુદ્ધિ

• ડૉ. યાસીન દલાલ •

આપણે સતત, રાત-દિવસ ઊઠતાં બેસતાં, સંસ્કૃતિનાં ગુણગાન ગાતાં રહીએ છીએ. આપણી કહેવાતી સિદ્ધિઓ વિશે વારંવાર આપણે આપણી પીઠ થાબડીએ છીએ અને આપણી જાતને પ્રમાણપત્ર આપતા રહીએ છીએ. પશ્ચિમી સંસ્કૃતિ પતિત છે, ત્યાં નૈતિક મૂલ્યો નથી, આધ્યાત્મિક સુખ નથી, મનની શાંતિ નથી અને આપણે ત્યાં ધર્મ છે, આધ્યાત્મિકતા છે, મનની શાંતિ છે, એવી 'થિયરી'નો પ્રચાર આપણે ઢોલ વગાડીને વર્ષોથી કરતા આવ્યા છીએ. આપણા ગામો અને શહેરોમાં સતત નવાં નવાં મંદિરો, દેરાસરો ઊભાં થતાં રહે છે, એના ઉદ્‌ઘાટન સમારંભો યોજાય છે, એના ઉપર વિમાનોમાંથી પુષ્પવૃષ્ટિ કરવામાં આવે છે, ધાર્મિક શોભાયાત્રાઓ અને શતાબ્દીઓ અને દ્વિ-શતાબ્દીઓ પાછળ પણ અઢળક ધન ખર્ચાય છે અને હવે તો સરકાર પણ એમાં જાહેર તંત્ર અને સગવડો આપે છે.

**આવી ધાર્મિકતાના જાહેર પ્રદર્શનના પડદા પાછળ આપણે ત્યાં કેવો અધર્મ સતત, બિનરોકટોક, બેશરમ રીતે ચાલે છે? કુરિવાજો, ક્રૂરતા અને બર્બરતાને ધર્મના નામે આપણે રક્ષણ આપીએ છીએ.** દરેક પ્રકારની કુરૂઢિને પરંપરા અને ધર્મના આદેશનું કવચ ઓઢાડી દઈએ છીએ. કોઈ સ્ત્રીના પતિના મૃત્યુ સાથે ધાર્મિક આસ્થાને જોડી દેવાય એટલે પત્યું! કોઈ સ્ત્રીને એનો પતિ ત્યજી દે છતાં એને ભરણપોષણ મળતું હોય તે અમાનવીય રીતે બંધ કરી દેવામાં આવે અને એની પાછળ ધર્મના આદેશનું બહાનું ધરવામાં આવે. ધર્મને નામે જાહેર જમીન મિલકતો ઉપર પેશકદમી કરવાની છૂટ. ધર્મના નામે રસ્તાની વચ્ચે બધાને નડે એ રીતે કોઈ ધર્મસ્થાન ઊભું કરી શકાય. ધાર્મિક પર્વોની ઉજવણીના નામે ઘોંઘાટ અને કોલાહલ સર્જી શકાય. ઉત્સવોને નિમિત્ત બનાવીને અમૂલ્ય લાકડું અને બળતણનો વ્યય કરી શકાય. આખા રસ્તાઓ બંધ કરી શકાય. એક ધર્મસ્થાનમાં એક મોટા વાસણમાં પકવેલું ભોજન ખાવા લોકો એ વાસણમાં આખા અંદર ઊતરી જાય છે!

આપણે માણસ સિવાય દરેક પ્રાણીને પૂજીએ છીએ. પથ્થરને પણ પૂજીએ છીએ. એક પશુની હત્યા થાય એટલે ગામ આખામાં તંગદિલી ફેલાય અને એને પગલે જે તોફાનો ફાટી નીકળે, એમાં થોડા માણસો મરે ત્યારે એ તંગદિલી હળવી થાય! ધર્મ પ્રગટ્યો ત્યારે એક વિધાયક ઘટના તરીકે પ્રગટ્યો હતો. આજના વિશ્વમાં ધર્મ જેવી નકારાત્મક ઘટના કોઈ નથી. ધર્મે માણસમાં રહેલા એના પોતીકા વ્યક્તિત્વને મારી નાખ્યો. એના સ્વત્વને હણી લીધું. એની ખુદ્દારી અને ખુમારીને ખતમ કરી નાખી. **કદાચ એટલે જ ગાલીબે કહ્યું હતું, 'બંદગી મેં મેરા ભલા ન હુઆ.'**

આપણે આપણા પડોશીના ઘરમાં પ્રવેશ કરતાં પહેલાં એનો ધર્મ, જ્ઞાતિ, પ્રદેશ બધું બરાબર જાણી લઈએ છીએ. એના ઘરનું પાણી પિવાય એમ છે કે નહિ, એને ધર્મની સરાણ ઉપર ચડાવીને નક્કી કરી લઈએ છીએ. આવા પરિચય, આવા મિલનમાં માત્ર ઔપચારિકતા અને દંભ સિવાય કશું હોતું નથી. **ધર્મ માણસને જોડે કે જુદા પાડે?** ધર્મ માણસને એના પછાતપણા અને પ્રાકૃતપણાની કેદમાંથી બહાર આવવા દેતો નથી.

જે દેશમાં દરરોજ ક્યાંક ને ક્યાંક ધર્મને નામે બે પાંચ માણસોને મારી નાખવામાં આવે, એ દેશને ધાર્મિક કહેવડાવવાનો અધિકાર ખરો? જે દેશમાં દરરોજ કોઈને કોઈ ખૂણે પોલીસ ગોળીબારમાં બે-પાંચ માણસો મરી જતા હોય એ પ્રજાને પોતાને શાંતિપ્રિય તરીકે ઓળખાવવાનો અધિકાર ખરો? આપણી કહેવાતી આધ્યાત્મિકતા તો હવે મશ્કરીનો વિષય બની ગઈ છે. ભારતના લોકો લાખોની સંખ્યામાં અમેરિકા અને અખાતના દેશોમાં જાય એને ભુલાવી દઈને ત્યાંથી બે-પાંચ માથા ફરેલા લોકો આપણા દેશમાં આવીને કોઈ ધર્મગુરુના ચેલા બને ત્યારે આપણે આપણી આધ્યાત્મિકતાનું ગર્વ લેવા માંડીએ છીએ! પણ એ ધર્મગુરુ પોતે એરકન્ડિશન મશીન, રેફ્રિજરેટર અને ટેલિવિઝનની સંસ્કૃતિમાં રાચતા હોય છે! એમને ધર્મનો પ્રચાર કરવા માટે પશ્ચિમનાં બધા ભૌતિક સાધન સગવડોની ગરજ રહે છે! વીડિયો ઉપર કથા સાંભળીને મેળવેલું પુણ્ય કેટલું તકલાદી ગણાય!

**દરેક ચીજનો વેપાર કરનાર આપણી પ્રજાએ ધર્મને પણ નથી છોડ્યો.** મંદિરોમાં પ્રભુની આરતી અને પ્રસાદના પણ જુદા જુદા ભાવ નક્કી કરીને એનું પાટિયું મારવામાં આવે છે! પ્રભુના ઘરમાં પણ પૈસાની બોલબાલા! **પુણ્યનો પણ ચડાવો થાય અને પૈસાદાર વધુ પૈસા ખરચીને વધુ પુણ્ય ખરીદે.** આજના ધાર્મિકસ્થાનો પણ મોટાં સ્થાપિત હિતો બની ગયાં છે. એમની આવક અને મિલકત ઉપરથી એમની મહત્તા નક્કી થાય છે. **માણસ માણસ વચ્ચે ધર્મની દીવાલ આવીને ઊભી રહી ગઈ છે. ધર્મનાં સ્થાનો ઉપર અધર્મીઓએ અડ્ડો જમાવ્યો છે.** આજના ધર્મ ઉપદેશકો પણ જનસંપર્ક અને પ્રચારના આધુનિક કીમિયા અજમાવે છે અને ધર્મસ્થાનોને ફિલ્મી મનોરંજનની કક્ષાએ લઈ જઈને લોકરંજન કરે છે. આવી કથાઓ સાંભળવા જવું એ ફેશન બન્યું છે. **બધા પયગંબરો આજના ધર્મની અવદશા જોઈ શકત તો એકસામટા પોતાના ધર્મગ્રંથોને પાછા ખેંચી લેત. આપણાં દુઃખ-દર્દોનું ઓસડ ધર્મના એજન્ટો પાસે નથી એ સત્ય**

*બહાનું એટલે સફાઈપૂર્વક કરેલું અસત્ય.*

**આપણને ક્યારે સમજાશે?**

જો ધર્મસ્થાનો, પૂજાપાઠ અને હોમહવનોથી કલ્યાણ થતું હોય તો આપણા દેશમાં તો સ્વર્ગ ઊતર્યું હોત. સેંકડો સંપ્રદાયો અને પંથોવાળા દેશમાં શેરીએ શેરીએ ધર્મગુરુઓ, સાધુઓ, ફકીરો જોવા મળે છે. ડગલે ને પગલે મંદિર, મસ્જિદ જોવા મળે છે. નિતનવા સ્થળોએ ધૂન-ભજનો થાય છે. ભૂમિપૂજનની સાથે આપણે ચોપડાનું પણ પૂજન કરીએ છીએ! **આવા દેશમાં ગરીબી અને ભૂખમરો શા માટે હોય? આવા દેશમાં શા માટે વરસાદ જ ન પડે? શા માટે કુદરત આપણા ઉપર જ રૂઠે?** આવા સામાન્ય સવાલો આપણે આપણી જાતને પૂછતા નથી અને જેમ હતાશ થઈએ તેમ વધુ ને વધુ ધાર્મિક ક્રિયાકાંડોને શરણે જઈએ છીએ. મોરબીનાં બધાં ઘરોમાં પ્રવેશતાં પહેલાં લોકોએ ભૂમિપૂજન કર્યું હતું અને ભોપાલમાં ગેસ દુર્ઘટના સર્જાઈ એ દિવસે દોઢસો લગ્નનું મુહૂર્ત નક્કી થયું હતું! **જન્મકુંડળી મેળવીને થતાં લગ્નો પણ છ માસમાં તૂટી જાય છે!**

**સ્વતંત્ર વિચારશક્તિ અને વિવેકબુદ્ધિ એ મનુષ્યને મળેલ ઉત્તમ ભેટ છે પણ આપણે સ્વેચ્છાએ આપણી વિવેકબુદ્ધિ અને વ્યક્તિત્વને ધર્મને ચરણે ધરી દઈએ છીએ. ગેલેલિયો અને કોપરનિક્સે પોતાની વિવેકબુદ્ધિ અધર્મને ચરણે ધરી દીધી નહોતી. એમ હોત તો ઔદ્યોગિક ક્રાંતિનો પાયો જ ન મંડાત અને આપણે કોમ્પ્યુટર યુગમાં પ્રવેશ્યા ન હોત. ધર્મ કશુંક પ્રાપ્ત કરવાનું સાધન કે માધ્યમ બની શકે, પણ એ સાધ્ય કદી બની શકે નહીં.**

રામ જન્મભૂમિ અને બાબરી મસ્જિદની ચિંતા અયોધ્યાવાસીઓને નથી એટલી બહારના લોકોને છે! જ્યારે આ પ્રશ્ને કેટલાંક શહેરોમાં 'ધર્મયુદ્ધ' ખેલાઈ રહ્યું હતું ત્યારે અયોધ્યામાં સંપૂર્ણ શાંતિ પ્રવર્તતી હતી! **મસ્જિદ અને મંદિરમાં એકસરખો પથ્થર, સિમેન્ટ અને પાણી વપરાય છે... પણ ધર્મના ટેકેદારો જતે દહાડે મુસ્લિમ પથ્થર અને હિંદુ પથ્થરનું નિર્માણ કરશે! ડોક્ટરને ત્યાં આવતા દર્દીઓમાં મુસ્લિમ કેન્સર અને હિંદુ કેન્સરનું વર્ગીકરણ હોતું નથી! છતાં, આપણે 'પારસી મરણ' અને 'હિંદુ મરણ' જેવા લેબલ વડે મરણને પણ ધર્મશુદ્ધ બનાવ્યું છે!**

દુષ્કાળગ્રસ્ત દેશમાં ૨૧ લાખ રૂપિયાની રકમ હોમહવનમાં વાપરી શકાય છે અને વડાપ્રધાન જેવી વ્યક્તિ પણ એનો આશ્રય લઈ શકે છે! સુપર કોમ્પ્યુટરનો ઉપયોગ કદાચ આવા યજ્ઞો કઈ જગ્યાએ કરવા અને ક્યારે કરવા જોઈએ એ જાણવા માટે થશે. ધર્મનું વિજ્ઞાન અને યજ્ઞની ટેકનોલોજી! આપણે દુનિયાને ઘણું નવું આપી શકીએ તેમ છીએ.


દુનિયાના બે ધાર્મિક દેશો ધર્મના રક્ષણ માટે દસેક વર્ષથી લડાઈ ખેલી ચૂક્યા છે અને લાખો નિર્દોષ લોકોને મોતના મુખમાં ધકેલી ચૂક્યા છે. કરસનદાસ મૂળજીએ એકવાર ધર્મને નામે સ્ત્રીના શિયળ ઉપર થતું આક્રમણ રોકવા માટે જેહાદ જગાવવી પડી હતી. પોતાના દંભને ન્યાયી ઠેરવવા માટે ધર્માચાર્યોએ ખોટા શ્લોકો ઘડી કાઢ્યા હતા!

લોકો આવકવેરામાંથી મુક્તિ મેળવવા માટે ધર્મસ્થાનોને દાન આપે છે. પૈસા આપીને પુણ્ય ખરીદીએ એની પાકી પહોંચ મળે છે. ધર્મ ગમે તેવું શક્તિશાળી દૂરબીન બનાવે તો પણ એમાં સ્વર્ગ અને નરક દેખાવાનાં નથી એને માટે તો પરીકથાઓ અને દંતકથાઓનો જ આશરો લેવો પડે.

રોજના નિત્યક્રમમાં ઘડિયાળના કાંટાની સાથે આપણે ત્યાં ધર્મના ક્રિયાકાંડોનું પણ સાયુજ્ય રહ્યું છે. આટલાથી આટલા વાગે પૂજા કરવાની, બરાબર આટલા વાગે આરતી ઉતારવાની. **ધર્મ અને આધ્યાત્મિકતા એ સમયના ચોકઠામાં ગોઠવવાની વસ્તુ છે? એને મનુષ્યનાં મન અને મગજની સ્થિતિ સાથે કોઈ સંબંધ નથી?** એ ઓફિસમાં હાજરી આપવા અને સિનેમાનો શો શરૂ કરવા જેટલી કૃત્રિમ ચીજ છે?

ધર્મને નામે આપણે કેટલી મોટી માત્રામાં અધર્મ આચરીએ છીએ? બધાં પાપ ધર્મની શેતરંજીની હેઠળ છૂપાઈને પડ્યાં છે. આપણી શેતરંજી ઉપરથી બરોબર સાફ-સૂથરી અને ચળકાટવાળી રહે એની આપણને સતત ચિંતા છે. ધર્મના આવા વરવા અસ્તિત્વ છતાં સમાજ ટકી રહ્યો છે એ જ આશ્ચર્ય છે. જૂના મળને સાફ કરવા માટે આંતરડાં સંપૂર્ણ સાફ કરવાં પડે છે. બૌદ્ધિકતા રૂપી ઍનિમા લઈશું તો વૈચારિક સડો દૂર કરી શકીશું.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી, રાજકોટ-૩૬૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*




*પહેલાં અમારાં ટપાલ ખાતાના ટપાલીઓને યુવતી પ્રેમથી આવકારતી... કદાચ પ્રેમીએ પ્રેમસંદેશો લખ્યો હોય... પરંતુ મોબાઈલ આવ્યા પછી બધાનો દાટ વાળી નાખ્યો છે....*

*અતિ જ્ઞાન કરતાં અલ્પ જ્ઞાનમાં સલામતી છે.*

દર્પણ

# સિધ્ધાંત અને સંજોગો

• દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ •

એક વાચકે ફોન પર પૂછ્યું, 'તમે લખો છો તે પ્રમાણે જીવો છો ખરા?' એક ક્ષણ અમે વિચારમાં પડી ગયા. આજપર્યંત કોઈએ આવું પૂછ્યું નહોતું. પણ એમનો પ્રશ્ન ગમ્યો. વિશદ્ ચર્ચાવિચારણા માગી લે એવો આ પ્રશ્ન છે. કંઈક એવું સમજાય છે કે જીવવા અને લખવા વચ્ચે ઓકવા અને થૂંકવા જેવો તફાવત છે. માણસ પોતાની ઈચ્છા અનુસાર થૂંકી શકે, પણ ઓકવાનું એના હાથની વાત નથી. લેખક કોઈ ઘટનાને પોતાની ઈચ્છા પ્રમાણે શબ્દદેહ આપી શકે પણ જીવનનો આકાર ભાગ્યને આધિન હોય છે. **દરેક સત્ય વાત શક્ય હોતી નથી. લેખનમાં નીતિના પ્રસ્થાપિત મૂલ્યોનું યશોગાન કરવાનું હોય છે. પણ તે મુજબ જીવવાનું હંમેશાં શક્ય હોતું નથી.** ડોનેશન આપવું ખોટું છે એમ લખવું પડે...પણ ડોનેશન વિના ક્યાંય એડમિશન જ ના મળતું હોય તો દીકરાને અભણ રાખવાનું કોને પરવડે? બસમાં દરેક પેસેન્જરે પોતાના ટર્મ પ્રમાણે શિસ્તબદ્ધ રીતે લાઈનમાં ચઢવું જોઈએ એમ અમે ભલે લખીએ પણ એજ રીતે બસમાં પ્રવેશવાની જીદ પકડીએ તો સવારની સાંજ પડે તો ય કોઈ બસમાં ચઢી જ ના શકાય... એથી નાછૂટકે અમારે ય લોકોની ધક્કામુક્કી વચ્ચે કોણી મારીને ઘૂસવું પડે. પૂરી સિસ્ટમ મૂળથી જ ખોટી હોય તો આખું જગત જે રીતે રસ્તો કાઢે તે રીતે આપણે ય નાછૂટકે કાઢવો પડે. આપણું દિલ કહે કે આ ખોટું છે પણ રસ્તો જ વળાંકવાળો હોય તો સીધા માણસે પણ વંકાવું પડે. **વર્ષોથી વ્યવહારમાં જે ખોટી પ્રથા અમલમાં હોય તેને એક વ્યક્તિ તત્કાળ સુધારી ના શકે.**

કહેવું હોય તો એમ કહી શકાય, લખવા અને જીવવા વચ્ચે આયનામાં દેખાતા પ્રતિબિંબ અને કેમેરામાંથી નીકળતા ફોટા જેટલો તફાવત હોય છે. એક ગરીબ માણસ ફોટો પડાવવા જાય છે ત્યારે શૂટ પહેરીને પરદા પર ચીતરેલી કાર ચલાવતો હોય એ રીતે ફોટો પડાવે છે. પણ એના વાસ્તવિક જીવનમાં એ એની તૂટેલી સાઈકલ સાથે ઊભેલો જોવા મળે છે. સ્વપ્ન અને વાસ્તવિકતા વચ્ચે આભ ધરતી જેટલું અંતર હોય છે.

અમારા એક નાસ્તિક મિત્ર કદી મંદિરે જતા નથી પણ કોઈવાર પત્ની અને માતા ખૂબ આગ્રહ કરે તો મંદિરમાં જઈ ઈશ્વરને પ્રણામ કરે છે. સંસારમાં સ્વજનોના રાજીપાથીય ક્યારેક અનોખો આનંદ પ્રાપ્ત થાય છે. **'લાઈફ ઈઝ એન આર્ટ ઓફ એડજસ્ટમેન્ટ' એવું ના માનતા હોઈએ તોય થોડાક ફ્લેક્સિબલ થઈએ તો સૌના મન જીતી શકાય છે.** જીવન હંમેશાં આપણે માટે જ નહીં, ક્યારેક સ્વજનો માટે ય જીવવું પડે છે. એક વાર એક મહિલાએ આડકતરું શબ્દબાણ છોડ્યું હતું, 'લેખકો લખે તે પ્રમાણે જીવતા નથી!' લેખક લખે તે પ્રમાણે જીવવાનો આગ્રહ રાખે તો ક્યારેક કેવું જીવલેણ જોખમ ઊભું થાય છે તે અંગેનો એક સ્વાનુભવ અત્રે પ્રાસંગિક બનશે.

એકવાર અમે સ્કૂટર પર જતા હતા. અમારી પાછળ અમારા મિત્ર બચુભાઈ બેઠા હતાં. બન્યું એવું કે ઝૂંપડપટ્ટીનું નાનું છોકરું ઓચિંતુ રોડ પર ધસી આવ્યું ને સ્કૂટર જોડે જોરથી ટકરાયું. માથુ લોહીલુહાણ થઈ ગયું. અમે હેબતાઈ ગયા. બચુભાઈએ ચીસ જેવા અવાજે કહ્યું, 'ભાગો ભાગો...સ્કૂટર મારી મૂકો...જલદી કરો....!' પણ છોકરું તરફડવા લાગ્યું હતું. અમે બ્રેક મારી ગાડી ઊભી રાખી દીધી. વળતી જ મિનિટે આખી ઝૂંપડપટ્ટીના લોકો ભેગા થઈ ગયા. અમને મારવા લીધા. માર પડતો જ હતો ત્યાં એક ડોશીએ આગળ આવીને કહ્યું : 'થોભો...થોભો...એમની ભૂલ નથી. ભૂલ છોકરાની છે. મેં જોયું છે છોકરો દોડીને સ્કૂટર સામે ધસી ગયો હતો!' સદ્ભાગ્યે લોકો નરમ પડ્યા અને અમે માર ખાતા બચ્યાં. છોકરાને હોસ્પિટલ ભેગો કરી દવા વગેરેનો પૂરો ખર્ચ આપી અમે ઘરે આવ્યા.

સાંજે બચુભાઈ સહિત આખી મિત્રમંડળીએ અમારી ઝાટકણી કાઢતાં કહ્યું : 'તમે સ્કૂટર ઊભું રાખવાની મોટી ભૂલ કરી હતી. આવે સમયે સ્કૂટર મારી જ મૂકવું પડે. ઊભા રહીને માનવતા બતાવવા ગયા તો લોકો મારી જ નાખે!' પત્ની અને બાળકોએ પણ આક્રોશપૂર્વક કહ્યું, 'પેલી ડોશી આગળ ના આવી હોત તો લોકોએ તમને જીવતા ના છોડ્યા હોત...!' અમે કશું બોલ્યા વિના ચૂપચાપ વિચારી રહ્યા. કેવો વિચિત્ર વિરોધાભાસ હતો? આ દેશમાં રોડ પર બાળકોને કચડીને ભાગી જતાં લોકો વિશે અમે લેખોમાં ઘણી ટીકાઓ કરી છે. અમે ભારપૂર્વક લખતા આવ્યા છીએ કે અકસ્માતમાં ભૂલ ગમે તેની હોય પણ ઘવાયેલાને હોસ્પિટલમાં દાખલ કરાવવાની માનવતા સૌએ દાખવવી જોઈએ. અકસ્માત કરીને ભાગી છૂટવાનો પલાયનવાદ તો કદી ના આચરવો જોઈએ.' અમે અમારા લેખોમાં છાસવારે માનવતાની ગુલબાંગ પોકારતા રહીએ અને અકસ્માત ટાણે અમે પોતે જ સ્કૂટર ભગાડી મૂકીએ તો એનાથી મોટો દંભ બીજો કયો?

પણ ઠંડે કલેજે વિચારતાં અમને મિત્રોની વાત વ્યવહારુ લાગી. જ્યારે અમે સ્કૂટર થોભાવ્યું ત્યારે અમને ખબર નહોતી કે કોક ડોશી અમને બચાવી લેશે. અમે તો કેવળ માનવતાને નાતે સ્કૂટર થોભાવ્યું હતું. અમે જાણતા હતા કે અમારો કોઈ વાંક નહોતો. પરંતુ ક્ષણ અડધી ક્ષણમાં બની ગયેલી ઘટના તરફ લોકોનું ધ્યાન ના હોય અને છોકરાને લોહીલુહાણ થઈ ગયેલો નિહાળી લોકો તૂટી પડે. તે ક્ષણે ઉશ્કેરાયેલા ટોળાને અમે અમારી નિર્દોષતા શી રીતે

*બહાનું એટલે સફાઈપૂર્વક કરેલું અસત્ય. – જોન્સન સ્વિફ્ટ*

સમજાવી શકીએ? વાંક અમારો નહીં છોકરાનો જ હતો એમ કહીએ તો કોઈ માને ય ખરું? વળી જ્યાં બહુધા લોકો સાંજે પીતા હોય છે તેવા ઝૂંપડપટ્ટીના વિસ્તારમાં અમારી ઈમાનદારી કે સજ્જનતાની કેટલી કિંમત ઉપજી શકે તે પણ પ્રશ્ન હતો.

ખેર, અમેરિકામાં અકસ્માત થયા પછી લોકો રોડ પરથી ઊભા થઈ પહેલું કામ સામાને બહુ ઈજા તો નથી થઈને તે જોવાનું કરે છે. ત્યાં કદી અકસ્માત થયા પછી રોડ પર મારામારી થતી નથી. આપણે ત્યાં લોકો અકસ્માત શી રીતે થયો? કોની ભૂલ હતી તે વિશે કશું વિચારવા રોકાતા નથી. અને વાહનચાલક જ ગુનેગાર છે એવું એકપક્ષીય રીતે માની લઈને તેના પર તૂટી પડે છે. એ કારણે અકસ્માત થયા પછી ઘણા ડ્રાઈવરો વાહન છોડી ભાગી જઈ સીધા પોલીસ ચોકીમાં હાજર થઈ જાય છે. અમે સાચું કર્યું હતું કે ખોટું તે નક્કી કરવાનું કામ અમે મિત્રો પર છોડી દીધું...પણ મનના છાને ખૂણે આજેય એક પ્રશ્ન પીડે છે, સજ્જન અને ઈમાનદાર માણસે પણ અજાણપણે થઈ ગયેલા ગુના પછી પોતાનો જીવ બચાવવા ભાગી છૂટવું પડે એ સ્થિતિ માટે કોણ જવાબદાર? વધુ વેદના ત્યારે થાય છે જ્યારે ભાગી છૂટવાને બદલે માનવતાના નાતે ત્યાં ઊભા રહેલા માણસને લોકો મારે છે ત્યારે અનેક લોકો પેલા માર ખાનાર માણસની ઈમાનદારી કે સજ્જનતાની કદર કરવાને બદલે તેને સંભળાવે છે : 'મૂરખની જેમ ત્યાં ઊભા શું કામ રહ્યા'તા.... ભાગી છૂટવું જોઈએ ને...!' હું ય ભાગી છૂટ્યો હોત તો મિત્રોએ મને વ્યવહારકુશળ માણસ ગણ્યો હોત!

'રાઝ' નવસારવીની એક પંક્તિ યાદ આવે છે :

***દુનિયાના વ્યવહારથી વિસ્મિત થયા છીએ***
***કારણ વિનાય ખૂબ ઉપેક્ષિત થયા છીએ***
***એના થકી છે 'રાઝ' અમારામાં શાણપણ***
***કડવા અનુભવોથી વ્યવસ્થિત થયા છીએ.***

ટૂંકમાં 'વ્યવસ્થિત થવું' એટલે અકસ્માત કર્યા પછી ત્યાંથી ભાગી છૂટવું. દોસ્તો, **જિંદગીના ઘણા આદર્શો કાગળના ફૂલો જેવા સુંદર હોય છે. તેમાંથી સચ્ચાઈની સુગંધ આવતી નથી. આપણી જીવનવ્યવસ્થા એવી છે કે તે પર અમલ કરવાનું વ્યવહારુ જણાતું નથી.** માણસ લખે તે પ્રમાણે જીવી શકતો નથી. અને જીવે તે પ્રમાણે લખી શકતો નથી. (ચોરી ન કરવી જોઈએ એમ ગાંધીજી પણ માનતા હતા પણ માંસાહારનું બિલ ચૂકવવા એમણે ઘરમાંથી સોનાનુ કડું ચોર્યું હતું) આને વાણી અને વર્તનનો ભેદ નહીં, સિદ્ધાંત અને સંજોગો વચ્ચેની સામાજિક વિષમતા ગણી શકાય.

*સી/૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી - ૩૯૬ ૪૪૫.*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

**બ્રેક કે બાદ...**

☺ કપિલ શર્માની પત્નીએ તેના પતિ કપિલને કહ્યું, 'તમે ક્યારેય વિચાર્યું છે કે મારા લગ્ન બીજા કોઈ સાથે થઈ જાત તો તમારું શું થાત?'

કપિલ : ના, મેં ક્યારેય કોઈનું ખરાબ નથી વિચાર્યું.

**યાત્રા** **ઈન્ટરનેશનલ ટુર્સ** **પ્રવાસ**

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા

PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE

Chetan Mota's tmt holyday Bubble gum TOURS & TRAVELS

૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com

ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

# ઓલ ઈઝ વેલ

• ભોલાભાઈ ગોલીબાર, સહસ્થાપક : ચક્રમ-ચંદન •

એક મોટું સરોવર હતું. સરોવરના કિનારે મોર રહેતો હતો. નજીકમાં એક ઢેલ રહેતી હતી. એક દિવસ મોરે ઢેલને કહ્યું, 'આપણે બન્ને લગ્ન કરી લઈએ તો કેવું?'

ઢેલે મોરને પૂછ્યું, 'તારા કેટલા મિત્ર છે?'

મોરે કહ્યું, 'મારે એકપણ મિત્ર નથી.'

ઢેલે આ સાંભળી મોર સાથે લગ્ન કરવાની ના પાડી.

મોર વિચારવા લાગ્યો, 'સુખી રીતે રહેવા કે લગ્ન કરવા માટે, મિત્રો શું એટલા બધા જરૂરી હોય છે?'

બહુ વિચાર્યા પછી ઢેલ સાથે લગ્ન કરવા મોરે દોસ્ત બનાવવાનું નક્કી કર્યું. મોરે એક સિંહ, એક કાચબા અને એક ખિસકોલી સાથે દોસ્તી કરી લીધી.

મોરના મિત્રો સાથે મુલાકાત કર્યા પછી ઢેલ મોર સાથે લગ્ન કરવા રાજી થઈ ગઈ. બન્નેએ મિત્રોની સાક્ષીએ લગ્ન કર્યા. બન્નેનું લગ્નજીવન સુખમય ચાલતું હતું. ઢેલ અને મોરે ઝાડ પર માળો બાંધ્યો. એના માળામાં ઈંડાં મૂક્યા. એ ઝાડ પર બીજા પક્ષી પણ રહેતા હતા.

એક દિવસ શિકારી આવ્યા. આખો દિવસ એમને કોઈ શિકાર ન મળ્યો એટલે એ ઝાડ નીચે આવીને આરામ કરવા લાગ્યા. એમને ખૂબ ભૂખ લાગી હતી. એટલે શિકારીઓએ ઝાડ પર માળામાં પડેલાં ઈંડાં ખાવાનું નક્કી કર્યું. એ ઝાડ પર ચઢવાની કોશિશ કરવા લાગ્યા. ત્યાં ઊભેલો મોર મદદ માટે મિત્રો પાસે દોડ્યો. ખિસકોલીએ જોરજોરથી ચીસો પાડવાનું શરૂ કર્યું. નજીકમાં બેઠેલો સિંહ સમજી ગયો કે કંઈક ગરબડ છે, એ ઝાડ પાસે પહોંચ્યો. એટલામાં કાચબો પણ પાણીમાંથી બહાર આવી ગયો.

સિંહથી ડરી ભાગતા-ભાગતા શિકારીઓએ કાચબાને લઈ જવાની વાત કરી. આ સાંભળી કાચબો પાણીમાં સરકી ગયો અને કાચબાને પકડવા આવેલા શિકારીઓ કાદવમાં ફસાઈ ગયા. અને સિંહે બધા શિકારીઓને ત્યાં જ મારી નાખ્યા.

ઢેલે સિંહ, કાચબા અને ખિસકોલીનો આભાર માન્યો અને મોરને સમજાવતા કહ્યું, 'જો આજે તારા મિત્ર ન હોત તો હું અને તારા બચ્ચાં ન બચી શકત.'

તો કહેવાનો અર્થ એ છે કે જો ગ્લાસ દૂધથી ભરાયેલો છે તો તમે એમાં વધારે દૂધ નથી નાખી શકતા, પણ સાકર મિલાવી એનો સ્વાદ વધારી શકો છો. **ભલે તમે પોતે ગમે તેટલા સક્ષમ હોવ, પણ કેટલાક પોતાનાઓનો સાથ તમને ફક્ત જીવન નથી આપતું, પણ એનાથી જિંદગીની મીઠાશ વધી જાય છે.**

**ઓલ ધ બેસ્ટ**

***એક સમય હતો કે જ્યારે આપણે વિચારતા હતા કે આપણો પણ સમય આવશે... હવે એવો સમય છે જ્યારે આપણે વિચારીએ છીએ, 'એ પણ શું સમય હતો!'***

★

એક સાયકોલોજિસ્ટ સ્ટ્રેસ, ટેન્શન, તાણ, ચિંતા વિશે એક સેમિનારમાં વાત કરી રહ્યો હતો. સાયકોલોજિસ્ટે એક ગ્લાસ ઉપાડ્યો. બધા સમજ્યા કે હમણા સાયકોલોજિસ્ટ પૂછશે કે આ ગ્લાસ અડધો ખાલી છે કે અડધો ભરેલો? અને પછી એના વિશે સાયકોલોજિસ્ટ સમજાવશે. પણ બધાએ વિચાર્યું એના કરતાં કંઈક ઊલટું જ સાયકોલોજિસ્ટે પૂછ્યું, 'આ પાણી ભરેલા ગ્લાસનું વજન કેટલું છે?' બધાએ ૩૦૦ કે ૪૦૦ ગ્રામનો અંદાજો લગાવ્યો.

સાયકોલોજિસ્ટે કહ્યું, 'કંઈ પણ વજન ધારો...કોઈ ફરક નથી પડતો...ફરક એ વાતથી પડે છે કે હું આ પાણી ભરેલા ગ્લાસને કેટલી વાર સુધી ઊંચકી શકું છું. પણ જો હું એક ગ્લાસને એક મિનિટ સુધી ઉઠાવી રાખું તો શું થશે. કદાચ કંઈ પણ નહિ ....'

'પણ જો હું આ ગ્લાસને એક કલાક સુધી ઉઠાવી રાખું તો શું થશે? તો કદાચ મારો હાથ દુખવા લાગશે અને કદાચ મારો હાથ જકડાઈ જશે. હવે જો આ જ ગ્લાસને એક દિવસ સુધી ઉઠાવી રાખું તો શું થશે? તો મારા હાથમાં ખૂબ જ દુખાવો થશે. બની શકે કે હાથમાં કદાચ લકવો મારી જાય. હું મારો આ હાથ હલાવી પણ ન શકું. પણ જાણવા જેવી વાત એ છે કે આ ત્રણેય પરિસ્થિતિમાં ન તો પાણીનું વજન ઓછું થયું છે અને ન તો પાણીનું વજન વધ્યું છે.'

'ચિંતા અને દુઃખનું પણ આ જ પરિણામ આવે છે.' કહેતા સાયકોલોજિસ્ટે વાત આગળ વધારતા કહ્યું, 'ચિંતા, ટેન્શન, તાણ આ બધું પણ એવું જ છે. જો તમે એને મનમાં એક મિનિટ રાખશો તો કંઈ નહિ થાય. એક કલાક રાખશો તો દુઃખી થશો અને મુશ્કેલીમાં મુકાશો. પણ જો દુઃખ, ચિંતા, ટેન્શન આખો દિવસ માથે લઈને ફરીશું તો એ આપણું જીવવાનું હરામ કરી નાખશે. એના કારણે આપણે કંઈ સમજી-વિચારી નથી શકતા.'

સાયકોલોજિસ્ટની વાત પરથી હું તમને એક જ વાત કહીશ કે, 'ચિંતા, ટેન્શન અને તાણથી ભરેલા ગ્લાસને બની શકે તો એક જ મિનિટમાં બાજુ પર મૂકી દો એટલે બધું ઓલ ઈઝ વેલ!'

★

એક વ્યક્તિને ટેવ હતી કે એ રોજ રસ્તામાં મળનારને નમસ્તે કહેતો. પણ એક માણસ હંમેશાં એના નમસ્તેનો જવાબ ગાળથી આપતો.

એક દિવસ એ વ્યક્તિને એના મિત્રએ પૂછ્યું, 'એ માણસ તને રોજ ગાળ આપે છે છતાં તું એને નમસ્કાર કેમ કરે છે?'

નેકદિલ વ્યક્તિએ જવાબ આપતા કહ્યું, **'જો એ મારા માટે એની ખરાબ ટેવ નથી છોડી શકતો તો હું એના માટે મારી સારી ટેવ કેમ છોડું?'**

**ઓલ ધ બેસ્ટ**

***પોતાને ક્યારેય નબળા ન સમજતા, કારણકે ડૂબતા સૂરજને જોઈને લોકો ઘરના દરવાજા બંધ કરી દે છે.***

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલની બાજુમાં, તુલસી હોટેલની સામેના ખાંચામાં, બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : (૦૭૯) ૨૫૩૨૯૧૮૧*
*મો. ૯૩૭૬૧ ૮૫૭૫૬*

પર્યાવરણ

# સ્વચ્છતા દ્વારા ભારતમાં વિકાસ અભિગમ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

માનવીના તાજગીભર્યા અને તંદુરસ્તીભર્યા આરોગ્ય માટે અને ઊંચી ગુણવત્તાવાળા જીવન માટે સ્વચ્છ પર્યાવરણ આવશ્યક છે. જ્યાં ૭૪ ટકા લોકો શિક્ષિત હોય તેવા આપણા દેશમાં આઝાદીના ૬૮ વર્ષ પછી પણ દેશમાં ઠેર ઠેર અસ્વચ્છતા અને ગંદકીના દર્શન થઈ રહ્યા છે.

## • અસ્વચ્છતાથી ફેલાતા રોગો :

વિકાસની ચાવી તથા આરોગ્ય જાળવવાનો પાયો સ્વચ્છતા છે. વૈશ્વિક સ્તરે પ્રતિ વર્ષ ૯.૨ મિલિયન કેસ ટી.બી.ના નોંધાય છે. જેમાંથી ભારતમાં ૧.૯ મિલિયન કેસ ટી.બી.ના નોંધાય છે. અર્થાત્ વિશ્વના કુલ ટી.બી. કેસોમાંથી ૧/૫ કેસો ભારતમાં જોવા મળે છે. આજે તો ભારતમાં વાઈરલ ઈન્ફેક્શન, કોલેરા, મેલેરિયા, ટાઈફોઈડ, કમળો ખૂબ સામાન્ય બની ગયા છે. તો બીજી બાજુ ડેંગ્યુ, સ્વાઈનફ્લુએ દેશમાં કાળો કેર વર્તાવ્યો છે. આનું એક માત્ર કારણ અસ્વચ્છતા છે. અસ્વચ્છતા અંગે અનેક પરિબળો જોવા મળે છે.

## • ખુલ્લામાં મળોત્સર્જન :

ઈ.સ. ૨૦૧૨ના યુનિસેફના એક અહેવાલ મુજબ ભારતમાં ૬૨ કરોડ ૬૦ લાખ લોકો પાસે બંધ શૌચાલય નથી. પરિણામે લોકો ખુલ્લામાં જાય છે. નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન જણાવે છે કે, "ગ્રામ્ય પ્રદેશના ૫૯.૪ ટકા અને શહેરોના ૮.૮ ટકા ઘરોમાં શૌચાલયની સુવિધા નથી." રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફોર કમ્પેશનેટ ઈકોનોમિક્સ (RICE) સૂચવે છે કે ઉ.પ્ર., રાજસ્થાન, બિહાર, મધ્યપ્રદેશ આદિ રાજ્યોમાં ૪૦ ટકા ઘરો એવા છે કે જેમાં ઘરમાં શૌચાલય હોવા છતાં ઘરમાથી ઓછામાં ઓછી એક વ્યક્તિ ખુલ્લામાં શૌચ જાય છે. લોકોમાં સ્વચ્છતા તરફ જાગૃતિ કેળવાય એ આવશ્યક છે. રસ્તા પર, દિવાલો પર અને પોતાના નિવાસ સ્થાનો કે સ્વવ્યયસાયિક સ્થળોમાં થૂંકતા કે પાનની પિચકારીઓ નાખનારાઓ અસંખ્યાત છે.

## • ૨૦મી સદીમાં :

સ્વચ્છ ભારત - ઈ.સ. ૧૯૮૬ માં ભારતનો પ્રથમ રાષ્ટ્રીય ગ્રામીણ સેનિટેશન કાર્યક્રમ ભારત સરકાર દ્વારા આરંભાયો. જે Central Rural Sanitation Programme તરીકે ઓળખાયો. ઈ.સ. ૧૯૯૯ માં TSC (Total Sanitation Campaign) લૉન્ચ કરવામાં આવ્યો. જેનો હેતુ ૨૦૧૨ સુધીમાં સાર્વત્રિક ગ્રામીણ ક્ષેત્રમાં સેનિટેશન સુવિધા ઊભી કરવાનો હતો. જેમાં પંચાયતી રાજને માધ્યમ બનાવાયું.

## • સ્વચ્છ ભારત મિશન :

તાજેતરમાં ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બીજી ઓક્ટોબરે મહાત્મા ગાંધીજીના જન્મદિને ભારતના લોકો માટે સ્વચ્છ ભારત મિશન લોંચ કર્યું. તેમણે જણાવ્યું કે, "બાપુના બે સ્વપ્નો હતા : 'QUIT INDIA' અને 'CLEAN INDIA'. જેમાં Quit India સાકાર થયું, પરંતુ **Clean India માટે બાપુની ૧૫૦મી જયંતિ જે ૨ ઓક્ટોબર, ૨૦૧૯ ના આવે છે તે માટે ઈ.સ. ૨૦૧૪થી ઈ.સ. ૨૦૧૯નો સમયગાળો નિર્ધારીત કરાયો છે.**

## • પ્રદૂષિત નદીઓ :

વિશ્વભરમાં ઘણી બધી નદીઓ પ્રદૂષિત થયેલી છે. જેમાં ફ્રાંસની સેઈને, અમેરિકાની મિનેસોરા, યુરોપની સ્ફાઈન અને ભારતની ગંગા, યમુના પણ સમાવિષ્ટ છે. ઉદ્યોગોના રસાયણયુક્ત પ્રદૂષિત પાણી, ગટર લાઈનોના પાણી અનેક શબોને વહાવી આ નિર્મળ પાણી આજે તો ખૂબજ દૂષિત થયેલું જોવા મળે છે.

## • કાર્બન વાયુનું ઉત્સર્જન :

ઔદ્યોગિકીકરણને કારણે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધવા પામ્યું છે. ઈ.સ. ૨૦૧૨ ના એક સર્વેક્ષણ મુજબ વિશ્વમાં સૌથી વધુ આ વાયુનું ઉત્સર્જન ચીન કરે છે જે ૨૭ ટકા છે. ત્યારબાદ અમેરિકા ૧૪ ટકા, યુરોપ ૧૦ ટકા અને **ભારતમાં પ્રમાણ ૬ ટકા છે. જે ભાવિ પેઢી માટે ગંભીર અસરો ઊભી કરી શકે છે.**

## • સફાઈ કામદારોનું જોખમાતું જીવન :

ગટરના ગંદા પાણીની સફાઈ, ગંદા કચરાની સફાઈ, માથે મેલું ઉપાડતા સફાઈ કામદારો અનેક રોગોનો ભોગ બનવા પામે છે. અનેક નાના બાળકો અને યુવાનો પણ મૃત્યુના મુખમાં હોમાઈ જાય છે. સફાઈ કામદારોને રક્ષવા માટે સરકારી વહીવટી વિભાગો સજ્જ થયા છે. આ કામદારોને મિથેન અને હાઈડ્રોજન સલ્ફાઈડ જેવા ગેસ મૃત્યુ તરફ લઈ જાય છે.

## • સફાઈ બાબતે પાણીની સમસ્યા :

જળ એ જીવન છે. આપણા શરીરનો ૮૫ ટકા હિસ્સો પાણી છે. વરસાદરૂપે અને જમીનમાંથી મળતું જળ એ કુદરતની અમૂલ્ય ભેટ છે. પીવાનું પાણી શુદ્ધ મળી રહે એ આરોગ્યલક્ષી છે. બંધિયાર પાણી ખૂબજ જોખમી છે. મચ્છરોનું તે ઘર બને છે. અસંખ્યાત રોગને આવા પાણી નિમંત્રે છે. પીવાનું પાણી ઢાંકણવાળા બંધ કૂવા કે હેન્ડપંપ દ્વારા મેળવવું હિતાવહ છે.

## • બાળ સ્વચ્છતા અભિયાન :

સિક્કિમમાં "બાલસ્વચ્છતા - અભિયાન" શરૂ કરવામાં આવ્યું છે. જેને સારો એવો પ્રતિસાદ મળવા પામ્યો છે. જેમાં શૌચાલયો બનાવવાની ઝુંબેશમાં શિક્ષકો, પંચાયત, બ્લોક અધિકારીઓ સહભાગી થઈ મજૂરીમાં મદદ કરે છે. જેનું ઉદાહરણ અન્ય રાજ્યો લઈ શકે.

**• ઇલેક્ટ્રોનિક કચરો અને તેનો નિકાલ :**

કંટ્રોલર એન્ડ ઑડિટર જનરલ (કેગ) ના અહેવાલ મુજબ ભારતમાં દર વર્ષે ૭.૨ મિલિયન ટન ઔદ્યોગિક જોખમકારક કચરો, ૪ લાખ ટન ઇલેક્ટ્રોનિક કચરો, ૧.૫ મિલિયન ટન પ્લાસ્ટિક કચરો, ૧.૭ મિલિયન ટન તબીબી કચરો, ૪૮ મિ.ટન મ્યુનિસિપલ કચરો ઉત્પન્ન થાય છે. ઈ-કચરો મોટા પ્રમાણમાં ભારે ધાતુઓનો હોય છે. આપણા મગજના અંતઃસ્ત્રાવને તે નુકસાન કરે છે. ફેક્ટરીના કારીગરોને દમ, શ્વાસ, ફેફસાનું કેન્સર થઈ શકે છે.

ઈ-કચરાનું રિસાઈકલિંગ દ્વારા નિકાલ કરવામાં જાપાન આગળ છે. ઈ-કચરાને સળગાવીને નિકાલ કરાય છે. જમીનમાં આવા કચરાને દાટી દઈ ઉપર માટીનું સ્તર પાથરવામાં આવે છે.

**• સ્વચ્છતા માટે બાપુની શીખ :**

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ શ્રમનો મહિમા ખૂબ ગાયો છે. એટલું જ નહિ તેમણે પોતાના જીવનમાં શ્રમને વણી લઈ આગવું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. જાજરૂઓની સફાઈ જાતે કરી છે. ૧લી સપ્ટેમ્બરે ઈ.સ. ૧૯૨૧ ના "યંગ ઈન્ડિયા" ના અંકમાં બાપુ લખે છે કે, "આપણા બાળકોને શ્રમ પ્રત્યે ઉપેક્ષા દાખવતાં ન શીખવવું જોઈએ." તા. ૮ સપ્ટેમ્બર ઈ.સ. ૧૯૪૬ ના 'હરિજન બંધુ'માં બાપુ લખે છે કે, **"હું માનવીય કાર્યના શૈક્ષણિક મૂલ્યમાં માનું છું. માનવીય શ્રમ બૌદ્ધિકતા વિકસાવવા માટેનું ઉત્કૃષ્ટ માધ્યમ છે."**

**• ઉપસંહાર :**

સમગ્ર ભારતને સ્વચ્છ બનાવવા અનેક સરકારી કાર્યક્રમો હાથ ધરાયા છે. પરંતુ જ્યાં સુધી જનતાની સામેલગીરી નહિં થાય ત્યાં સુધી કોઈ પણ કાર્યક્રમ સંપૂર્ણ સફળ થઈ શકવો મુશ્કેલ છે. ભારતને બદલવા, વિકસાવી, પ્રગતિના શિખરો સર કરવા ભારતવાસીઓની મહેચ્છા છે. પ્રત્યેક નાગરિકે શ્રમનો મહિમા સમજીને આચરણ કરવું જ પડશે. માત્ર સફાઈ કામદારો પર સ્વચ્છતાનો પ્રશ્ન છોડી દેવાથી સ્વચ્છતા અભિયાન ફળીભૂત નહિ થાય. આ ક્ષેત્રે આપણે આપણી જવાબદારીઓ ઉઠાવવી જ રહી.

*૬/એ, લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૫૨૫૨ ૩૪૩૪૬*

## ફલુચર આયુર્વેદિક ચિકિત્સાની કામયાબીનો કચ્છના વનસ્પતિ શાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજીનો સ્વાનુભવ

તાજેતરમાં છેલ્લા કેટલાક સમયથી સ્વાઈન ફ્લુએ હાહાકાર મચાવ્યો છે. એટલું જ નહિ અનેક લોકોની જિંદગી છીનવી લીધી છે. પ્રતિદિન અનેક લોકો અનેક સ્થળે આ મહાવ્યાધિમાં સપડાઈ રહ્યા છે. સરકારી તંત્ર, સ્વૈચ્છિક સંસ્થાઓ સાબદી બની જવા પામી છે. આ મહાવ્યાધિને નેસ્તનાબૂદ કરવા તબીબો અને આરોગ્યતંત્ર સાબદું બન્યું છે. છતાં સ્વાઈનફ્લુ કાબૂમાં આવી શક્યો નથી. આ મહાવ્યાધિને નાથવા એલોપથિક, આયુર્વેદિક, હોમિયોપેથિક સારવારો પણ અપાઈ રહી છે.

કચ્છના સુપ્રસિદ્ધ વનસ્પતિશાસ્ત્રી શ્રી જયકૃષ્ણ ઈંદ્રજીએ પોતાના પુસ્તક "શ્રી કચ્છ સંસ્થાનની વનસ્પતિઓ અને તેની ઉપયોગિતા" માં તેમની આઠ વર્ષની પુત્રી સુંદરને થયેલ ઇન્ફ્લ્યુએન્ઝાની જીવલેણ બીમારીમાંથી ઉગારનાર ભુજના પબુરાઈ ફળિયામાં વંશપરંપરાગત આયુર્વેદિક ઔષધાલય ધરાવનાર, રાજવૈદ્યરત્ન, વૈદ્યભૂષણ, વૈદ્યમાર્તંડ શ્રી મહાશંકરભાઈ નરોત્તમરામ ભટ્ટે આપેલી સારવારની વિગતો વર્ણવી છે જે જનહિતાર્થે લખવા પ્રેરાયો છું. મારા પિતાશ્રી વૈદ્યરાજ ભાઈલાલ અંબાલાલ ભટ્ટ શ્રી જયકૃષ્ણ ભાઈ પાસે વનસ્પતિ શાસ્ત્ર શીખેલા અને આયુર્વેદનું જ્ઞાન તેમને વૈદ્યરાજ શ્રી મહાશંકર ભાઈએ આપેલું.

શ્રી જયકૃષ્ણભાઈ પોતાના પુસ્તકના ૧૪૭મા પાના પર વર્ણવે છે કે, "સને ૧૯૧૮માં મારી પુત્રી સુંદર કે જે માત્ર આઠ વર્ષની હતી, તેણીને "ઇન્ફ્લ્યુએન્ઝા" થયો. ૨૫ દિવસ સુધી સખત તાવ રહ્યો. ક્યારેક તાવ ઓછો થાય પણ મટે તો નહિ જ. જેમ તાવ વધે તેમ ઉધરસ પણ વધે. ગળામાં દુઃખાવો થતો. ગળું લાલ થઈ ગયેલું. શરદીથી નાક વહ્યા કરે. પાંસળાં દુઃખે, શ્વાસ લેવામાં તકલીફ પડે, ભૂખ લાગે જ નહિ, ઊંઘ પણ આવે નહિ - પારાવાર અશક્તિ લાગે.

ડૉક્ટરોએ અનેક ઉપચારો કર્યા પરંતુ સફળતા ન મળી. ક્યારેક ઠંડી પણ શરીરમાં સખત વાતી. સુંદરની બચવાની આશા નહિંવત બની ગઈ.

આખરે ભુજના સુપ્રસિદ્ધ રાજવૈદ્ય શ્રી મહાશંકરભાઈ ભટ્ટને બતાવ્યું. તેઓએ સાંત્વન આપ્યું. ધીરજથી આશાવાદી બનીને ઉપચાર દર્શાવ્યો. જે નીચે મુજબ છે.

માતાપત્રી તોલો ૦॥, વિકળો, વીંગો તોલો અડધો, ભોરીંગણી તોલો અડધો, ખડસેલિયો અડધો તોલો, મોથ અડધો તોલો, અરડૂસી અડધો તોલો, ગરમાળો અડધો તોલો, બેઠાં ગોખરૂ અને સૂંઠ અડધો તોલો – આ તમામ ચીજોનો ભૂક્કો કરી આ મિશ્રણમાંથી બેથી ચાર તોલા મિશ્રણને એક માટીની હાંડલીમાં સોળ ગણા પાણીમાં ખુલ્લે મોઢે ધીમે તાપે ઉકાળવું. પાણી બળતાં આઠમો ભાગ બાકી રહે ત્યારે ઉતારી, ઠારી, ગાળી લેવું. પછી તેમાં મધ મેળવી તે દર્દીને ત્રણેક વખત બબ્બે ચમચી આપવું. માત્ર ચાર દિવસે રોગ પર આ કવાથે પક્કડ જમાવી. તેણીને પીળો ઝાડો બે - ત્રણ વખત થયો. તાવ પણ ઉતરી ગયો. ઊંઘ પણ સારી રીતે આવી ગઈ.

તાવ ઉતરી ગયા બાદ ચાર દિવસ ક્વીનાઈનની ગોળી આપી. ત્રણ-ચાર દિવસ સુદર્શનની ચા આપી. ઉધરસ પણ મટી ગઈ. શરદી નામની પણ ન રહી. તાવ દરમ્યાન મગનું જીરાથી વઘારેલ પાણી આપતા. પાતળું પ્રવાહી જ અપાતું. તાવ ઉતરી ગયા બાદ કાંજી, બાજરાની રાબ, મગનું પાણી અને બપોરે મરી અને તુલસીના પાનનો કાઢો દૂધ સાકર સાથે અપાતો. ત્યાર બાદ સપ્તાહ બાદ સાદો ખોરાક અપાયો. સુંદર દોઢેક માસમાં જ આ મહાવ્યાધિમાંથી બિલકુલ મુક્ત થઈ ગઈ."

આયુર્વેદિક ઔષધોની આડ અસર થતી નથી. સારવારમાં થોડો વિલંબ થાય, પરેજી રાખવી પડે, પરંતુ દર્દીને જડમૂળથી અવશ્ય નાબૂદ કરે છે. આજે તો વૈદ્યો આદુ, કાળા મરી, લવીંગ, તુલસીના થોડા પાન અને થોડો ગોળ મેળવી ઉકાળો બનાવી પીવાની તેમજ સિતોપલાદી ચૂર્ણ તથા હળદરવાળું હુંફાળું દૂધ પીવાની ભલામણ કરે છે.

**પ્રા. સૂર્યકાંત ભટ્ટ**
*૬/એ, લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૫૨૫૨૩૪૩૪૬*

# Quips & Quotes : Evan Esar

**Ability** : The chief ability of an executive should be his ability to recognize ability.

**Absence** : Parents usually know where a teen-age son is : he is in the Family car, but they don't know where the car is.

**Accountant** : An accountant is a man hired to explain that you did not make the money you did.

**Advertising** : Advertising is usually a trick to get you to spend money by telling you how much you can save.

**Advice** : Everyone is unselfish when it comes to giving advice.
We always admire the intelligence of those people who ask us for advice.

**Age** : The best way to tell a woman's age is not to or when she is not around.
A woman's age doesn't really matter, what matters is how long she has been at that age.

**Agreement** : When diplomats say they agree in principle, it means they agree in nothing else.
When a married couple always agree, one of them is the boss.

**Alibi** : The wife who listens to every word her husband says is probably looking — for a hole in his alibi.

**Ancestor** : People who brag about their ancestors talk as if they had selected them themselves.

**Anecdote** : A good story is always worth repeating, but not to the same person.

**Anesthetic** : To be in love is merely to be in a perpetual state of anaesthesia. – Mencken.

**Anger** : Remember that anger is only one letter short of 'Danger.'
There are two things you should never be angry at : What you can help and what you can't.

**Apartment** : An ideal apartment is large enough to keep your wife from going to her mother's home, yet small enough to keep her mother from coming to your home.

**Appearance** : Women get a good deal of their looks from their parents and even more from their cosmetics. Many a girl who looks like a million is probably looking for it toe.
When a woman looks her age, she tries to overlook it.
No matter what some men wear, they always look like an unmade bed.
A man's appearance shows how much he is earning, a woman's appearance shows how much she is spending.
Smart men are smarter than they look; smart women look smarter than they are.

**Argument** : When you win an argument with your wife, the argument is not over.

**Arise** : It is hard to raise a family nowadays, especially in the morning.

**Arrival** : Nothing stops a family quarrel more quickly than the arrival of an unexpected guest.
Visitors always give pleasure – some when they come, others when they go.

**Audience** : Marriage is a legal custom by which a man becomes a captive audience for his wife.

***Contributed by : Balvantrai M. Doshi - Mumbai***
***Ph. : (022) 25060890***

*વર્તમાનમાં જીવો એ જ તમારું મેડિટેશન છે.*

સમાજની ક્ષિતિજો

## નર-નારીના સંબંધો અને લગ્નસંસ્થા : પ્રકરણ-૧૩

# સમાજ પુરુષપ્રધાન કે સ્ત્રીપ્રધાન?

• સ્વામિ શ્રી સચ્ચિદાનંદજી •

નર-નારીના પતિ-પત્ની તરીકેના સંબંધોને સુધારવા અને સફળ બનાવવા ધર્મ અને સમાજની સાથે રાજવ્યવસ્થા પણ જરૂરી છે. રાષ્ટ્ર એવી વ્યવસ્થા કરે કે એક પુરુષને એક જ પત્ની હોય. બહુપત્નીત્વનો નિષેધ હોવો જોઈએ. પ્રાચીનકાળમાં બધે જ બહુપત્નીત્વપ્રથા હતી, પણ જેમ જેમ લોકો સુધરતા ગયા તેમ તેમ સુધારો થતો ગયો. હજી પણ કેટલાક ધર્મો તથા કેટલાક સમાજોમાં બહુપત્નીત્વ ચાલે છે, જેને હવેની નવી દુનિયામાં સ્થાન ન હોવું જોઈએ. આમાં થોડો અપવાદ રાખવો હિતાવહ છે. જ્યાં યુદ્ધોના કારણે ઘણી સ્ત્રીઓ વિધવા થઈ હોય અથવા પુરુષોની સંખ્યા ઘણી ઓછી થઈ ગઈ હોય, અથવા જ્યાં પ્રજાની સંખ્યા ઘટી ગઈ હોય અને તેને વધારવાની જરૂર હોય ત્યાં એકપત્નીત્વના નિયમમાં છૂટ મૂકી શકાય.

મારે હમણાં રશિયા જવાનું થયેલું. ત્યાં નર-નારીનો અનુપાત એક-ત્રણનો જાણવા મળ્યો. ત્યાં એક પુરુષે ત્રણ સ્ત્રીઓ છે. ઘણાં યુદ્ધો અને આંતરયુદ્ધમાં ઘણા પુરુષો મરી ગયા હોવાથી તથા સ્ત્રીઓમાં લગ્ન કર્યા વિના જ સ્વતંત્ર રહેવાની વૃત્તિ વધવાથી આવું થયું છે. તેના કારણે બે મોટી વિકૃતિઓ આવી છે. એક તો વેશ્યાવૃત્તિ ઘણી વધી ગઈ છે, જેમાં સ્ત્રીઓને જ વધુ સહન કરવું પડે છે. બીજું પ્રજાની સંખ્યા ઘણી ઘટી ગઈ છે. એટલે જ્યાં આવી સ્થિતિ હોય ત્યાં અને માત્ર સ્ત્રીના કારણે જ સંતાન ન થતાં હોય ત્યાં થોડી છૂટછાટ મૂકવી જોઈએ, જેથી પ્રશ્નો ઉકેલાય. પણ બધા જ પુરુષોને ગમેતેમ છૂટ આપી શકાય નહિ. બહુપત્નીવાળા પુરુષને પૂછવું જોઈએ કે આવી અનેક પત્નીઓ રાખવા પાછળ શું કારણ છે? **જો માત્ર કામોપભોગ માટે જ બહુપત્નીત્વ રખાતું હોય તો તેને નિંદનીય ગણવું જોઈએ. તેને સ્વીકારી શકાય નહિ. સરકારે આવી પ્રથાને કડક કાયદા દ્વારા રોકવી જોઈએ. જો સરકાર બાળલગ્નોને કાયદાથી રોકી શકે તો બહુપત્નીત્વને કેમ ન રોકી શકે?** અંતે તો આ બહુપત્નીત્વ પ્રથાથી કદાચ એક પુરુષને અનેક સ્ત્રીઓ પ્રાપ્ત થાય છે. પણ તે બધી સ્ત્રીઓ અંતે તો કોઈની દીકરી કે બહેન હોય છે. પોતાની દીકરીઓ કે બહેનો જીવનભર કોઈની શોક (સપત્ની) થઈને રહે કે કોઈને શોક બનાવીને રહે તે કયા બાપને કે ભાઈને સ્વીકાર્ય થઈ શકે? ધર્મનિરપેક્ષ રાજયમાં આવા અનર્થકારી કુરિવાજોને ચલાવી લેવાય નહિ. આ સ્ત્રીઓ પ્રત્યેનો અન્યાય છે, આવા રિવાજથી સ્ત્રીઓ વધુ સુખી થાય છે તેવું તો કોઈ મહામૂર્ખ પણ કહી શકે નહિ. હા, તેથી સ્ત્રીઓના હકમાં ભાગલા પડે છે. તેથી તે દુઃખી થાય છે તેવું તો કહી શકાય.

નર-નારીના પતિ-પત્ની તરીકેના સબંધોમાં એક મહત્ત્વનો વિષય ચર્ચવો જરૂરી છે. નર-નારીનો સમાજ કેવો હોવો જોઈએ? શું તે પુરુષપ્રધાન હોવો જોઈએ કે પછી સ્ત્રીપ્રધાન હોવો જોઈએ કે પછી ઉભયપ્રધાન હોવો જોઈએ? પ્રાચીનકાળમાં આ પ્રશ્ન લગભગ હતો જ નહિ. કારણ સમાજ પુરુષપ્રધાન જ હતો. એટલે તો બધા નિયમો પુરુષના હિતને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યા હતા. પુરુષ પ્રધાનતાને ધર્મનું કવચ મળ્યું, અર્થાત્ લગભગ બધા ધર્મોએ પુરુષ પ્રધાનતાને કડક સમર્થન આપ્યું. તેથી સ્ત્રી લાજ કાઢતી થઈ, ઓઝલમાં રહેતી થઈ, બુરખો પહેરતી થઈ, ઘર બહાર પગ મૂકતી અટકાવાઈ, ઘર બહારની પ્રવૃત્તિઓથી પણ વંચિત રહી. કેટલાક સમાજોમાં તો ચંપલ પહેરવાની કે છત્રી ઓઢવાની પણ મનાઈ થઈ. સતીપ્રથા, દેવદાસીપ્રથા કે એવી બીજી અનેક પ્રથાઓ સ્ત્રીઓની ઈચ્છાથી થઈ નથી. આવી બધી અનેક પ્રથાઓ પુરુષોની પ્રધાનતાના કારણે જ થઈ શકી છે. જેમ જેમ પ્રજા જાગતી ગઈ તેમ તેમ આવી અનર્થકારી પ્રથાઓથી મુક્ત થતી ગઈ.

નારીજાગરણ, પુરુષોના જાગરણ પછી ઘણાં વર્ષે શરૂ થયું અને તે પણ પુરુષોના પ્રયત્નોથી જ થયું એમ કહેવું વધારે યોગ્ય ગણાશે. હવે **પુરુષ-પ્રધાનતા ઘણી ઓછી થઈ ગઈ છે, હવે સ્ત્રીઓનું ઘણું ચાલે છે. સત્ય તો એ છે કે સમાજ પુરુષપ્રધાન હતો ત્યારે પણ અને આજે પણ ઘરમાં તો સ્ત્રીઓનું જ ચાલતું હતું અને ચાલે છે.** થોડાક અપવાદ હશે, પણ મોટાભાગે આ વસ્તુસ્થિતિ છે. પણ સમાજમાં કે આર્થિક ક્ષેત્રમાં તેનું બહુ ચાલતું નથી, તે પણ હકીકત છે. અમુક ક્ષેત્રમાં તે આજે પણ પોતાનું ધાર્યું કરાવે જ છે. પણ પુરુષ પ્રધાનતાનો અર્થ પુરુષો એવા રીતિ-રિવાજો બનાવે છે, જેમાં સ્ત્રીઓનું શોષણ થઈ શકે છે. આવા અનર્થકારી રિવાજોને જડબેસલાક ચલાવનારી પાછી સ્ત્રીઓ જ હોય છે. માનો કે વિધવા વિવાહનો નિષેધ. આ રિવાજ ભલે પુરુષોએ બનાવ્યો હોય પણ તેને દૃઢ કરવાનું કામ તો સ્ત્રીઓએ જ કર્યું છે. વિધવાનું માથું મુંડાવવું, ચાંલ્લો કે શણગાર ન કરવો, ચૂડીઓનો ત્યાગ કરવો વગેરે બધા રિવાજો સ્ત્રીઓના જ આગ્રહથી ચાલતા રહ્યા છે. સુધારક પુરુષોને સૌથી વધુ જુનવાણી સ્ત્રીઓ સામે ઝઝૂમવું પડ્યું છે. એક વાર ખરો કે ખોટો કોઈ પણ રિવાજ તેમના ગળે ઉતારી દો. બસ, પછી તેઓ પોતે જ તેને વળગી રહેશે. કદાચ આટલા જ કારણસર સ્ત્રીઓને હઠીલી કહી હશે. ખરું-ખોટું પકડેલું તે જલદીથી છોડી શકતી નથી. ધાર્મિક અને સામાજિક રિવાજોમાં મોટા ભાગે તે પુરુષોનું રમકડું બની ગઈ છે. પોતાના જ પકડાવેલા રિવાજોથી સ્ત્રીઓને છોડાવવી અઘરું થઈ પડે છે. કારણ કે તે પકડેલું જલદીથી છોડી શકતી નથી. કદાચ આ પ્રકૃતિના કારણે જીવનમાં સ્થાયિત્વ પણ આવતું હશે.

*બાળકો એવા નાયાબ મોતી છે, જેમને બજારમાંથી ખરીદી શકાતા નથી.*

એક સમાજ સ્ત્રીપ્રધાન હોય છે, જેના પૂરા સમાજમાં સ્ત્રીઓ કમાતી હોય છે. તે ઘર કે દુકાનો ચલાવતી હોય છે. બધો વહીવટ વ્યવહાર તેમના હાથમાં હોય છે. છોકરાના-છોકરીઓનાં લગ્નો વગેરે પુરુષને આગળ રાખીને તે જ કરતી હોય છે. આવો સ્ત્રીપ્રધાન સમાજ વિશ્વમાં જવલ્લે જ જોવા મળે છે. પણ તેમ છતાં કોઈક કોઈક જગ્યાએ હોય છે ખરો.

એક ત્રીજો સમાજ ઉભયપ્રધાન હોય છે. જે સમાજમાં નર-નારી બન્ને કમાતાં હોય છે. બન્ને પોતપોતાના અલગ નિર્ણયો કરતાં હોય છે. ભેગાં મળીને નિર્ણયો કરવાના પ્રસંગ જ ઓછા આવતા હોય છે. કારણ કે બન્ને સ્વતંત્ર હોય છે. આવો ઉભયપ્રધાન સમાજ પશ્ચિમનો છે. આ સમાજમાં પુરુષના જેટલાજ હકો (કેટલીક વાર તો વધારે) સ્ત્રીઓને પણ હોય છે. **રાજકીય રીતે કાયદો તેમના પક્ષે ઝૂકેલો રહે છે. કોઈ પણ સ્ત્રી, ગમે ત્યારે પોલીસને બોલાવીને પોતાના પતિની ધરપકડ કરાવી શકે છે. હા, કોઈ પુરુષ પોતાની પત્નીની આવી ધરપકડ કરાવી શકતો નથી.** સ્ત્રી છૂટાછેડા માગી શકે છે અને પુરુષની સંપત્તિને ખંખેરી લઈ શકે છે. આ સમાજને બહુ મહત્ત્વના સંયુક્ત નિર્ણયો કરવાના હોતા નથી. છોકરા-છોકરીઓનાં લગ્ન વગેરે તેઓ પોતે જ કરી લેતાં હોય છે. બન્નેની પોતપોતાની સંપત્તિ અલગ અલગ હોય છે. બન્નેનાં રસ, રૂચિ વિશે પ્રથમથી જ વિચાર્યું હોય છે. લગ્નજીવન ન ટકે તો છૂટાં થવાની બન્નેની તૈયારી હોય છે. બન્ને સરળતાથી છૂટાં પણ થઈ શકે છે. તેમના પરણવામાં કે છૂટા થવામાં વચ્ચે સમાજ, પરિવાર કે માતા-પિતા આડે આવતાં નથી.

આ રીતે જે વિશ્વવ્યાપી ફરિયાદ છે કે પુરુષપ્રધાન સમાજમાં, પુરુષોની જોહુકમી ચાલે છે, તે બહુ હોતી નથી. કદાચ હોય તો ગરજ પ્રમાણે બન્નેને હોય છે, પણ આવા સમાજમાં પાછલી જિંદગીમાં સ્ત્રીને વધુ સહન કરવાનું થતું હોય છે. વારંવાર નવાં નવાં લગ્નો કરનારી સ્ત્રી (અને પુરુષ પણ) પાછલી જિંદગીમાં એકાકી થઈ જાય છે. તેને સાથી તો મળે છે પણ સ્થાયી અને વિશ્વાસુ સાથી-પતિ નથી મળતો. કારણ કે તેના પોતાનામાં જ આવા ગુણો નથી રહેતા. ભારતમાં પાછલી જિંદગીમાં ડોશીઓના ખોળામાં પૌત્ર-પ્રપૌત્ર વગેરે હસતાં રમતાં દૃશ્યો જોઈ શકાય છે. જેનાથી ડોસી કે ડોસાઓનું મન ભરાયેલું રહે છે. ખાલીપણું નથી રહેતું. આવાં દૃશ્યો પશ્ચિમમાં બહુ જોવા ન મળે. આમાં વધુ તો સ્ત્રીઓને જ સહન કરવાનું રહે છે. સ્ત્રી પત્ની થવાની કે પ્રેમિકા થવાની યોગ્યતા બહુ જલદી ખોઈ બેસે છે. કુદરત તો તેને મા બનવાની યોગ્યતાથી ભરપૂર બનાવી દે છે. જીવન ખાસ કરીને નર-નારીના સંબંધો, કામાચારની જ દોરીએથી બંધાયા હોય તો વૈવિધ્યપ્રધાન આ માર્ગમાંથી સ્ત્રી બહુ જલદી પોતાનું સ્થાન ખોઈ બેસે છે. પછી તેનું કોણ? લગ્નજીવન જો માત્ર કામપ્રધાન જ ન હોય પણ લાગણીઓ અને કર્તવ્યોને પણ પૂરેપૂરું સ્થાન અપાયું હોય તો, સ્ત્રી જો પત્નીપણાની કે પ્રેમિકાપણાની ક્ષમતા ખોઈ બેસે તોપણ લાગણી અને કર્તવ્યપરાયણતાના કારણે તેને સ્થાયી અને વિશ્વાસુ પતિ મળી શકે છે. કેટલાક અંશે આ નિયમ પુરુષને પણ લાગે છે. પણ ઉભયપ્રધાન વ્યવસ્થામાં આવી શક્યતા ઓછી છે. તો શું જોઈએ?

મારી સમજણ પ્રમાણે પુરુષપ્રધાનતા જ વધુ હિતકારી અને કુદરતી છે. પશુ-પક્ષીઓમાં પણ પુરુષપ્રધાનતા જ દેખાય છે. સિંહ, વાઘ, વાનર, ગોરીલા વગેરે પશુઓમાં પુરુષની જ પ્રધાનતા દેખાય છે. એક સિંહ બધી સિંહણોનું અને એક વાનર બધી વાનરીઓનું નિયંત્રણ કરે છે. લગભગ બધે જ આ સ્થિતિ છે. **પુરુષોએ કોઈ આંદોલન કરીને આ સ્થિતિ પ્રાપ્ત કરી નથી પણ તે કુદરતસહજ પ્રાપ્ત થયું છે.** પ્રથમ તો માદાઓ કરતાં નરનું શરીર મોટું અને બળવાન હોય છે. ગાયો કરતાં આખલો, વાનરીઓ કરતાં વાનર, સિંહણો કરતાં સિંહ અને સ્ત્રીઓ કરતાં પુરુષનું શરીર ઊંચું અને મોટું હોય છે. એટલું જ નહિ બન્નેના બળમાં અને સ્નાયુ વગેરેની રચનામાં પણ ફરક છે. આવી જ રીતે બુદ્ધિમાં પણ ભારે અંતર છે. બૌદ્ધિક જગતમાં પુરુષો ઘણા આગળ છે. **વૈજ્ઞાનિકોમાં સ્ત્રીઓ કરતાં પુરુષોનું પ્રમાણ ઘણું વધારે છે. સેનાપતિઓમાં પણ પુરુષો જ મોટા પ્રમાણમાં હોય છે. આ વધુ સ્પષ્ટ રીતે સંકેત કરે છે કે પુરુષ એ પુરુષ જ છે.**

પણ આમ કહેવાનો અર્થ એવો નથી કે સ્ત્રી એ કાંઈ જ નથી. સ્ત્રી પણ મહાન છે. પણ તે સ્ત્રી રહે તો. જો તે પુરુષની નકલ કરવા લાગે તો નથી પુરુષ થઈ શકતી કે નથી સાચી સ્ત્રી રહી શકતી. તેનાં બન્ને બગડે છે. આજકાલ એક શબ્દ પ્રચલિત થવા લાગ્યો છે : 'પુરુષ સમોવડી સ્ત્રી.' આનો ખરેખર તો જે અર્થ થાય છે તે વાસ્તવિક છે કે માત્ર કહેવા ખાતર જ કહેવાયો છે, તેની વિચારણા કરી લાગતી નથી. શું સ્ત્રીઓને સ્ત્રીસમોવડા પુરુષો જોઈએ છે? કદી નહિ. જો સ્ત્રીઓને સ્ત્રીસમોવડા પુરુષ ન ગમતા હોય તો પછી પુરુષોને પુરુષ સમોવડી સ્ત્રીઓ કેમ ગમે?

મહારાણી વિક્ટોરિયાથી માંડીને ઇંદિરા ગાંધી સુધીની મહાન સ્ત્રીઓએ આવી નકલ કર્યા વિના જ પુરુષો કરતાં પણ સવાયું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ તેમની પોતાની આંતરિક શ્રેષ્ઠતા હતી. એ પુરુષોનાં કપડાં પહેરવાથી નહોતી આવી. ત્યારે શું તે પુરુષોનાં જેવાં કામ કરીને સમોવડી થવા માગે છે? પુરુષોના જેવાં કામ કરવા માટે પુરુષોની નકલ કરવાની શી જરૂર છે? આ એક પ્રકારની લઘુતાગ્રંથિ છે. ખરેખર ઘણી સ્ત્રીઓ પુરુષો કરતાં પણ જીવનનાં ઘણાં ક્ષેત્રોમાં સવાયું કામ કરનારી થઈ છે, પણ તે અપવાદરૂપ થઈ છે. અને તેમાં પણ ચીવટથી જોશો તો ખ્યાલ આવશે કે તેમને પડદા પાછળ મદદ કરનાર કોઈ ને કોઈ પુરુષો રહ્યા હોય છે. તેમ છતાં મોટા ભાગે તો સામાન્ય સ્ત્રીઓ, આવી અસાધારણ હોતી નથી. તે કુદરતી સ્ત્રીઓ જ હોય છે. નારી-જાગરણ જરૂરી છે. સ્ત્રીઓને જીવનના તમામે તમામ હક્કો મળવા જોઈએ, જે પુરુષોને મળ્યા છે, પણ તેનું નારીપણું નષ્ટ કરીને નહિ, તેનું નારીપણું રક્ષિત રહેવું જોઈએ. તે આદર્શ અને ભવ્ય નારી બને, પત્ની તરીકે, માતા તરીકે બધી રીતે; એ જ નારી-ઉત્થાન કહી શકાય. જો તેનું પત્નીપણું કે માતાપણું નષ્ટ થઈ જતું હોય તો તેને જાગરણ ન કહેવાય.

*ભક્તિ નિકેતન આશ્રમ,*
*પો.બો. નં.-૧૯, પેટલાદ (દંતાલી),*
*જિલ્લો : આણંદ-૩૮૮ ૪૫૦.*

*લડાયક જુસ્સો જાળવો, સફળતા જરૂર મળશે.*

વાર્તા

# નંદિનીને થયું છે શું?

• ડૉ. ઊર્મિલા શાહ •

**માનસ શાસ્ત્રમાં પી.એચ.ડી. જેવો ઊંડો અભ્યાસ અને શૈક્ષણિક ક્ષેત્રનો વ્યાપક અનુભવ ધરાવનાર લેખિકા ડો. ઊર્મિલાબેન શાહના શબ્દોમાં કહીએ તો.... બાળક માટે રોલમોડલ કોણ? આપણાં બાળકો આજે ઘેરા પ્રદૂષણમાં જીવી રહ્યાં છે. ટી.વી. અને ચલચિત્રોથી બાળકોને દૂર રાખવાનું આજે મુશ્કેલ છે. એટલે માનસસાસ્ત્ર જીવનમાં દરેક મા-બાપ અને દરેક શિક્ષકે ઊંડાણથી શીખવું જોઈએ, તો જ બાળકના હૃદય સુધી પહોંચી શકાય. "Parenting is the mission of my life." એટલે જ એ દિશામાં તેમણે અનેક પુસ્તકો લખ્યાં છે. ૧૯૯૨થી શરૂ કરેલી કલમની કેડી પર તેમના ૧૯માં પુસ્તક 'વડીલો સાથે વાતચીત' માંથી કેટલાક પ્રકરણો સુજ્ઞ વાચકવર્ગ સમક્ષ અત્રે પ્રસ્તુત કરતા રહીશું. તેમની અન્ય કેટલીક વાર્તા-કૃતિઓ આ અગાઉ 'મંગલ મંદિર' માં પ્રકાશિત થઈ ચૂકી છે.**

**ઉલ્લેખનીય છે કે, ડો. ઊર્મિલાબેન શાહના પુસ્તક "બાળકને સમજીએ" ને ૧૯૯૫માં ગુજરાત સાહિત્ય અકાદમીએ તેમજ ૨૦૦૫ માં "માબાપ બનતાં શીખીએ" નામના પુસ્તકને ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમી બંનેએ પુરસ્કૃત કર્યા હતા.**

*– તંત્રી મંડળ*

'બહેન, આવું?'

'એમાં પૂછવાનું હોય? તમારા સૌ માટે તો હું સદાય અહીં હાજર જ હોઉં છું ને! પછી મૂંઝાવ છો શું કરવા! કેમ આમ અકળાયેલાં લાગો છો? કંઈ બહુ મોટી મુશ્કેલી થઈ છે?'

'બહેન! એવું તો ખાસ નહીં...પણ નથી એવુંય ન કહેવાય...આ મારી નંદિની, બહેન! બાલમંદિરથી અહીં ભણે છે, પણ ક્યારેય એણે સ્કૂલમાં આવવા માટે "ના" કહી નથી. અરે! એના રિક્ષાવાળા અંકલ થોડા મોડા-વહેલા આવે તો જાણે એ કાગને ડોળે રાહ જોતી હોય! તેને બદલે હમણાં છેલ્લા દસેક દિવસથી એ સવારે ઊઠતી જ નથી અને સ્કૂલનું નામ પડે છે ને રડવા માંડે છે. બહેન! પહેલા ધોરણમાંય એણે આવું ક્યારેય કર્યું ન હતું, પણ હવે એને એકાએક શું થઈ ગયું છે તે સમજ જ નથી પડતી. હવે તો એ બીજા ધોરણમાં છે ને! સહેજ મોટી પણ થઈ. વારંવાર સ્કૂલ તો ન જ પડાયને? અને એમ એને મન થાય ત્યારે સ્કૂલે આવે ને મન ન થાય ત્યારે રજા પાડવા દઉં તો ખોટી ટેવ પડી જાય. એવું તે કેમ ચલાવી લેવાય? મારે એને શિસ્ત પણ શીખવવી તો પડે જ ને!'

'તમે એને પૂછ્યું ખરું? કેમ નથી ગમતું? કંઈ મુશ્કેલી છે?'

'હા...બહુ પૂછપૂછ કર્યું ત્યારે માંડ બોલી કે "મને મારા ટીચર બહુ ધમકાવે છે, મારે છે અને ક્લાસની છોકરીઓ બધી મને બહુ હેરાન કરે છે. જા, હું તો સ્કૂલમાં જવાની જ નથી..."

'ટીચર મારે છે? એવું બને નહિ. અમારે ત્યાં શિક્ષક ક્યારેય હાથ તો ન જ ઉપાડે...પણ છતાંય મારે બરાબર તપાસ જરૂર કરવી પડે...'

'અરે, બહેન! તમે લોકો બધું બોલો...પણ ક્લાસમાં છોકરાં પર શું વીતે છે એ તો છોકરાં અમને કહે ત્યારે જ ખબર પડે છે ને એ સાંભળી અમારાય રૂંવાડાં ખડાં થઈ જાય છે...'

'શું વાત કરો છો? વાત એટલે બધે સુધી વણસી છે!'

'હાસ્તો ને! ત્યારે કંઈ હું એમ ને એમ આજે અત્યારના પહોરમાં ઘરનું કામ મૂકીને એના પપ્પાને લઈને આવી છું! બે દિવસ પર એને માથામાં મેં હેરબેન્ડ નાંખી આપ્યું. એણે તો બિચારીએ કહ્યું... 'મમ્મી ન નાખીશ, ટીચર લડશે...અમારે ત્યાં એ નથી નાખવા દેતા..." પણ હુંય એવી કે મેં કહ્યું... "આટલું હોંશે હોંશે ખરીદ્યું છે, કોને માટે! નાંખી જા તું તારે...કંઈ ટીચર બોલવાનાં નથી...એ તો બધું કહ્યા કરે...તારા ટીચરને તો આખો દિવસ ('આ નહીં કરવાનું, પેલું નહીં કરવાનું') એવું કહ્યા કરવાની ટેવ જ છે. એમ કંઈ બધું ઓછું જ મનાય! કોક દિવસ વટ મારવાનું

JAYANT STEELS
જયંત સ્ટીલ્સ
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

મન ન થાય?" અને એમ સમજાવીને મેં એને હેરબેન્ડ નાંખીને મોકલી તે એનાં ટીચરે એને ઠપકો આપ્યો અને કઢાવીને દફતરમાં મૂકી દીધું... "બહેન! તમે જ કહો... આટલા છોકરાને આવું કરાય? એને કેટલો આઘાત લાગે! નંદિનીએ તો એ દિવસે ઘેર આવીને ખાધુંય નહીં ને રડતાં-રડતાં ઊંઘી જ ગઈ. આવડા છોકરાને માથે આવો ત્રાસ?'

આ વાત સાંભળી ઘડીભર તો હું પણ ટીચર્સ પર અકળાઈ, કોણ જાણે આ શિક્ષકો શું કરે છે? એમના હૃદયમાં બાળક માટે પ્રેમ જ નહીં હોય! અને એટલે મેં પહેલાં નંદિનીને મારી ઓફિસમાં બોલાવી અને સાથે પેલા શિક્ષકને પણ બોલાવ્યા...તો...વાત સાવ જુદી જ નીકળી.

નંદિનીને ભણાવતાં બંને ટીચર્સે કહ્યું, 'બહેન! નંદિનીનો સ્વભાવ કંઈક જુદો જ છે. એ જે કહે તે થવું જ જોઈએ...ક્યારેક અમારે ભણાવવું હોય પણ એને ભણવું ન હોય, મુડ ન હોય, કંટાળો આવતો હોય તો દાદાગીરીથી બધાં જ છોકરાંઓને વર્ગમાં આગળ આવીને કહી દે, "આજે કોઈએ ચોપડી બહાર કાઢવાની નથી...કોઈએ ભણવાનું નથી." અને બહેન, અમને! કોઈ મોટું માણસ ધમકાવીને ચૂપ રહેવા કહે તેમ આંખો કાઢીને ગુસ્સાથી કહે... "ના કહીને! હવે એક શબ્દ પણ બોલવાનો નથી." બહેન! શરૂશરૂમાં તો અમને એમ કે આ બાળકબુદ્ધિ છે, એને ધ્યાન પર ન લેવાય અને બધું ગાડું ગબડાવી દેતાં. પણ હવે એ મોટી થઈ, હવે એ દાદાગીરી તો કેવી રીતે સાંખી લેવાય? વર્ગમાં આટલું છોકરું શિક્ષકનું માન ન રાખે, કેવી રીતે ચાલે? એટલે અમે પણ બહેનને વાત કરવાનાં જ હતાં કે બહેન! આ નંદિનીને અમારાથી નહીં સાચવી શકાય...પણ ત્યાં તો તમે જ અમને બોલાવ્યાં તે સારું થયું, બધી વાતની ચોખવટ થઈ ગઈ' અને મને આશ્ચર્ય થયું...નંદિનીના આ વર્તનમાં ક્યાં નડતર છે તેનો અંદાજ મને આવતો ગયો. નંદિનીને જ મેં પાસે બોલાવી માથે હાથ ફેરવીને પૂછ્યું, 'બેટા! સ્કૂલે આવતાં કેમ ઊઠતી નથી? સવારે વહેલા ઊઠવું જોઈએ ને? રાતે કેમ વહેલી સૂઈ નથી જતી?'

'પપ્પા મોડી રાત સુધી ટી.વી. જુએ તો હું શાની સૂઈ જાઉં? મને મન ન થાય?' સાવ સાહજિકતાથી નંદિની બોલી ઊઠી અને એ સાંભળતાં જ એના પપ્પા આકળા થઈ ગયા. મેં એમને વાર્યા, પણ **આખાય વાતાવરણ પરથી મને ખ્યાલ આવ્યો કે નંદિનીના આ વર્તનના પ્રશ્નો માટે મા-બાપ જ જવાબદાર હતાં.** નંદિની એકની એક દીકરી. એના પપ્પાની લાડકી, ખૂબ મોઢે ચઢાવેલી અને તેને માટે રોલમોડેલ તો એના પપ્પા જ. એટલે પપ્પા જે રીતે વર્તે એમ જ નંદિની તો વર્તેને! **નિરીક્ષણ અને અનુકરણ એ જ તો બાળકના સામાજિકરણની પ્રક્રિયામાં મુખ્ય અંગો છે. બાળક હંમેશાં આપણે કહીએ તેમ નહીં, આપણે કરીએ તેમ કરે છે**...એટલે એમાં નંદિની શું કરે?

★

*આ નાનાં બાળકોને હું ચાહું છું અને પ્રભુ પાસેથી તાજાં જ આવેલાં એ બાળકો આપણને ચાહે એ ખરેખર નજીવી બાબત નથી.* **- ડીકન્સ**

*૨૫, પાર્શ્વ બંગ્લોઝ, એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. : ૯૯૭૯૨ ૩૦૪૦૪*

## ગુજરાત રાજ્યના પ્રધાનો / ધારાસભ્યોને પગાર - ભથ્થાં

- **પ્રધાનોને માસિક પગાર ભથ્થાં :**
  રૂા. ૭૭,૧૦૮/- વત્તા ડ્રાઈવર સહિત મોટરકાર વત્તા અન્ય સવલતો.

- **ધારાસભ્યોને માસિક પગાર - ભથ્થાં :**

રાજ્ય સરકારના નીચલી શ્રેણીના વર્ગ-૧ અધિકારીને ચૂકવાય છે, તેટલો મૂળ પગાર રૂા. ૨૧,૦૦૦/- વત્તા ટેલિફોન ચાર્જ રૂા. ૪,૦૦૦/- ટપાલ - લેખન સામગ્રી ભથ્થું રૂા. ૩,૦૦૦/- અંગત મદદનીશ ભથ્થું રૂા. ૩,૦૦૦/- મળીને રૂા. ૩૧,૦૦૦/- અને તેની ઉપર ૧૦૭ ટકા મોંઘવારી ભથ્થું મળીને રૂા. ૬૪,૧૭૦/- વત્તા અન્ય સવલતો.

- **અન્ય સવલતો :**

૧. **દૈનિક ભથ્થું :** વિધાનસભાનું સત્ર કે સમિતિની બેઠકમાં હાજરી આપવા આવે ત્યારે દૈનિક ભથ્થું રૂા. ૨૦૦/-

૨. **મુસાફરી ભથ્થું :** કિલોમીટર દીઠ ચૂકવણી પેટ્રોલની કારમાં રૂા. ૮/- લેખે, ડીઝલની કારમાં રૂા. ૭/- લેખે. સી.એન.જી. કારના રૂા. ૪/- લેખે. દ્વિચક્રી વાહનમાં રૂા. ૨/- લેખે. અન્ય રીતે કરવામાં આવેલી મુસાફરીમાં રૂા. ૨/- લેખે. જો રેલવેનો ઉપયોગ થાય તો ફર્સ્ટ અથવા સેકન્ડ એ.સી. ભાડું.

૩. **રેલવે મુસાફરી :** પતિ-પત્ની તથા બે બાળકો સાથે ગુજરાતમાં ફર્સ્ટ અથવા સેકન્ડ એ.સી.માં મફત. ગુજરાત બહાર પોતે વર્ષમાં ૧૦ હજાર કિલોમીટર અને સહયાત્રીઓ સાથે ૨૦,૦૦૦ કિલોમીટર સુધી મફત.

૪. **એસ.ટી. મુસાફરી :** તદ્દન મફત. પતિ-પત્ની તથા અન્ય બે કુટુંબીઓ સાથે.

૫. **વિમાની મુસાફરી :** વર્ષમાં ત્રણ વખત આખા ભારતમાં ગમે ત્યાં આવવા-જવા સાથે, કુટુંબના એક સભ્ય સાથે.

૬. **તબીબી સારવાર :** પતિ-પત્ની તથા કુટુંબીજનને માન્ય કોઈપણ હોસ્પિટલમાં તદ્દન મફત.

૭. **ટેલિફોન :** વતનના નિવાસ સ્થાને તથા ગાંધીનગરના ક્વાર્ટર ખાતે ટેલિફોન તથા ભાડું.

***નોંધ*** **:** તમામ પ્રધાનો, સંસદીય સચિવો, વિપક્ષી નેતા તથા અન્ય હોદ્દેદારોને એકસરખા પગાર-ભથ્થાં મળે છે.

*કોઈપણ વ્યક્તિને સાચા અર્થમાં પારખવી હોય તો તેને સત્તાસ્થાને બેસાડી દો.*

તંદુરસ્તી

# અનિદ્રા (Insomnia) – (3)

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

"અનિદ્રા" વિશે પહેલાના લેખોમાં આપણે જાણ્યું કે –

(૧) અનિદ્રાની ફરિયાદ બીમારીનું લક્ષણ છે, બીમારીનું નિદાન નથી.

(૨) યોગ્ય સારવાર માટે મૂળ બીમારીનું નિદાન કરવું ખૂબ જ અગત્યનું છે. શારીરિક વૈદ્યકીય તપાસ, મનની તપાસ, લેબોરેટરી તપાસ તથા અન્ય જરૂરી તપાસ દ્વારા મૂળ બીમારીનું નિદાન કરાય છે.

આ લેખમાં આપણે સારવાર વિશે જાણકારી મેળવીએ

## ● અનિદ્રાની સારવાર :

વૈદ્યકીય સારવાર માટે સોનેરી નિયમ છે "(યોગ્ય નિદાન કરી) કારણ જાણી કારણ પ્રમાણે સારવાર કરો" (Treat the cause)

અનિદ્રાની ફરિયાદ દ્વિતીય કે અન્ય બીમારીઓને લીધે હોય તો મૂળ બીમારીની યોગ્ય સારવાર કરવાથી મૂળ બીમારી કાબૂમાં આવે છે તથા અનિદ્રાની ફરિયાદ દૂર થાય છે. નીતિનના કેસમાં અનિદ્રાની ફરિયાદ હતાશાની બીમારીને લીધે હતી. હતાશાની બીમારીની યોગ્ય સારવાર કરવાથી અનિદ્રાની ફરિયાદ દૂર થઈ. અનિદ્રાની ફરિયાદ માટે અલગથી સારવાર કરવાની જરૂર ન પડી.

અનિદ્રાની ફરિયાદ પ્રાથમિક અનિદ્રાની બીમારી (Primary Insomnia) તરીકે હોય કે કોઈક વખત દ્વિતીય બીમારીની યોગ્ય સારવાર બાદ પણ અનિદ્રાની ફરિયાદ રહે તો નીચે પ્રમાણે સારવાર કરાય છે.

## ● દવા સિવાયની સારવારની પદ્ધતિઓ (Non - pharmacological Methods) :

(અ) મનને અશાંત/ઉત્તેજીત કરનારી પરિસ્થિતિ/વસ્તુઓથી દૂર રહો (Stimulus Control)

(બ) ઊંઘ માટેના સોનેરી નિયમો/ટેવ (Good sleeping Habits)

(ક) માનસિક શિથિલતા (Mental Relaxation)

(ડ) કોગ્નિટીવ થેરાપી (Cognitive Therapy)

### (અ) મનને અશાંત/ઉત્તેજીત કરનારી પરિસ્થિતિ/વસ્તુથી દૂર રહો (Stimulus Control)

(૧) ચા, કોફી, કોલાયુક્ત ઠંડા પીણા સાંજ બાદ ન લો.

(૨) સાંજ બાદ ધ્રુમપાન, તમાકુનું સેવન ન કરો.

(૩) યોગ્ય સમયે રાતના જમી લો. મોડી રાત્રે જમવાનું ટાળો, રાતનું ભોજન હળવું લો. રાત્રે પેટ ભરીને ન જમો

(૪) સુવાના સમય પહેલા દલીલબાજી ટાળો. મનને ઉત્તેજિત કરનારી પરિસ્થિતિ ટાળો.

(૫) બપોરના સુવાનું ટાળો.

(૬) સાંજ બાદ જોમભરી (Vigorous) શારીરિક કસરત ન કરો.

(૭) રાતના ટી.વી. જોવાનું ટાળો (ઊંઘ ન આવે તો પણ).

(૮) ઊંઘ ન આવે તો પણ રાત્રે ઘડિયાળ ન જુઓ.

(૯) ઊંઘ ન આવે તો પણ પથારીમાં બેઠા ન થાઓ, પથારી ન છોડો.

### (બ) ઊંઘ માટેના સોનેરી નિયમો/ટેવ (Good Sleeping Habits)

તાજગીભરી ઊંઘ માટે મન તથા પાંચેય ઈન્દ્રિયો શાંત થાય એ પ્રકારનો બેડરૂમ/વાતાવરણ હોવું જરૂરી છે.

(૧) બેડરૂમ શાંત, આરામદાયક, હળવા પ્રકાશ/અંધારાવાળો હોવો જોઈએ.

(૨) શરીરની સ્થિતિ સૂતી વખતે આરામદાયક હોવી જોઈએ.

(૩) ફક્ત સૂવા માટે જ પથારીનો ઉપયોગ કરો. દિવસના ભાગમાં કે સાંજે પથારીમાં આળોટવાનું ટાળો.

(૪) સવારના ઊઠવાનો સમય નિયમિતપણે એક જ રાખો. રાતના ગમે તેટલા વાગે ઊંઘ આવી હોય તો પણ સવારના રોજના સમયે ઊઠી જાઓ.

### (ક) માનસિક શિથિલતા (Mental Relaxation) :

માનસિક શિથિલતા મેળવવા સક્રિય પ્રયત્ન કરવો જોઈએ. યોગા, વિપશ્યના, શવાસન, ધ્યાન, ચિંતન (Meditation) જેકોબસનની પ્રોગ્રેસીવ મસ્ક્યુલર રીલેક્ષેસન વગેરે અલગ અલગ પદ્ધતિઓ છે આમાંની એક અથવા વધારે પદ્ધતિઓ વ્યક્તિ અપનાવે અને માનસિક શિથિલતા મેળવે.

દરરોજ નિયમિત માનસિક શિથિલતાની પ્રેક્ટીસ કરવી અગત્યનું છે.

નિયમિત સવારના શારીરિક કસરત (Exercise) કરવી, નિયમિત સવારના ચાલવાનું (morning walk), નિયમિત રમવાનું (ટેબલ ટેનિસ, બેડમિન્ટન વગેરે - સ્પર્ધા નહીં), નિયમિત તરવાનું (Swimming) વગેરેથી પણ રાત્રે સારી ઊંઘ આવે છે.

રાતના સૂતી વખતે આરામદાયક શરીરની સ્થિતિમાં શિથિલતા (relaxation) કરવાથી તરત જ ઊંઘ આવી જાય છે.

### (ડ) કોગ્નિટિવ થેરાપી (Cognitive Therapy) :

ઊંઘ વિષેની માહિતી સૌને હોય છે પરંતુ ઘણી વખત આ માહિતી વૈજ્ઞાનિક સત્યથી વેગળી હોય છે. આ ભૂલભરેલી માહિતીને લીધે વ્યક્તિમાં ગેરસમજ ઉત્પન્ન થાય છે તથા અનિદ્રાની તકલીફ થાય છે.

*પસ્તાવાની આગમાં બધી જ ભૂલો ભસ્મ થઈ જાય છે.*

**(૧) ઊંઘનો સમય :** કોગ્નિટિવ થેરાપીમાં ઊંઘ વિષેની વૈજ્ઞાનિક માહિતી દર્દી તથા પરિવારજનોને આપવામાં આવે છે. ખાસ કરીને ઊંઘ કેટલા કલાક આવવી જોઈએ તથા સપનાઓ શા માટે આવે છે અને સપનાઓ વિશે પ્રતિક્રિયા કેમ બદલવી.

*કેસ સ્ટડી :* નિશાને (નામ બદલ્યું છે) રાત્રે મોડેથી ઊંઘ આવતી હતી. રાતના બે એક વાગ્યા પછી ઊંઘ આવતી હતી. સવારના ઊંઘ નવેક વાગે ઉડતી. આને લીધે સવારના ઘરના કામકાજમાં મોડું થઈ જતું. ફેમિલી ડોક્ટર પાસેથી દવા લીધી. ઝાઝો ફરક ન પડ્યો. લેખકના અભિપ્રાય માટે નિશા અને એનો પતિ કિશોર આવ્યા.

ઊંડાણમાં માહિતી મેળવી, જે નીચે પ્રમાણે છે. નિશાના મનમાં દૃઢ માન્યતા હતી કે આઠ કલાકની ઊંઘ તો મળવી જ જોઈએ. નિશાને લાગતું હતું કે એને ઊંઘ ઓછી મળે છે એટલે એ સવારના સમયસર ઊઠી શકતી નથી. નિશા પોતાનું કામ પતાવ્યા પછી બપોરે બે કલાક સૂઈ જતી હતી.

સારવારમાં (કોગ્નિટિવ થેરાપી) નિશા તથા કિશોર જોડે ચર્ચા કરી ઊંઘ વિશે વૈજ્ઞાનિક માહિતી આપી કે ૭ કલાકની ઊંઘ પણ અમુક વ્યક્તિ માટે પુરતી થઈ પડે છે. નિશાને સમજાયું કે એ રાતના ૬ કલાક ઊંઘ કરે છે તથા બપોરના બે કલાક ઊંઘ કરે છે એટલે ટોટલ ૮ કલાકથી વધારે ઊંઘ કરે છે.

સારવારમાં બપોરની ઊંઘ બંધ કરાવી. રાત્રે ગમે તેટલા વાગે ઊંઘ આવે પરંતુ સવારના ધીમે ધીમે વહેલા ઉઠવા પ્રયત્ન કરવા કહ્યું. દર ત્રણ-ચાર દિવસે અડધો કલાક વહેલા ઉઠવાનો પ્રયત્ન નિશાએ કર્યો. ત્રણ મહિનાના પ્રયત્ન બાદ નિશા સવારે ૬.૩૦ વાગ્યાની આસપાસ ઊઠવા લાગી. આને લીધે રાત્રે પણ ઊંઘ વહેલી આવવા માંડી. થોડા સમય બાદ નિશાને ઊંઘ રાત્રે ૧૧.૦૦ વાગ્યાની આસપાસ આવવા લાગી.

આમ કોગ્નિટિવ થેરાપી તથા ઊંઘ માટેના નિયમો/ટેવમાં ફેરફાર કરવાથી નિશાની ઊંઘ નોર્મલ થઈ.

**(૨) ખરાબ સપનાઓ :**

*કેસ સ્ટડી :* અશોકને (નામ બદલ્યું છે) ''ખરાબ'' સપનાઓ આવતાં હતાં. જેને લીધે અશોક બેચેન રહેતો હતો. અશોકને સપના આવતાં હતાં કે એ બહારગામ જાય છે ત્યારે રસ્તામાં એની કારને અકસ્માત થાય છે. બીજું સપનું થોડા સમય બાદ આવ્યું કે એના ખાસ મિત્રને હાર્ટ ઍટેક આવે છે. આને લીધે અશોક ખૂબજ બેચેન રહેતો હતો.

કોગ્નિટિવ થેરાપીની સારવારમાં અશોકને વૈજ્ઞાનિક માહિતી આપેલ કે આર.ઈ.એમ. (REM) ઊંઘના તબક્કામાં બધાને સપના આવે છે. બીજે દિવસે કોઈને યાદ રહે છે બીજી વ્યક્તિઓ ભૂલી જાય છે. સપનાઓ આવે છે એને લીધે તકલીફ નથી પરંતુ ''ખરાબ'' નકારાત્મક પ્રતિક્રિયાને લીધે તકલીફ થાય છે, બેચેની થાય છે. સપનાઓ વિશે ખરાબ કે નકારાત્મક પ્રતિક્રિયા આપવાનું બંધ કરવાની સલાહ આપી. અશોકની બેચેની દૂર થઈ.

**(૩) મને રાત્રે ઊંઘ આવશે કે નહીં?**

અનિદ્રાથી પીડાતા દર્દીને ચિંતા રહે છે કે આજે રાત્રે ઊંઘ આવશે કે નહીં? આ ચિંતાને લીધે નકારાત્મક ન્યુરોટ્રાન્સમિટર્સ (કેમિકલ) મગજમાં ઉત્પન્ન થાય છે જેથી ઊંઘ આવવામાં તકલીફ થાય છે.

કોગ્નિટિવ થેરાપીમાં દર્દીને ડાયરીમાં નોંધ રાખવાની સલાહ આપવામાં આવે છે. દરરોજ રાત્રે કેટલા વાગે ઊંઘ આવી તથા કેટલા કલાક ઊંઘ આવી એની નોંધ બીજે દિવસે સવારે દર્દી રાખે છે.

બીજી સલાહ આપવામાં આવે છે કે જ્યારે પણ નકારાત્મક વિચાર આવે કે આજે ઊંઘ આવશે કે નહીં ત્યારે દર્દી તરત જ પોતાની જાતને હકારાત્મક સુચના આપે છે મને વ્યવસ્થિત ઊંઘ આવશે તથા આગલી રાત્રે પણ મને વ્યવસ્થિત ઊંઘ આવી હતી.

ડાયરીની નોંધ દ્વારા દર્દીને જાતે સમજાય છે કે દરદીને બરોબર ઊંઘ આવે છે.

- **દવા દ્વારા સારવાર (Pharmacological) :**

સંશોધન દ્વારા સાબિત થયેલ છે કે મગજના (Brain) તથા મનના (mind) કાર્યો રસાયણો - ન્યુરોટ્રાન્સમિટર્સ દ્વારા થાય છે. મગજની સૂક્ષ્મ કોશિકાઓ (જેને ન્યુરોન કહેવામાં આવે છે) વચ્ચે સંદેશા મોકલવાનું કાર્ય અલગ અલગ ન્યુરોટ્રાન્સમિટર્સ કરે છે. અનિદ્રાનું લક્ષણ મગજના ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં થતા ફેરફારને લીધે થાય છે.

અનિદ્રાની ફરિયાદ દૂર કરવા માટે અલગ અલગ પ્રકારની દવાઓ ઉપલબ્ધ છે. અલગ અલગ દવાઓ અલગ અલગ ન્યુરોટ્રાન્સમિટર્સ પર અસર કરે છે. મુખ્ય દવાઓ નીચે પ્રમાણે છે : (૧) બેન્ઝોડાયાઝેપીનસ Benzodiazepines (૨) નોન-બેન્ઝોડાયાઝેપીનસ (Non-Benzodiazepines) (૩) એન્ટિડીપ્રેશન્ટસ (anti-depressants) (૪) એગોમેલેટિન (Agomelatin) (૫) એન્ટિસાયકોટિક્સ (Antipsychotics) (૬) એન્ટિ-હિસ્ટામિનિક્સ (Antihistaminics) (૭) મેલેટોનિન (Melatonin).

સામાન્ય રીતે બેન્ઝોડાયઝેપીનસ, નોન બેન્ઝોડાયાઝેપીન્સ, એગોમેલેટોનીન, એન્ટિડીપ્રેશન્ટસ ઊંઘ માટે વપરાય છે

દવાઓ કઈ આપવી, કેટલી માત્રામાં આપવી, કેટલો વખત આપવી એ સારવારની કળા છે, જે દર્દી પ્રમાણે નક્કી કરાય છે. દવાની આડ અસર નજીવી જેવી હોય છે. આડ અસર દવા તથા દવાની માત્રા પર આધાર રાખે છે

- **સારાંશ :**

(૧) અનિદ્રાની ફરિયાદ બીમારીનું લક્ષણ છે, બીમારીનું નિદાન નથી

(૨) યોગ્ય નિદાન કરવું ખૂબ અગત્યનું છે.

(૩) સારવારમાં (અ) દવા સિવાયની સારવારની પદ્ધતિઓ તથા (બ) દવા દ્વારા સારવાર કરાય છે. સારવારના પરિણામો અન્ય બીમારીની જેમ આવે છે.

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા',*
*એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.*
*ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

*આપણે ત્યાં સુધી જ સજ્જન હોઈએ છીએ, જ્યાં સુધી દુર્જન બનવાની આપણને તક મળી નથી હોતી.*

જરા યાદ કરો કુરબાની....

કચ્છ


# ભારત - પાકિસ્તાન રણયુદ્ધ અને કચ્છ સત્યાગ્રહ

• સંજય પી. ઠાકર •

**કચ્છ સરહદે ખેલાયેલા ભારત - પાકિસ્તાન વચ્ચેના યુધ્ધની સુવર્ણ જયંતી (ઇ.સ. ૧૯૬૫-૨૦૧૫) નિમિત્તે જંગની ટૂંકી તવારીખ સાથે તત્પશ્ચાતની ઐતિહાસિક સામૂહિક લડત કચ્છ સત્યાગ્રહ (૧૯૬૮)ની નોંધનીય બાબતો અત્રે પ્રસ્તુત છે. ભારે વીરતા દાખવી રાતભર સરદાર ચોકી ટકાવી રાખનારા એસ.આર.પી.એફ.ના જાંબાઝ જવાનોની સ્મૃતિમાં દર વર્ષે ૯મી એપ્રિલે "શૌર્ય દિવસ" ઉજવાય છે.**



ઈ.સ. ૧૯૬૫ના નવમી એપ્રિલના દિને કચ્છના મોટા રણમાં સરદાર ચોકી બોર્ડર પીલર નં. ૧૧૧૫ ઉપર પાકિસ્તાની લશ્કરે પૂરી તૈયારી સાથે હુમલો કર્યો હતો. ભારતના સી.આર.પી.એફ. (સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ)ના માત્ર ૨૦૦ જવાનોએ પોતાના જીવની પરવા કર્યા વિના પાકિસ્તાની બ્રિગેડના ૩૫૦૦ જવાનોને કચ્છની સરહદે ઘૂસતા રોક્યા હતા. આ યુદ્ધમાં ભારતના છ જવાનો શહીદ થયા હતા. સી.આર.પી.એફ. રણમોરચે લડાઈ કરવા કોઈ રીતે સક્ષમ નહોતું. તે છતાં સરદાર બી.ઓ.પી. (બોર્ડર આઉટ પોસ્ટ) ટકાવી રાખી હતી. **દર વર્ષે ૯મી એપ્રિલના રોજ કચ્છના રણમાં આ સરદાર ચોકી ખાતે શહીદ જવાનોને સલામી આપી સી.આર.પી.એફ. "શૌર્ય દિવસ" ઉજવે છે.** આમ આપણા અર્ધલશ્કરી દળના જાંબાઝ જવાનોએ પોતાના પ્રાણની આહૂતિ આપી માતૃભૂમિને તે સમયે બચાવી હતી અને તે પછી કેન્દ્ર સરકારે પાક સાથે મંત્રણા યોજી હતી. જાનની બાજી ખેલી જવાનોએ બચાવેલી કચ્છની જમીન દુશ્મન રાષ્ટ્ર પાકિસ્તાનને સુપરત કરાઈ હતી. તે વખતે ભારતના તમામ રાષ્ટ્રીય પક્ષોએ સમગ્ર રાષ્ટ્રમાં અને સંસદમાં વિરોધ નોંધાવ્યો હતો અને આખા દેશમાં રાષ્ટ્રવાદની ભાવના જગાવવા માટે અને કચ્છની માભોમકા પરત મેળવવા માટે **"કચ્છ સત્યાગ્રહ" આંદોલનની શરૂઆત એપ્રિલ - ૧૯૬૮માં થઈ હતી. "કચ્છ કી ધરતી, મેરે દેશ કી ધરતી" સુત્ર સાથે ચળવળ ચલાવવામાં આવી હતી.** કચ્છની ભૂમિ બચાવવાની લડતમાં પોતાના ઘરબાર, કારકિર્દી છોડીને દેશદાઝ - કચ્છદાઝ સાથે નીકળી પડેલા સેંકડો યુવાનોએ ઐતિહાસિક લડત - તવારીખી સામૂહિક કૂચ કરી હતી અને તે કચ્છના ઇતિહાસની સંગઠિત યાદગાર લડત બની રહી છે.



કચ્છના રણ પર પાકિસ્તાની લશ્કરે ૧૯૬૫ના એપ્રિલ મહિનામાં પૂરી તાકાત સાથે આક્રમણ કર્યું ત્યારે કેન્દ્ર અને રાજ્ય અનામત પોલીસ દળના મુઠ્ઠીભર જવાનોએ ભારે બહાદુરીથી રાતભર સરદાર ચોકી ટકાવી રાખીને ઇતિહાસ સર્જ્યો એનો જોટો વિશ્વમાં બીજે ક્યાંય જોવા મળે તેમ નથી. છતાં ઘાસિયા મેદાનવાળો છાડબેટ સહિતનો રણનો ભાગ આપણે મંત્રણાના મેજ પર ગુમાવવો પડ્યો. કચ્છ ટ્રિબ્યુનલના એ ચુકાદાને પગલે જ ૧૯૬૮માં કચ્છ સત્યાગ્રહ થયો અને દેશભરમાંથી રાષ્ટ્રીય કક્ષાના વિપક્ષી નેતાઓ અહીં ઊમટી પડ્યા. **ટ્રિબ્યુનલના કાર્યક્ષેત્રમાં કચ્છની આખી ભૂમિ સરહદનો મુદ્દો સામેલ ન કરીને ભારતે જે ભૂલ કરી એના માઠાં પરિણામ આજે આપણે ભોગવી રહ્યાં છીએ.**

૧૯૬૫નું યુદ્ધ કચ્છ સરહદે જ ખેલાયું હતું. ૯થી ૨૧ એપ્રિલ દરમ્યાનના ૧૨ દિવસ કચ્છ અને આપણા દેશ માટે ભૌગોલિક સીમાંકન બાબતે મહત્ત્વના બની રહ્યાં હતાં. **આ યુદ્ધ પછી જરૂરિયાત**

*જીવનમાં સાદગી સ્વાભિમાનને જગાડે છે.*

**વર્તાતાં સીમા સુરક્ષા દળ (બી.એસ.એફ.)ની રચના કરવામાં આવી હતી.** કચ્છના રણમાં ૧૯૬૫ અને ૧૯૭૧માં પાકિસ્તાન સાથે બે યુદ્ધ ખેલાયાં. ૧૯૬૫નો જંગ રણ પૂરતો સીમિત રહ્યો હતો પરંતુ કચ્છનાં મહત્ત્વના એવા ચારિયાણ વિસ્તાર છાડબેટની બાદબાકી માટે જવાબદાર આ સંઘર્ષે દેશભરમાં રાષ્ટ્રપ્રેમનો જુવાળ સર્જ્યો હતો. ૧૯૬૫ના જંગ સમયે મોરચા પર તૈનાત કેન્દ્રીય અનામત પોલીસ દળ અને રાજ્ય અનામત પોલીસના જવાનોએ પાકિસ્તાનના હુમલા સાથે બાથ ભીડી હતી.

ઑપરેશન ડેઝર્ટ હોક્સના નામ તળે લશ્કરની આઠમી પાયદળ ડિવિઝનની ૫૧મી બ્રિગેડને ભારતની સરદાર ચોકી પર કબજો કરવાની કામગીરી સોંપાઈ હતી. ૯મી એપ્રિલ, ૧૯૬૫ની મધરાતે ૩.૩૦ વાગે આખી પાકિસ્તાનની બ્રિગેડ સરદાર ચોકી પર તૂટી પડી ત્યારે તે ચોકી પર સી.આર.પી.એફ.ની નાની ટુકડી તૈનાત હતી. માત્ર ત્રણ મશીનગનો અને નાનાં શસ્ત્રોથી સજ્જ ૨૦૦-૨૫૦ જવાનો સામે ટેન્ક મોર્ટાર જેવા ભારે શસ્ત્રો સાથે ૩૦૦૦ સૈનિકોની બ્રિગેડ હતી. પરંતુ સી.આર.પી.એફ.ના જવાનોએ ચોકી કબજે કરવા દીધી નહીં.

ત્યાર પછી ભારતે પણ બીજી બ્રિગેડ તૈનાત કરી, ટેન્ક વિરોધી સુરંગો બિછાવાઈ. આ વચ્ચે રણમાં નાની-મોટી અથડામણો ચાલુ હતી.

## ૧૯૬૫ : અનેક મહત્ત્વના બનાવોનું સાક્ષી – કચ્છ

ઈ.સ. ૧૯૬૫ના એપ્રિલમાં કચ્છની રણસીમાએ છાડબેટ પરના નાપાક આક્રમણ જેવી ઘટના ઘટી હતી. યુદ્ધ ખેલાયું હતું તો એ જ વર્ષમાં જે ઘટનાક્રમ સર્જાયો તેના પરથી કહી શકાય કે છેલ્લા ૬૫-૭૦ વર્ષમાં ૨૦૦૧ના ભૂકંપને બાદ કરતાં કચ્છ પર સૌથી વધુ અસર કરી હોય તો તે ૧૯૬૫નું વર્ષ છે.

*જોઈએ ઘટમાળ –*

★ સીમા સુરક્ષા દળની ભારતમાં ડિસે. ૧૯૬૫માં રચના થઈ એનું નિમિત્ત મૂળ તો ૧૯૬૫નું કચ્છ સરહદે ખેલાયેલું યુદ્ધ જ છે. આ વર્ષ દરમ્યાનની **નોંધપાત્ર કામગીરીને લીધે કચ્છના એ સમયના કલેક્ટરશ્રી કોએલ્હોને પદ્મશ્રીનો એવોર્ડ એનાયત થયો હતો. સરકારી નોકરને આવો એવોર્ડ ખુદ એક અપવાદ છે.**

★ '૬૫ના યુદ્ધને કારણે જ ભુજ - ખાવડા રોડ કચ્છને મળ્યો અને એ દરમ્યાન જ કેટલાક સરહદી વિસ્તારમાં દેશવિરોધી તત્ત્વોની વાંધાજનક પ્રવૃત્તિઓ ધ્યાનમાં આવતાં નરા જેવા વિસ્તારમાં **પંજાબના ખડતલ ખેડૂતો** વસાવવાનો નિર્ણય લેવાયો હતો. ભુજ - ખાવડા રોડ પર રુદ્રમાતા પુલ બંધાયો.

★ કચ્છ સરહદી પ્રદેશનો દરજ્જો ધરાવતો હોઈ **આકાશવાણીનું કેન્દ્ર** પણ '૬૫માં મળ્યું.


★ તત્કાલીન વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીના હસ્તે **કંડલા ફ્રી ટ્રેડ ઝોન**નું ઉદ્‌ઘાટન ૭મી માર્ચ '૬૫માં થયું. જે કચ્છના આર્થિક વિકાસનું મહત્ત્વનું સોપાન બન્યું. હવે તે કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન તરીકે કાર્યરત છે.

★ ભુજ - અમદાવાદ **રેલ સંપર્ક** '૬૫ જ થયો.

★ કચ્છ - સૌરાષ્ટ્રને જોડતા **સૂરજબારી પુલ**નો વિચાર પણ એ જ વર્ષે વહેતો થયો.

★ સુથરી ખાતે તે સમયના **મુખ્યમંત્રી બળવંતરાય મહેતા**નું વિમાન તોડી પડાતાં તેમનું નિધન થયું.

આ બધા બનાવોને પચાસ વર્ષ થયા.




ભારતીય લશ્કરની મર્યાદિત પ્રમાણમાં હાજરી સાથે સરહદી ચોકીઓ સી.આર.પી.એફ. અને એસ.આર.પી.એફ.ના હવાલે હતી. બારમી એપ્રિલના સરદાર ચોકી નજીક થયેલી અથડામણમાં પાકિસ્તાનના ઓછામાં ઓછા છ સૈનિક માર્યા ગયા. સતત છમકલાં ચાલુ રહ્યાં. પાકિસ્તાને બીજા તબક્કામાં વધુ દળ સાથે મોરચો ગોઠવ્યો. ૨૦મી એપ્રિલે પાક સેનાએ વ્યૂહ બદલાવી છાડબેટ પ્રદેશમાં ભારતીય ચોકી પર હલ્લો કર્યો. ત્યારે આક્રમણમાં આઠ ભારતીય પોલીસ નરબંકા શહીદ થઈ ગયા. હુમલાખોરોએ ચોકીને ભારે નુકસાન પહોંચાડ્યું. ૨૦મી અને ૨૧મીના આક્રમણ સાથે પાકિસ્તાને કંજરકોટ અને છાડબેટ પર કબજો કરવાનો મનસુબો પાર પાડી નાખ્યો. ૩૦મી એપ્રિલ સુધી સરહદી ચોકીઓ પર તંગદિલી ચાલુ જ રહી. પાકિસ્તાની દળો સરદાર ચોકી, વિધાકોટ અને છાડબેટના છ માઈલ સુધીના વિસ્તારમાં પ્રવેશી ગયા હતા. ભારતીય દળોએ સરદાર ચોકી, વિધાકોટ અને બિયારબેટની દક્ષિણ ધરી પાછી જીતી હતી.

**૩૦ જૂનના સવારે ૬.૩૦ વાગે યુદ્ધવિરામ કરાર પર સહી થઈ** ત્યારે બદલામાં પાકિસ્તાને ડીંગ, સુરઈ, કંજરકોટ વિસ્તારમાં ૨૦ ચો.માઈલની પટ્ટીમાં પેટ્રોલિંગનો અધિકાર મેળવ્યો. પાકિસ્તાને જો કે તેના કબજા હેઠળના બિયારબેટ પોઈન્ટ ૮૪ અને કંજરકોટ ચોકી


*શીખવાની એક ઉત્તમ રીત છે, સવાલ પૂછવો અને પછી ધીરજપૂર્વક તેનો જવાબ સાંભળવો.*

પરથી પોતાના દળો પાછા ખેંચી લીધા. યુદ્ધવિરામના કરારની કલમ મુજબ સીમા નક્કી કરવા બંને દેશો વચ્ચે કચ્છ ટ્રિબ્યુનલની રચના થઈ હતી.

**૧૯૬૫ના એપ્રિલમાં ખેલાયેલા આ જંગને સત્તાવાર યુદ્ધનો દરજ્જો આપવાની વાત ઠેઠ ૨૦૦૬માં કેન્દ્રીય ગૃહમંત્રી શિવરાજ પાટીલે કરી હતી.** આ યુદ્ધમાં પાકિસ્તાનના ૧૩૪ સૈનિકોનો સોથ વળ્યો. આપણા પક્ષે સી.આર.પી.એફ.ના પાંચ જવાનો **નાયક કિશોરસિંહ**, સીઆઈ **જ્ઞાનચંદ**, સીઆઈ **સમશેરસિંહ**, સીઆઈ **હદુરામ** અને સીઆઈ **સતીષ પ્રધાને** ભારતના પાકિસ્તાન સાથેના જંગમાં પ્રથમ શહીદી અર્પી. આ ઉપરાંત દસ જવાનો ઘવાયા હતા અને ૧૯ લાપતા બન્યા હતા. ૨૧મી એપ્રિલે તોપમારામાં એસ.આર.પી.ના હેડ કોન્સ્ટેબલ **જી.ડી. ભોંસલે** વીરગતિ પામ્યા હતા. તે વખતે ઘાયલોની સારવાર મિલિટરી હોસ્પિટલ - ભુજમાં **કમાન્ડર કેપ્ટન ડો. રાજારામે** કરી હતી.



૧૯૬૫માં એપ્રિલ પછી સપ્ટેમ્બરમાં મુખ્યત્વે પંજાબ સરહદે જંગ છેડાયો હતો અને કચ્છ સરહદે તંગદિલીભર્યા ધડાકા થયા હતા. અહીં **૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૫નો ગોઝારો દિવસ પણ ઉલ્લેખનીય છે.** તે દિવસે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી બળવંતરાય મહેતા ડાકોટા વિમાનમાં ઓખા જઈ રહ્યા હતા. જામનગરથી ઉડ્ડયન બાદ તેમણે કચ્છના કાંઠાળ વિસ્તાર નલિયા પાસેથી ચક્કર લગાવીને હવાઈ નિરીક્ષણ કરવાની સૂચના આપી ત્યારે બપોરે ૪.૦૬ કલાકે પાકિસ્તાનના સેબરજેટ વિમાનો આ મુલકી ડાકોટા વિમાન પર ત્રાટક્યા હતા. આ હુમલાખોર વિમાનોએ બળવંતરાય મહેતાના વિમાનને સુથરી (અબડાસા) ગામની સીમમાં તોડી પાડ્યું હતું.



આપણો કચ્છ જિલ્લો ૧લી મે, ૧૯૬૦ના દ્વિભાષી મુંબઈથી અલગ પડી ગુજરાત રાજયનો ભાગ બન્યો. ત્યારબાદ ૯મી એપ્રિલ, ૧૯૬૫ના પાકિસ્તાની દળોએ ઉત્તરીય કચ્છની સરહદે કંજરકોટ વિસ્તાર પર આક્રમણ કર્યું અને લડાઈ થઈ જે ઇંગ્લેન્ડની દરમ્યાનગીરીથી દોઢ માસ બંધ થઈ અને દિલ્હીમાં 'કચ્છ કરાર' તરીકે જાણીતો કરાર થયો. ભારત - પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય સરહદ નક્કી કરવા સંયુક્ત રાષ્ટ્રસંઘની ટ્રિબ્યુનલની રચના થઈ, **જિનિવામાં બેઠકો યોજાઈ. ૧૯ ફેબ્રુઆરી, ૧૯૬૮ના કચ્છ એવોર્ડ જાહેર થયો** અને ટ્રિબ્યુનલે રણના વિસ્તાર પૈકીનો ૯૦ ટકા વિવાદાસ્પદ વિસ્તાર કચ્છનો એટલે કે ભારતનો જાહેર કર્યો અને ૩૦૦ ચો.કિ.મી. વિસ્તાર કે જયાં ભુજથી બસ સુદ્ધાં દરરોજ જતી - આવતી હતી તે કંજરકોટ, છાડબેટ અને ધારબન્ની વિસ્તાર પાકિસ્તાનને ભાગે જાહેર કર્યો. આ કચ્છ (ભારત)ની જ ભૂમિ હતી છતાં ઝુંટવાઈ. તેથી દિલ્હીમાં વિરોધ પક્ષમાં બેઠેલા દેશના તત્કાલીન ખેરખાંઓ સળવળી ઊઠ્યા અને વિરોધ પક્ષે સંસદમાં હોબાળો મચાવી દીધો. પણ શાસક કોંગ્રેસ પક્ષે દાદ ન દીધી અને અંતે ૨૧મી એપ્રિલ, ૧૯૬૮માં કચ્છમાં રણની સરહદે સત્યાગ્રહનો લોકશાહી ઢબે પ્રારંભ થયો. જે ખાવડા, છાડબેટ, કચ્છ સત્યાગ્રહના નામે ગાજ્યો. તે વખતે સૂત્ર અપાયું હતું : 'કચ્છ કી ધરતી, દેશ કી ધરતી....' જનસંઘ ઉપરાંત સ્વતંત્ર પક્ષ, પ્રજા સમાજવાદી પક્ષ, સંયુક્ત સમાજવાદી પક્ષ અને અપક્ષની આ સંયુક્ત લડત હતી.



૨૧મી એપ્રિલે ભારતીય જનસંઘના પ્રમુખ હરિસિંહ ગોહીલની આગેવાની હેઠળ ખાવડાથી સત્યાગ્રહીઓની ટુકડીએ લડતનો પ્રારંભ કર્યો. **આ લડત ૧૭ દિવસ ચાલી અને તેમાં દેશના તે સમયના દિગ્ગજ નેતા અટલબિહારી વાજપેયી, મધુ લિમયે, જયોર્જ ફર્નાન્ડિઝ, રાજનારાયણ, નાથપાઈ, આરીફ મોહમ્મદ બેગ, મધુ દંડવતે, બાલ ઠાકરે, વિજયારાજે સિંધિયા તથા ગુજરાતના કેશુભાઈ પટેલ, ચીમનભાઈ શુક્લ, સનત મહેતા, હેમાબેન આચાર્ય, ઈન્દુલાલ**

*પરોપકાર બદલ પુરસ્કારની અપેક્ષા રાખવી નહિ.*

**યાજ્ઞિક, દિલ્હીના મદનલાલ ખુરાના, આસામના હેમ બરુઆ સહિતના આગેવાનો કચ્છ પહોંચ્યા. કચ્છીઓ પણ પોતાની ભોમકા માટે બહાર નીકળી પડ્યા. રાજ પરિવારના હિંમતસિંહજી, બિહારીલાલ અંતાણી, ગુલાબશંકર ધોળકિયા, પ્રાણલાલ શાહ, પત્રકાર ફૂલશંકર પટ્ટણી, ઈન્દુભાઈ જાની, જ્યોત્સનાબેન પટ્ટણી, દીપક ધોળકિયા, તુલસી બોડા, અમૃતપ્રસાદ અંતાણી, માધવસિંહજી મોકાજી આદિ**ની સાથે સેંકડો પ્રજાજનો - યુવાનો હાથમાં વાવટા લઈને રણમાં તાપની પરવા કર્યા વગર આ લડાઈમાં જોડાયા હતા. એટલું જ નહિં અનેક નામી - અનામી વિદ્યાર્થી નેતાઓ, ભાઈ-બહેનો સાથે ધરપકડ વહોરી હતી. લોકોએ બનતો સહકાર આપ્યો હતો. સત્યાગ્રહની જાણકારી આપવા જુદી જુદી ટુકડીઓ દેશભરમાં ફરી વળી હતી અને ‘કચ્છ હો યા કોહિમા - અપની ધરતી - અપની માં’ તથા ‘કચ્છ કરાર તોડ દો...’ના નારા ગુંજી ઉઠ્યા હતા. એમને દોઢ-બે મહિના સુધી જેલમાં ગોંધી રખાયા હતા. અફસોસ, કે સમગ્ર સત્યાગ્રહ નિષ્ફળ રહ્યો અને આપણી જમીન તો ગઈ તે ગઈ.

કોલેજમાં અભ્યાસ કરતા ૧૮થી ૨૨ વર્ષના નવયુવાનો અને બીજા રાષ્ટ્રભાવનાથી રંગાયેલા યુવાનોની પ્રથમ ટુકડી **૨૧મી એપ્રિલ, ૧૯૬૮ના રોજ જ્યોર્જ ફર્નાન્ડિઝના નેતૃત્વ હેઠળ** ભુજથી ખાવડા, કંજરકોટ, ઈન્ડિયા બ્રિજ, રામ કી બજાર (કચ્છ સરહદની છેલ્લી ચોકી) સુધી ગઈ હતી. ત્યાં બે હજાર સત્યાગ્રહીઓની સામૂહિક ધરપકડ કરી દેશલપર (વાંઢાય) તા. ભુજ ગામે સદનવાડી મધ્યે એક અઠવાડિયા સુધી રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ ભાવનગરની સેન્ટ્રલ જેલમાં સત્યાગ્રહીઓને એક મહિના સુધી રાખ્યા હતા. અન્ય રાષ્ટ્રીય નેતાઓ અટલબિહારી વાજપેયી ટુકડી સાથે સાબરમતી અમદાવાદ જેલમાં, **આરીફ મોહમ્મદ બેગ ટુકડી સાથે જામનગર મધ્યસ્થ જેલમાં અને રાજનારાયણ ટુકડી સાથે રાજકોટ સેન્ટ્રલ જેલમાં ગયા હતા.** ૪૭ વર્ષ બાદ જેઓ હાલ હયાત છે એવા નવયુવાન સત્યાગ્રહીઓ હાલે ૬૦ વર્ષ ઉપર અને ૭૦ વર્ષ સુધીના સિનિયર સિટીઝન્સ છે. વતનપ્રેમનો ઝંડો ફરકાવનારાઓ આજે આત્મસન્માન ઝંખે છે. રાજ્ય કક્ષાની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ભુજ ખાતે ૨૦૧૩માં થઈ ત્યારે સત્યાગ્રહીઓને સન્માનવાના હતા પણ કોણ જાણે કેમ એ મુલતવી રખાયું! અને હા, કચ્છ સરહદે જવાનો વીરગતિ પામ્યા તેની યાદમાં **ભુજના હિલ ગાર્ડન ખાતે ‘શહીદ સ્મારક’ ઊભું કરવાની યોજના પણ હાથ ધરાઈ છે.**

*(વિશેષ સહયોગ : શ્રી કાંતિલાલ વેલજી ભાવસાર, પ્રમુખ, કચ્છ સત્યાગ્રહી મંડળ, સને ૧૯૬૮, ભુજ)*

***બી/૧, પ્લોટ-૧૭૨, ઓધવવિલા,***
***આઈયા નગર, મુંદ્રા રોડ, ભુજ (કચ્છ)-૩૭૦ ૦૦૧.***
***ફોન : (૦૨૮૩૨) ૨૩૦૧૫૩ ● મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩***

## અહિંસા અને શૂરવીરો

ચોક્કસપણે અહિંસા એક ઉત્તમ સિદ્ધાંત છે, ઉત્તમ તત્ત્વ છે, પરંતુ તે પશુ-પક્ષીઓ તથા નિર્દોષ જીવો માટે છે. દુષ્ટો અને આક્રમણખોરો માટે અહિંસા ન હોઈ શકે.

એ પણ યાદ રાખવાની જરૂર છે કે “અહિંસા પરમો ધર્મ” એ સૂત્ર સૌ પ્રથમવાર મહાભારતમાં પ્રયોજાયું છે. કેટલીક હિંસા પાપ-પરિણામી નહી પણ પુણ્ય-પરિણામી હોઈ શકે છે. સવાલ વિવેકનો છે.

સમ્રાટ અશોકે કલિંગ વિજય પછી અહિંસાનો અતિરેક કર્યો. પરિણામે આપણે શક, કુષાણ, હૂણ વિ. આક્રમકોથી હારતા રહ્યા.

આ જ ભૂલ સાતમી સદીના રાજા હર્ષવર્ધને કરી. તેણે પણ અહિંસાનો અતિરેક કર્યો, સૈન્ય વિસર્જન કર્યું. આથી જ ‘હર્ષચરિત’ના અને ‘કાદંબરી’ના સર્જક બાણ ભટ્ટ નારાજ થઈને રાજ્ય છોડી ચાલ્યા ગયા.

ઈસ્લામના ઉદ્‌ભવ પછીના ૧૦ વર્ષમાં તો તે યુરોપના સ્પેનથી કરીને ઠેઠ મંગોલિયા સુધી ફેલાઈ ગયો. અડધાથી વધારે યુરોપમાં ઈસ્લામ ફરી વળ્યો એનું એક કારણ એ કે તે સમયના ખ્રિસ્તીઓ પર ઈશુ ખ્રિસ્તની ક્ષમાની અસર હતી, પ્રેમ અને કરુણાની અસર હતી.

આપણા દેશની વાત કરીએ તો તૈમુર લંગે સાત દિવસ સુધી દિલ્હીને સળગાવ્યું અને અનેક નાગરિકોની કતલ કરી.

અહીં આપણા દેશના ગૌરવ સમાન નાલંદા વિશ્વ વિદ્યાલયનો ઉલ્લેખ કરવો જરૂરી છે. આ વિદ્યાપીઠમાં દેશ-પરદેશના મળીને દસ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા અને બે હજાર જેટલા અધ્યાપકો હતા. પૃથ્વીરાજ ચૌહાણના પરાજય (ઈ.સ. ૧૧૯૨) પછી દિલ્હીની ગાદીએ આવેલા મહંમદ ઘોરીએ પોતાના સૂબા તરીકે બખ્તિયાર ખિલજીને પૂર્વભારત મોકલ્યો. આ બખ્તિયાર માત્ર ૨૫૦ ઘોડેસવાર લઈને નાલંદા આવ્યો અને નાલંદાના આચાર્યો તથા વિદ્યાર્થીઓ મળીને બાર હજાર લોકોની તેણે કતલ કરી. વિદ્યાપીઠનો નાશ કર્યો. અહિંસાને કારણે કોઈ બખ્તિયારનો સામનો કરી શક્યા નહીં.

જરા સરખામણી કરીએ. સિકંદરે ભારત પર આક્રમણ કર્યું (ઈ.સ.પૂ. ૩૨૩) ત્યારે તે તક્ષશિલા વિદ્યાપીઠનો નાશ કરી શક્યો નહીં. એક કારણ એ કે તે ઈસ્લામીઓ જેવો ઝનૂની ન હતો. બીજું કારણ એ કે તક્ષશિલાના મુખ્ય આચાર્યની પદવી પર ચાણક્ય બિરાજમાન હતો.

છેલ્લે : મિસાઈલ મેન ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે કહ્યું છે કે અણુશસ્ત્રો યુદ્ધ કરવા માટે નથી પણ યુદ્ધ અટકાવવા માટે છે. એની બીકને લીધે આજ સુધીમાં ઘણા યુદ્ધો ટાળી શકાયા છે.

અહિંસક લોકો શૂરવીરો પેદા કરી શકતા નથી.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*કોઈ એક ઊંચા આસન પર બેસવાથી કાંઈ ગૌરવ વધતું નથી. ગૌરવ ગુણોને કારણે આવે છે.*

ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં

# કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧-૧૯૪૮

• આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી •

## • સંગ્રામનો ઉષાકાળ :

ઈ.સ. ૧૮૯૬થી પ્રજામાં રાજ્ય પ્રત્યે - સામે થોડો સળવળાટ દેખાય છે, તે વખતે હજી વ્યવસ્થિત આકાર ધારણ નથી થયો પણ છૂટાછવાયા બનાવો તેની સાક્ષી પૂરે છે.

ઈ.સ. ૧૮૯૨-૯૩ દરમ્યાન માંડવીના **વકીલ દયારામભાઇ દેપાળા**એ, મુંબઈ જઈ 'કચ્છ સમાચાર' 'કચ્છી ઢોલ', વગેરે છાપાઓ કાઢી જનતાને ઢંઢોળવાનો પ્રયાસ કર્યો.

લાકડિયામાં સંવત ૧૯૨૭માં શિક્ષક તરીકે કામ કરતા **શ્રી ચત્રભુજ જગજીવન ભટ્ટ** પણ મુંબઈ ગયા અને ત્યાં 'કચ્છી' નામે અઠવાડિક પત્ર શરૂ કર્યું. તેમને સંવત ૧૯૫૨ના ૨૬ વર્ષ પછી (સને ૧૮૯૬) માં ભોળવી કચ્છમાં લાવ્યા અને મહેતાજી તરીકે આઠ કોરીની ઉચાપતના તહોમત હેઠળ એક વર્ષ કાચી જેલમાં અને પછી એક વર્ષ સખત મજૂરી સાથે જેલ આપી હતી. તેમણે જેલ ભોગવ્યા પછી છૂટા થઈ ઠેઠ આફ્રિકા પહોચ્યાં, ત્યારે સલામતી અનુભવી હતી.

**શેઠ લક્ષ્મીદાસ ખીમજી (જે.પી.)** મુંબઈથી કચ્છ આવતાં જાસ્તીના ભોગ બન્યા હતા.

**દવે જીવરામ હરિશંકર, શ્રી જાની** તથા બીજા સાતેક 'જણાને રુશવતખાન' બહાદુર નામે ચોપાનિયું પ્રસિદ્ધ કરવા નિમિત્તે બે વર્ષની સખત મજૂરી સાથેની સજા અને અન્યને ઓછી વધતી સજા થઈ હતી. જેલમાંથી છૂટી જીવરામ દવે નાત બહાર થયા હતા.

**માંડવીના ભગવાનજી જેઠા, મુરારજી મમલા તથા પ્રેમચંદ રવજી (નગરશેઠ ગુલાબચંદ માનસિંગના વારસ)** પ્રજાનો અવાજ રજૂ કરવા બદલ રંજાડ પામ્યા હતા.

**તા. ૨૦-૧૦-૧૯૦૨ ના મુંબઇમાં લોહાણા દરિયા સ્થાનમાં મુંબઈના કચ્છીઓની સભા મળી હતી.** તેમાં પ્રમુખસ્થાને ડૉ. ઈસ્માઈલ જાનમામદ હતા. આ સભામાં કચ્છી પ્રજાની તકલીફો રાજ્યમાં રજુઆત કરવા કમિટી નિમાઈ હતી. તેમાં (૧) ડૉ. ઈસ્માઈલ જાનમામદર, (૨) ડૉ. રજબઅલી રામજી, (૩) શેઠ ગોરધનદાસ ખટાઉ (જે.પી.), (૪) શેઠ લખમીદાસ રવજી તેરશી, (૫) શેઠ લખમશી નપુ, નેણશી, (૬) શેઠ હાજી અબુ સિધિક, (જે.પી.), (૭) શેઠ હાજી ઈસ્માઈલ હાજી અલાના (જે.પી.), (૮) હાજી ઈબ્રાહીમ નૂરાની, (૯) અલારખ્યા નુરમામદ, (૧૦) મેઘજી વલ્લભદાસ, (૧૧) ગોપાલજી રામજી, (૧૨) ખીમજી હીરજી કાયાણી, (૧૩) અબ્દુલ કરીમ હતા.

***પ્રજા જાગૃતિની આ પ્રથમ સભા અને પ્રથમ પ્રયાસ થયેલો દેખાય છે.***

આ પછી તા. ૧૬-૨-૧૯૦૩ના મુંબઈમાં કચ્છીઓની જાહેર સભા થઈ હતી. તેના સંદર્ભમાં તા. ૨૯-૭-૧૯૦૩ના મુંબઈમાં મહારાવશ્રીને ડેપ્યુટેશન મળ્યું હતું. જેમાં આગળ જણાવેલા કમિટીના જ છ સભ્યો હતા. મંત્રણા નિષ્ફળ નીવડી હતી.

કચ્છની રાજકીય સ્થિતિ સુધરવાને બદલે બગડવા માંડી. તે વખતે હિલચાલ કરનારાઓને ત્રાસ આપવામાં આવતો હતો. તે **શ્રી ખીમજી હીરજી કાયાણી**ના પુસ્તકમાં વિગત આપી છે, તે ત્રાસની જાણ કરવા ૧૮૯૮માં ખુદ કાયાણી પોતે દિવાન **મણિભાઈ જસભાઈ**ને શાંતાક્રુઝ ખાતેના તેમના બંગલામાં મળ્યા હતા અને પ્રજાની ફરિયાદો જણાવી હતી. આ ફરિયાદોના નિકાલ માટે મણિભાઈ ખુદ પોતાનો સામાન પણ ભુજમાં મુકી કચ્છ છોડી ઝડપથી તેઓ મુંબઈ પાછા ફર્યા હતા. પાછા ફરતાં તેમણે કાયાણીને સ્વમુખે કહ્યું હતું કે - કચ્છી પ્રજાનાં દુઃખ માટે પોતે (મણિભાઈ) દોષિત લાગે છે. જે માણસોને વિશ્વાસપાત્ર માની પોતે સાધારણ સ્થિતિમાંથી રાજયના અધિકારીઓ બનાવ્યા, તેઓએ જ વિશ્વાસને ખંડિત કર્યો છે. રાજયનીતિ સુધારવાની તેમની સૂચનાને તરછોડી કાઢી છે.

વળી, તત્ સમયે અંગ્રેજ સત્તાઓએ પોતાના રાજયતંત્રને મુકાબલે દેશી રાજ્યોનો વહીવટ વધારે ખરાબ માનીને તેને કારણે પ્રજાને તેથી પરેશાની થાય તે ભલે થાય, તે માટે રાજા કે રાજયને પરોક્ષ પ્રોત્સાહન આપવાની નીતિ રાખી હતી.

તે સમયમાં જ મુંબઈમાં "કચ્છ કેસરી" સાપ્તાહિક વર્તમાન પત્ર દેવપર (ગઢસીસા) ના **શા. રવેજી**એ કાઢ્યું હતું અને જનજાગૃતિને વેગ આપવાનો પ્રયત્ન કર્યો હતો.

આ અરસામાં આર્ય સમાજના અનુયાયીઓ કચ્છમાં સક્રિય બનતા હતા અને માંડવીમાં તે વખતે ત્યાંના ભાટિયા માધવદાસ વગેરેએ મંડળ બનાવી બોંબ બનાવી ફેંક્યો હતો. ભુજમાં નાગર યુવકો **શ્રી વિજયશંકર હિ. ધોળકિયા, શ્રી ગુલાબશંકર અ. ધોળકિયા, શ્રી બિહારીલાલ અંતાણી** વગેરે "સાક્ષર મંડળી" નામે રાજકારણમાં રસ લેતા હતા. તેમના દ્વારા પણ બોંબ બનાવવાના પ્રયત્નો થયા હતા. હસ્તલિખિત છાપાં પણ નીકળતાં હતાં. આ રીતે **અંજારમાં પણ ડુંગરશી ધરમશી સંપટ**ના ભાઈ પણ આ પ્રવૃત્તિમાં રસ લઈ જુદી જુદી ઉત્સાહી યુવકોની ટોળીઓ બનાવી રાજકારણના ભાવિના ભણકારા કચ્છમાં પેદા કર્યા હતા. આવી પ્રવૃત્તિ રાજયના અધિકારીઓને ના-પસંદ હોય તે સ્વાભાવિક છે. કારણકે કચ્છના **શિક્ષણાધિકારી શ્રી કરમાલી રહેમભાઈ નાનજીયાણી**ને રાજીનામું દેવાની સ્થિતિ પેદા થઈ હતી અને છૂટા થવું પડ્યું હતું.

*પરમાત્માએ તમને બે હાથ કોઈને તમાચો મારવા નહિ, પણ કોક પડેલાને ઊંચકી લેવા માટે આપ્યા છે.*

**ગાંધીયુગનો પ્રારંભ :**

સન ૧૯૧૯માં, જ્યારે ગાંધી યુગનો પ્રારંભ થયો ત્યારે, કચ્છમાં સ્થાનિકે પણ પ્રજા જાગૃતિનો સળવળાટ દેખાય છે.

૧ તેના પ્રથમ ચિહ્નરૂપે માંડવીમાં જી. ટી. હાઈસ્કૂલમાં પ્રથમવાર "સ્ટુડન્ટ એસોસિએશન" સ્થપાયું. તેમાં પ્રમુખ તરીકે **શ્રી ત્રીકમદાસ હરીદાસ વીઠાણી**, મંત્રી **શ્રી કાંતિપ્રસાદ અંતાણી,** તથા સભ્યો - **શ્રી નારાણજી તેજપાળ, શ્રી રત્નશંકર બુચ, શ્રી ખજુરીઆ** વગેરે હતા. આ એસોસિએશન તરફથી કચ્છના મોટા મેળાઓમાં જેવા કે ભૂજિયો, મોટા યક્ષ, રવેચી માતા, રામદેપીર, નારાયણ સરોવર વગેરેમાં અને લોકમાન્ય તિળકના દેહાંત જેવા દિને-પ્રસંગોએ ભારતીય નેતાઓના ફોટાઓ વેચવામાં આવતા હતા. આમાં કાંતિપ્રસાદે અગ્ર ભાગ ભજવ્યો હતો.

**૨.** ૧૯૧૯-૨૦માં "કચ્છ સેવા સમાજ" સ્થપાયો. તેની મુખ્ય ઓફિસ માંડવી હતી. તેના પ્રમુખ **શ્રી જયવિજયજી** હતા. મંત્રી **શ્રી કલ્યાણજી લાલજી વ્યાસ,** સભ્યોમાં **શ્રી કાંતિપ્રસાદ અંતાણી, શ્રી નારાણજી તેજપાળ, શ્રી પોપટલાલ ભાણજી,** ગઢશીશાના **શ્રી ખરાશંકર પંડિત** તથા અંજારના **શ્રી બૃહસ્પતિ લધારામ** હતા. તેના વ્યવસ્થિત પ્રચાર માટે કાંતિપ્રસાદે કચ્છમાં પ્રવાસ કર્યો અને નીચે મુજબ જગ્યાઓએ રાજકીય પ્રવૃત્તિનાં મંડાણ થયાં હતાં.

**ભુજ : પ્રમુખ - નગરશેઠ સાકરચંદ પાનાચંદ,** ઉપરાંતમાં **ડો. જાદવજી હંસરાજ, શ્રી વેલજી કાળા, શ્રી જોશી પ્રાગજી કચરા, શ્રી જગન્નાથ ભવાનીશંકર (મંત્રી), શ્રી અમિચંદ ખીમજી વાયડા તથા શ્રી પ્રાણલાલ સાકરચંદ મહેતા (મંત્રી)** હતા.

**ભચાઉમાં** : કન્વીનર તરીકે **શ્રી ડુંગરશી દેવશી શાહ** અને **શ્રી છગનલાલ ઉત્તમરામ ઠક્કર** હતા. તેમણે અંગ્રેજી શાળા શરૂ કરી હતી.

**આ સમયે કચ્છના રાષ્ટ્રીય કવિ શ્રી મુરારજી લાલજી વ્યાસ "નિરંજન" એ કચ્છનું રાષ્ટ્રીય ગીત 'અચ-વલો અસાંજો વતન' ગાયું હતું.**

કચ્છ સ્વાતંત્ર્ય સંગ્રામના ઉષાકાળથી - તત સમયે, રાજ્ય, સરકાર અને પોલીસની સખ્તાઈ શ્રી સંગ્રામના સહભાગીઓ માટે વિકટ માત્ર નહિં પણ શું સહન કરવાનું બનશે તેના અંગત અને સામૂહિક જોખમી સમયે, કચ્છના રાજ્યના માન્યવર નગરશેઠ સમગ્ર જૈન સમાજ અને વેપારી આલમના પ્રમુખ આગેવાન, કચ્છના જૈન તીર્થ ભદ્રેસર મંદિર સંકુલના શેઠ વર્ધમાન કલ્યાણજી નામે વ્યવસ્થાપક મંડળના પ્રમુખ આ બધી પ્રતિષ્ઠા સંપન્ન એવા First Citizen of Kutch માભોમની તત સમયે હાકલ સાંભળી નિષ્કામ, નિષ્ઠાવાન, નીડર કચ્છ સ્વાતંત્ર્ય સંગ્રામના ભુજ અને કચ્છના આ સ્વાતંત્ર્ય સંગ્રામના મહા માનવ સેનાપતિ **નગરશેઠ સાકરચંદ પાનાચંદ** (જન્મ : સંવત ૧૯૪૨ ના ચૈત્ર સુદ ૭, દેહાંત : સંવત ૨૦૦૮ ના પોષ સુદ ૮)

સને ૧૯૧૯-૨૦માં કચ્છ સેવા સમાજ નામની સંસ્થાથી કચ્છના રાજકારણના મંગલાચરણ થયા. તેના ભુજના કચ્છ સેવા સમાજના પ્રમુખ સ્થાન સંભાળી અને કચ્છમાં સ્વાતંત્ર્ય સંગ્રામની જ્યોત પ્રગટાવી, તે અખંડ જાળવવાની જોખમી જવાબદારી સ્વીકારી હતી. અને સ્વાતંત્ર્ય સંગ્રામની છેવટની સફર લગી એ જ્યોતની નિષ્કામ ભાવે રખેવાળી કરી. તે સમયના સંગ્રામના જોખમના અલગારીઓના ધ્રુવ સમા આધાર, આશ્રય અને દેશભક્તિ ના શ્રાવ જેવા વડવા તે હતા. તેમના શેઠાણી **શ્રીમતી મણિબેન** પણ નારી શક્તિના પ્રતીક બની મહેરઅલીના સમયે સંગ્રામ ચળવળના મહા ઝંઝાવાત સમયે સ્થાનિકના તેની કારોબારીના સર્વમાન્ય નેતા તરીકે સભ્ય પણ હતા. સને ૧૯૧૯-૨૦થી સંગ્રામમાં સામેલ રહી અને ૧૯૨૩ના કચ્છમાં રાજકરણના સ્પષ્ટ હેતુથી કચ્છ વ્યાપી કચ્છ પ્રજા સંઘમાં પણ સામેલ થયા. મહાત્મા ગાંધીજીની કચ્છ યાત્રા માટે હામિ બની, પ્રેરક થઈ અને ૧૯૨૫માં આગેવાની લીધી હતી. કચ્છના દુષ્કાળ - અતિવૃષ્ટિ જેવા કુદરતી આફતના રાહત કાર્યમાં સૌરાષ્ટ્ર સેવા સમિતિની કચ્છ શાખાના પ્રમુખની જવાબદારી સને ૧૯૨૭માં સંભાળી હતી. કચ્છી પ્રજાકીય પરિષદનું પહેલું અધિવેશન મુંબઈ ભરાયું. સને ૧૯૨૭માં તે પરિષદમાં સ્થાનિક કચ્છીઓનું પ્રતિનિધિત્વ છે એમ સમગ્ર કચ્છીઓ વતી હિંમતભેર પ્રમુખ તરીકે જાહેરાત કરી. એ પ્રવૃત્તિના કચ્છમાં મૂળ રોપવાનો યશ તેમને છે. પરિષદના દરેક પ્રમુખના સ્થાનિક કચ્છમાં તે નિષ્ઠાવાન રાહબર સાથી તરીકેનું કાયમી સ્થાન તેમનું હતું. કચ્છ રાજકારણના નાનામોટા ચર્ચા વિચારણા, નિર્ણયો તેમને ઘેર તે સમયના જોખમી કાળે લેવાતા હતા. મહેરઅલીના પ્રમુખપણાના ચળવળની જ્વાળા ટોચ પર હતી ત્યારે તેના જોખમી નિર્ણયો તેમને ત્યાં થઈ શકે એ હકીકત સ્વયં તેની માભોમ પ્રત્યેની નિષ્ઠા ઘણું કહી જાય છે. નિષ્કામ દેશપ્રેમ - દેશસેવાના ભેખધારી હતા. એમના કર્તવ્ય પ્રધાન કચ્છ અને કચ્છીઓ માટેના સ્વાતંત્ર્ય સંગ્રામના પુરૂષાર્થ સ્વાતંત્ર પ્રાપ્તિના અસલ મૂળ અને જ્યોતના ધુરંધર તે હતા. અને તે રીતે યાવદ્ચંદ્ર દિવાકરો કચ્છીઓના આદરપાત્ર છે.

સન ૧૯૨૦ના સમયે કોંગ્રેસનું બંધારણ નવેસર તૈયાર કરવા કમિટી નિમાયેલ. તેમાં (૧) મહાત્મા ગાંધીજી, (૨) વિઠ્ઠલભાઈ પટેલ, (૩) દાસબાબુ વગેરે હતા. તેમણે ભારતના જેમાં ભાષાવાર પ્રાંત રચનાને બંધારણમાં સ્વીકારતાં **કચ્છી ભાષાના સંબંધને ધ્યાનમાં લઈ કચ્છને સિંધ પ્રાંતનાં પેટા બંધારણમાં સામેલ કરેલ.** તે હકીકત બહાર આવતાં કચ્છનો ખરો સંબંધ તો ગુજરાતથી મુંબઈથી સવિશેષ હોવાથી આ સંબંધી ક્રાંતિપ્રસાદે પત્ર વહેવાર શરૂ કર્યો હતો અને તેના અનુસંધાને છેવટે કચ્છને ગુજરાત પ્રાંતિક કોંગેસ સમિતિમાં સામેલ રાખવા કોંગ્રેસના વડા મથકેથી નિર્ણયો લેવાયા હતા.

- **તા. ૮-૮-૧૯૨૧ :**

આનંદ ભવન, અલ્હાબાદથી કોંગ્રેસમાં

*જીવન એક રંગભૂમિ છે. તેને શ્રેષ્ઠ રીતે ભજવીએ.*

કચ્છને દાખલ થવા બાબત કાંતિ પ્રસાદને પત્ર આવ્યો હતો.

તા. ૨૬-૦૩-૧૯૨૧ ના કચ્છને ગુજરાત પ્રાંતિય કોંગ્રેસમાં સમાવી દેવા બાબત મંત્રી શ્રી ગણેશ માવળંકરનો કાંતિપ્રસાદ ઉપર પત્ર આવ્યો હતો.

ડિસેમ્બર ૨૧ ના અમદાવાદ કોંગ્રેસમાં કચ્છના બે પ્રતિનિધિ મોકલાવવાની મંજૂરી મળી. તેમાં **કાંતિપ્રસાદ તથા શ્રી વેલજી ઠાકરશી બિદડાવાલા** નક્કી થયા. સંજોગોવશાત કાંતિપ્રસાદને બદલે **શ્રી અમૃતલાલ દો. ધોળકિયા** હાજર હતા.

આમ ૧૯૨૧થી ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમિતિને કારણે **કચ્છમાં કોંગ્રેસની પ્રવૃત્તિ સક્રિય રીતે શરૂ થઈ. તેનું મુખ્ય મથક બિદડા રાખવામાં આવ્યું.** ત્યાં ખાદી ઉત્પાદક કેન્દ્ર તથા અન્ય પ્રવૃત્તિઓનો આરંભ થયો હતો. તે વખતે અગ્રણી કાર્યકરોમાં **શ્રી વેલજી ઠાકરશી, શ્રી કાંતિપ્રસાદ અંતાણી, શ્રી ગોવાળજા કોરસી (દેવપર), શ્રી જીવીબેન મગન પટેલ (કોડાય), નોંધા દેવશી (લાકડિયા) હતા.**

● **૧૯૨૨ :**

કચ્છમાં પ્રથમ ખેડૂત હિત પ્રવૃત્તિ મંજલના **શેઠ ખટાઉ વાલજી**ના માર્ગદર્શન હેઠળ શ્રી કાંતિપ્રસાદ અંતાણી દ્વારા શરૂ કરવામાં આવી. ખેડૂતોને વાગડમાં ધીરાણ વ્યવસ્થા મુંબઈના **શેઠ ખટાઉ મકનજી** પાસેથી શ્રી ખટાઉ વાલજી મારફતે થઈ હતી. આ પ્રવૃત્તિ રાહત સ્વરૂપે શ્રી ખટાઉભાઈના જીવતાં સુધી ચાલુ હતી. આ પ્રવૃત્તિમાં અન્ય સક્રિય કાર્યકરો **શ્રી ઠાકોર ગજસિંહજી (લાકડિયા), શ્રી નોંધા દેવશી, શ્રી હેમરાજ ડુંગરશી (ભચાઉ), શા. ચાંપશી ગણશી (સામખિયાળી), શ્રી રવજી વાઘજી (શિકારપર) વગેરે હતા.**

આ ખેડૂતો પરના લેણાની વસુલાત માટે કોર્ટે ન જવાની શ્રી ખટાઉએ તેના પુત્ર શ્રી વિશનજીને લેખિત સૂચના આપી હતી, તે તેણે પાળી હતી. આ ખેડૂતોને ધીરધારનાં નાણાં આધોઈ વિસ્તારમાંથી મોરબીના દરબારશ્રીએ પરત અપાવવામાં સહાય કરી હતી.

● **ખાદી તથા કોંગ્રેસ પ્રવૃત્તિ :**

આ સમયમાં અંજારમાં પણ ખાદી તથા કોંગ્રેસ પ્રવૃતિના સક્રિય કાર્યકરો તરીકે **શ્રી જાદવજી ઝવેરચંદ, શ્રી નથુ મેઘજી, શ્રી પોપટલાલ લવજી મેતા, શ્રી ઓધવજી પાનાચંદ, શ્રી લક્ષ્મીચંદ મોતીચંદ, શ્રી જમનાદાસ ગાંધી, શ્રી આશકરણ પોપટભાઈ, શ્રી જયરામ ધરમશી ગણાત્રા, શ્રી આણંદજી રણછોડદાસ નયગાંધી હતા.** આમાં કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે કાંતિપ્રસાદ અંતાણી હતા. પ્રવૃત્તિઓમાં કોંગ્રેસના સભ્યો બનાવવાનું તથા ટીળક સ્વરાજ્ય ફાળો ઉઘરાવવો એ મુખ્ય હતી.

આ પ્રવૃત્તિમાં **માંડવીમાં શેઠશ્રી દામજી વચ્છરાજ, શેઠશ્રી મીઠુભાઈ, કોડાયના શ્રી જીવીબેન પટેલ તથા શેઠશ્રી માવજી દેવજી (બિદડા)** મુખ્ય હતા.

**ભદ્રેશ્વરમાં શ્રી કલ્યાણજી સ્વામી, મુંદ્રામાં શ્રી પુરુષોત્તમ મુળજી શેઠ અને શ્રી સંઘવી કરશનજી શિવરાજ** હતા.

**ભુજમાં શ્રી નગરશેઠ સાકરચંદ પાનાચંદ, વાયડા ખીમજી ડોસા, શ્રી વચ્છરાજકાકા, શ્રી કંદોઈ વેલજી કાળા તથા શ્રી પ્રાણલાલ સાકરચંદ મહેતા** હતા.

**ભચાઉમાં શ્રી હેમરાજ ડુંગરશી, શ્રી ઠક્કર નરશીભાઈ દેવચંદ હતા, રાપરમાં શ્રી રાઘવજી દીપચંદ તથા શ્રી જોટા શામજી નાનચંદ, અબડાસામાં શ્રી શિવજી દેવશી શાહ, શ્રી બેનપુરબાઈ તથા જખૌના કુંવરબાઈ તથા બીટ્ટાના જોશી લાલજી નાનજી** હતા.

આ સમય દરમ્યાન એક ખાસ ધ્યાન ખેંચે તેવો પ્રસંગ બની ગયો છે. કચ્છમાં કોંગ્રેસ પ્રવૃત્તિને વેગ આપવા ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ કમિટીના મંત્રી શ્રી મણિલાલ કોઠારી કચ્છ આવેલા. તેમને તારીખ ૯-૮-૧૯૨૨ ના મધ્યરાત્રિના પોલીસે ગામનાં નાકાં ખાસ ઉઘડાવી, અંજારથી ઉપાડી જઈ ખારી શહેરથી મછવામાં બેસાડી દેશપાર કર્યા હતા. તે રાત્રે અંજારમાં તેમની સાથે વલુભાની ધર્મશાળામાં કાંતિપ્રસાદ ઉપરાંત **જમનાદાસ ગાંધી, પરષોત્તમ શામજી વરૂ, રામકૃષ્ણ નાણાવટી, જયરામદાસ જેઠાભાઈ તથા અબ્દુલ લતીફ** હાજર હતા. કાંતિપ્રસાદ તો તેમની સાથે જ ગયા. રાત્રે તેઓ વવાણિયામાં **શ્રી મનસુખભાઈ રવજીભાઈ મહેતા**ને ત્યાં રહી, વચ્ચે મોરબીમાં નગરશેઠ વીરચંદના ડેલામાં નજરકેદ જેમ રહી, અમદાવાદ પહોંચ્યા. આ કારણે સૌરાષ્ટ્ર કાર્યાલય, રાણપુરમાં પણ કચ્છ માટે ઠીક સહાનુભૂતિ અને સહકાર મળ્યો હતો. ત્યારે જ સરદાર વલ્લભભાઈ પટેલનો કચ્છ માટેનો સહાનુભૂતિમય પરિચય પ્રાપ્ત થયો હતો. આ પરિચય કચ્છ માટે સાદ્યંત ઉપયોગી અને શ્રેયસ્કર રહ્યો હતો.

૧૯૨૨ના ડિસેમ્બરમાં ગયા કોંગ્રેસની બેઠક માટે કચ્છના ડેલીગેટો તરીકે શ્રી કાંતિપ્રસાદે તથા શ્રી જમનાદાસ ગાંધીએ હાજરી આપી હતી. સાથે અબ્દુલ લતીફ ઈબ્રાહીમ હતા, અને ઉપરાંત ઝરિયાથી જયરામદાસ જેઠાભાઈ, શેઠ શિવજી ધરમશી શેઠિયા તથા લાલજી રામદાસ ખાસ પ્રેક્ષકો તરીકે હાજર રહ્યા હતા.

૧૯૨૩ - શ્રી બી.એન. મહેશરીએ તા. ૧૮-૩-૨૩ના મુંબઈમાં 'સ્વદેશ' અઠવાડિક શરૂ કર્યું.

તા. ૧૫-૪-૧૯૨૩ ના મુંબઈમાં (કચ્છ માંડવીના) કચ્છ સેવા સમાજના મંત્રી **કલ્યાણજી લાલજી વ્યાસે** "કચ્છી" નામે અઠવાડિક શરૂ કર્યું.

તે ઉપરાંત તે જ અરસામાં અમદાવાદથી "કચ્છ વર્તમાન" સાપ્તાહિક **છગનલાલ ભવાનશંકર મહેતા**એ શરૂ કર્યું.

તા. ૧૫-૩-૨૩ના અંજારમાં કાર્યકરોની સભા મળી. તેના ઠરાવ પ્રમાણે કચ્છમાં એક સર્વસામાન્ય સંસ્થા ખોલવી. તે અંગે વિચાર કરવા કચ્છના તથા કચ્છ બહારના આગેવાનો અને કાર્યકરોને વર્તમાન પત્રો દ્વારા **મુનિ શ્રી જયવિજયજી, શ્રી**

*ઘરમાં એકબીજાના વિચારોનું સન્માન કરતા રહો.*

**કાંતિપ્રસાદ અંતાણી, શ્રી છગનલાલ ભવાનીશંકર, શ્રી પોપટલાલ મહેતા** એમ ચારની સહીથી આમંત્રણો અપાયાં હતાં.

તે અનુસાર તા. ૧૦-૬-૨૩ના અંજારમાં વાંકલ માતાના સ્થાનકમાં સમગ્ર કચ્છીઓની મીટિંગ મળી હતી. તેમાં આ મુજબની અગ્રગણ્ય વ્યક્તિઓ હાજર રહી હતી.

કચ્છમાં રાજકીય સ્પષ્ટ હેતુથી સમગ્ર કચ્છીઓની આ સભા પહેલી હતી.

ભુજ : શ્રી અમીચંદ ખીમજી વાયડા, શ્રી પ્રભુલાલ લજાશંકર સ્વાદિયા, શ્રી પ્રાણલાલ સાકરચંદ મહેતા.

માંડવી : શ્રી દામજી વચ્છરાજ, શ્રી રવજીભાઈ જગજીવન, શ્રી ગોકુળદાસ ખીમજી, શ્રી નારણદાસ હરિદાસ સંપટ.

ખેડોઈ : શ્રી વિશ્રામ રામજી, શ્રી મુરારજી ગાંગજી

રાપર : શ્રી રાઘવજી દીપચંદ, શ્રી જોટા શામજી ન્યાલચંદ

કેરા : શ્રી મહમદ હુસેન ચમન

કોટડા : શ્રી જીવરામ કલ્યાણજી

સભામાં ખાસ આમંત્રણને માન આપી કચ્છ રાજ્યના પ્રતિનિધિ તરીકે રાજ્યના હુકમથી ન્યાયાધીશ શ્રી શંભુલાલ ગોવિંદરામ અંજારિયા (બી.એ., એલએલ.બી) એ હોદ્દાની રુએ હાજરી આપી હતી. સભામાં ૨૫૦થી વધુ હાજરી હતી. **તેમાં "કચ્છી પ્રજા સંઘ" સંસ્થાની સ્થાપના ઠરાવથી જાહેર થઈ હતી.** આ સંસ્થાના નીચે પ્રમાણે કાર્ય વાહકો ચૂંટાયા હતા.

પ્રમુખ : મુનિશ્રી જયવિજયજી

ઉપપ્રમુખ : વેલજી ઠાકરશી (બિદડા), આણંદજી રણછોડદાસ (અંજાર)

મંત્રીઓ : ગોકળદાસ ખીમજી (ખાદી પ્રવૃત્તિ માટે), તથા છગનલાલ ભ. મહેતા (પરદેશમાં પ્રચાર માટે)

જનરલ મંત્રી : કાંતિપ્રસાદ અંતાણી

ખજાનચી : દામજી વચ્છરાજ (માંડવી), જીવરામ કલ્યાણજી (કોટડા), જમનાદાસ ત્રિકમદાસ ગાંધી (અંજાર)

સભ્યો : રવજી જગજીવન (માંડવી), આણંદજી દેવશી (ભુજપુર), અબ્દુલ રહેમાન હકીમ (માંડવી), અમીચંદ ખીમજી (ભુજ), ગૌરીશંકર ભગવાનજી (મુન્દ્રા), પોપટલાલ લવજી મેતા (અંજાર), અબ્દુલલતીફ ઈબ્રાહીમ (અંજાર), પ્રાણલાલ સાકરચંદ (ભુજ), રાઘવજી દીપચંદ (રાપર), બૃહસ્પતિ લધારામ (અંજાર), દોશી સૌભાગ્યચંદ્ર ધારશી (અંજાર), શામજી નાનચંદ જોટા (રાપર) સુંદરદાસ રણછોડદાસ (અંજાર), ગોકુળદાસ હરિદાસ (અંજાર), જયરામદાસ જેઠાભાઈ (અંજાર), ખેતશી શ્રીજી સાહેબ (ભુજપુર).

કચ્છના વિવિધ સ્થળોએ સભાઓ યોજાઈ હતી.

તા. ૧૯-૭-૧૯૨૩ના ભુજમાં મોટામાં મોટી જાહેર સભા ભીડના ચોકમાં મળી હતી. તેમાં પ્રમુખ સ્થાને સાધ્વી આનંદ લહેરી હતાં.

તા. ૨૩-૭-૨૩ ના મુન્દ્રામાં મીટિંગ મળી હતી. તેના પ્રમુખ તરીકે મુનિશ્રી કલ્યાણજી સ્વામી હતા. આ સભાઓમાં અગત્યના પ્રવક્તા તરીકે મુનિશ્રી જયવિજયજી રહેતા. સાથે મંત્રી કાંતિપ્રસાદ રહેતા હતા. રાજ્યને આ રાજકારણના જુવાળથી રાજ્યતંત્રમાં ભયગ્રંથી શરૂ થઈ. અંગ્રેજ સરકારે તેમાં પ્રોત્સાહન આપ્યું અને તા. ૨૯-૭-૨૩ ના પ્રમુખ શ્રી જયવિજયજી મહારાજને દેશપાર કર્યા. તેમની સાથે કાંતિપ્રસાદ પણ ગયા અને સૌરાષ્ટ્ર કાર્યાલય, રાણપુરમાં આશરો મેળવ્યો. તે પછી તરત મુનિશ્રીએ નિવૃત્તિ લીધી હતી.

તા. ૪-૮-૨૩ ના પ્રજાસંઘમાં આશકરણ પોપટભાઈ, પ્રેમજી રાઘવજી તથા વાલમજી નારણજી કાર્યકરો તરીકે જોડાયા હતા.

આસો સુદ ૧ સંવત ૧૯૮૦માં માંડવીમાં મીટિંગ મળી હતી.

ડિસેમ્બર ૧૯૨૩માં કોકનાડા કોંગ્રેસમાં ડેલીગેટ તરીકે કાંતિપ્રસાદ અંતાણી તથા નાનાલાલ ડી. ઉપાધ્યાય ગયા હતા.

● **૧૯૨૩ :**

૧. તા. ૨૦-૭-૨૩ ના ભુજ મુકામે પ્રજા સંઘની સભામાં **શેઠ માનસંગ કચરાભાઈ, નગરશેઠ સાકરચંદ પાનાચંદ, જગન્નાથ ભવાનીશંકર, ભીમજી માનસંગ જોડાયા હતા. સંસ્થાના પ્રમુખપદે ગોકુળદાસ ખીમજી (માંડવીવાળા) ચૂંટાયા હતા.**

૨. તા. ૧૩-૮-૨૪ ના મુન્દ્રા મુકામે મળેલ સભામાં કરશનજી શિવરાજ (મુન્દ્રા), જટાશંકર લધુભાઈ મહેતા (અંજાર) તથા કુમારશ્રી વેરીસાલજી (નાગ્રેચા) જોડાય હતા.

૩. ૧૯૨૪ની બેલગામ કોંગ્રેસમાં ડેલીગેટ તરીકે કાંતિપ્રસાદ અંતાણી તથા પ્રાણલાલ એસ. મહેતાએ હાજરી આપી હતી. તેમની સાથે શ્રી જયરામદાસ નયગાંધી પણ હાજર રહ્યા હતા.

આ જ સમય દરમ્યાન કચ્છી પ્રજા સંઘના પ્રમુખ શ્રી ગોકુળદાસ ખીમજીએ અબડાસા ગડરો વગેરે વિસ્તારોમાં બહોળો પ્રવાસ કરી ગામેગામ પ્રજા જાગૃતિની જ્યોત પ્રગટાવી હતી. તે જ રીતે મંત્રી તરીકે કાંતિપ્રસાદે મુન્દ્રા, અંજાર તથા વાગડ તાલુકામાં પ્રવાસો કરી ઠેઠ ખડીર સુધી ગામેગામ પ્રજા જાગૃતિની જ્યોત પ્રગટાવી હતી. અને આ રીતે કચ્છનાં લગભગ મોટાં ગામોએ કાર્યકરો બની સંખ્યાબંધ લોકો માભોમ માટે ભેખધારીઓ થયા હતા.

આમ કચ્છમાં સ્થાનિક રાજકીય જાગૃતિ આવવા લાગી હતી. જેના ફળ સ્વરૂપે કચ્છમાં રાજકીય સંગ્રામનાં બીજ ૧૯૧૯થી ૧૯૨૩ ના સમય દરમ્યાન વ્યવસ્થિત સ્વરૂપે ફાલવા લાગ્યાં. તે જ અરસામાં મુંબઈમાં પણ કચ્છી પ્રજાની જાગૃતિના ટેકામાં છાપાં શરૂ થયા. તેથી "કચ્છ રાજ્યને ભડક જાગી હતી. રાજાઓ અંગ્રેજી રાજ્યના ટેકેદાર હતા. રાજ્ય સાવધ રહ્યું" આવા રિપોર્ટ રાજ્યે મંગાવવા શરૂ કર્યા હતા.

***સંપાદક : હરેશ ચ. ધોળકિયા***

***(પ્રાપ્ત કર્તા : ઘનશ્યામભાઈ પી. ઠક્કર - અમદાવાદ)***

*જે પરિસ્થિતિ અનુસાર બદલાતો નથી તેણે નુકસાન વેઠવું પડે છે.*

# શેષ રહ્યું છે લખપત

• લીલાધર ગડા •

લખપત... નામ યાદ આવતા કેટલી સ્મૃતિઓ સળવળી ઊઠે. ઈ.સ. ૬૩૨માં ચીની પ્રવાસી હ્યુ એન. સાંગની નોંધપોથીમાં કચ્છના ઉત્તર પશ્ચિમ છેડાના આ સમુદ્ર પ્રદેશનો ઉલ્લેખ છે. હ્યુ એન. સાંગ લખે છે 'વ્યાપારિક પ્રવૃત્તિઓથી આ બંદર ધમધમે છે. વહાણોની લંગાર છે. એક તરફ માલ ખાલી થાય છે જ્યારે બીજી તરફ વહાણોમાં માલ લદાય છે. સિંધુ નદીની ઉપશાખા પુરણ સિંધુના મીઠા જળ અહીં ઠાલવે છે અને તેનાથી આ સઘળો પ્રદેશ ફળદ્રુપ છે. અહીંથી દરિયાપાર વેપાર થાય છે. વણજારાની પોઠી માલ લાદી ઉત્તર હિન્દુસ્તાન તરફ જાય છે. અહીં આસપાસના પ્રદેશમાં ૮૭ જેટલા બુદ્ધવિહારો અને ગુફાઓ છે.'

લખપતનું અસ્તિત્વ હ્યુ એન. સાંગની સાતમી સદીની નોંધપોથીથી પણ અગાઉનું છે. ગ્રીક સમ્રાટ સિંકદર જેણે ઈ.સ. પૂર્વેની ત્રીજી સદી દરમિયાન હિન્દુસ્તાન પર ચડાઈ કરી હતી ત્યારે કચ્છ એક ટાપુ હતો અને ગ્રીક વહાણો લખપતથી આગળ ખાડીમાં દાખલ થઈ કચ્છની પૂર્વના છેડા સુધી જતાં હતા અને ત્યાંથી હિન્દુસ્તાન માટેનો પગરસ્તો શરૂ થતો હતો. **સિંધુ સંસ્કૃતિ અને તેનાથી આગળના કાળના અવશેષો કચ્છની રણકાંધીના પ્રદેશોમાં ઠેરઠેર મળતા રહ્યા છે.** નખત્રાણાનું ખીરસરા, દેશલપર, ગુંતલી, ખાવડા, પચ્છમનું કુરન, ખડીરનું ધોળાવીરા, રાપર તાલુકાના લોદ્રાણી, બેલા, મોવાણા, ભચાઉ તાલુકાના કાનમેર અને હમણાં છેલ્લે છેલ્લે કચ્છ રાજસ્થાનની રણસીમા પર ઉમેદપુર...આ બધા સ્થળો ઉત્તર કચ્છની સમૃદ્ધિ અને સંસ્કૃતિની સાક્ષી પૂરે છે. કોરી નદીના મુખ પાસેના કોટેશ્વર, લખપત અને હાલના કચ્છના રણના કુરન, ધોળાવીરા, બેલા, કાનમેર — આ સૌ મીઠા પાણીના સરોવર પરના શહેરો સંભવી શકે. રણ કદાચ ત્યારે સરોવર હશે.

સિકંદરે હિન્દુસ્તાન પરના વિજય પછી પોતાના સામ્રાજ્યના એક બંદરી થાણું સ્થાપ્યું હતું જેનું નામ હીલેનાપોલીસ (Hylenoplois) હતું, જે કદાચ આજના લખપતની શરૂઆત હશે. ત્યાર પછી ઉત્તરોત્તર લખપતનો વિકાસ થતો ગયો. હિન્દુસ્તાનનો પશ્ચિમ છેડો અને સિંધનો દક્ષિણ છેડો એટલે લખપત - કોરી ખાડી કોટેશ્વર પશ્ચિમ હિન્દુસ્તાનમાં બૌદ્ધ ધર્મનો ફેલાવો છેક છેડા સુધી પહોંચ્યો અને ત્યાં બુદ્ધ વિહારો અને ગુફાઓની સંખ્યા એકસોની આસપાસ થઈ હશે.

**લખપત માત્ર વ્યાપાર વાણિજ્યનું કેન્દ્ર બની ન રહેતા આફ્રિકા અને વિશેષતઃ આરબ દેશો અને યુરોપના દેશો સાથે સાંસ્કૃતિક આદાનપ્રદાનનું કેન્દ્ર બની રહ્યું.** સાતમી સદીથી ચૌદમી સદી સુધી સાતસોથી આઠસો વર્ષ સુધી એનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો. સિકંદરના મૃત્યુ પછી આ સમગ્ર પ્રદેશમાં શાંતિ હતી જે ઈસ્લામ ધર્મના ઉદય સુધી રહી. સિંધથી હિન્દુસ્તાન તરફ ચડાઈ કરવા માટે કોરી ખાડી એક માત્ર સરળ રસ્તો હતો અને તેથી સિંધના રાજાઓ કે ત્યાર પછી સૂબાઓ રાજ્ય વિસ્તાર માટે આ માર્ગ પસંદ કરતા. કચ્છના સૌથી મોટા શહેર અને સૌથી મોટા વ્યાપાર કેન્દ્રને સિંધ તરફના આક્રમણથી રક્ષણ આપવા કિલ્લો બાંધવામાં આવ્યો. મુન્દ્રા અને માંડવી બંદરોનું નિર્માણ ચારસોથી સાડા ચારસો વર્ષ અગાઉ એટલે સોળમી સદીમાં થયું તે અગાઉ લખપત વહાણવટામાં શિખર પર હતું. ઝાંઝીબાર, માડાગાસ્કર, ઈથોપિયા, ઍડન અને યુરોપના દેશો તરફ દેશી વહાણો, કોટિયા, મંજુ, બથેલા ડંકી (આ બધા દેશી વહાણોના નામો છે) ફરી વળતા. ભારતના પશ્ચિમ કિનારા મલબાર, કેરાલા સાથેનો ઉત્તર હિન્દુસ્તાન સાથેનો વેપાર પણ લખપતથી થતો.

સિંધમાં મુસ્લિમ સુબાઓનું રાજ્ય સ્થપાયા પછી અત્યાર સુધીનું સૌથી સુરક્ષિત બંદર અસુરક્ષિત થવા લાગ્યું. કચ્છમાં રા રાયધણના શાસન વખતે ઈસ્લામનો પ્રભાવ વધવા લાગ્યો એટલે લખપતની અસલામતી પણ વધવા લાગી. ૧૭૦૧થી ૧૯૫૦ - ૨૫૦ વર્ષ દરમિયાન રાજકીય ઉથલપાથલો અને કુદરતી આફતોનો ભોગ કચ્છ અને વિશેષતઃ ઉત્તર પશ્ચિમ કચ્છ બન્યું અને એક વખત ત્રીસથી ચાલીસ હજારની વસતિ ધરાવતા શહેર લખપતની વસતિ ઘટીને ૧૯૭૦ દરમિયાન માત્ર ચારસોની થઈ ગઈ. અઢીસો વર્ષની લખપતની તવારીખ તે લોકોની આંખે અશ્રુ લાવે છે, જેમને કચ્છ પ્રત્યે મમતા અને લાગણી છે.

- **ઈ.સ. ૧૭૫૦ :**

સિંધનું રાજ્ય કલ્હોરા (મુલસમાન સૂબાઓ) ના હાથમાં આવ્યું. કલ્હારાઓએ દક્ષિણ સિંધમાં પોતાના ઈજનેરી કૌશલનો પરિચય આપ્યો. સિંધુ નદીના તટપ્રદેશમાં ૭૦૦થી વધારે નાની-મોટી નહેરોનું સમારકામ કર્યું અને નાની નાની ઉપશાળાઓને નહેરોમાં પરિવર્તિત કરી અંદાજે બાવીસ લાખ એકરને સિંચાઈ હેઠળ લાવી જમીનને ફળદ્રુપ બનાવી. જેને પરિણામે સિંધના સૂકા વિસ્તારોમાંથી લોકો સ્થળાંતર કરી અહીં વસ્યા અને આ વિસ્તારની વસતિ ૩૦ લાખની થઈ. સિંધુ નદીની ઉપશાખા પુરન લખપત પાસેથી વહેતી હતી અને આ વિસ્તારમાં ચોખાનો મબલખ પાક થતો હતો. લાલ ચોખા સિંધી ચોખાના નામે પ્રસિદ્ધ હતા.

- **૧૭૫૬-૫૮ :**

આ ત્રણ વર્ષ દરમિયાન આશ્ચર્યજનક રીતે સિંધુના વહેણ પશ્ચિમ તરફ ખસવા લાગ્યા (હમણા બિહારમાં જેમ કોસી નદીએ

*સંસારના દરેક જીવ પ્રત્યે દયાભાવ રાખો.*

માર્ગ બદલ્યો છે) વહેણ બદલવાથી લગભગ અડધી વસતિ અસરગ્રસ્ત થઈ અને છેલ્લે છેલ્લે ત્યાં ભૂખમરા જેવી સ્થિતિ પેદા થઈ.

- **૧૭૬૨-૬૫ :**

સિંધના સૂબા ગુલામશાહ ક્લોરાને પોતાનું રાજ્ય વિસ્તારવાની લાલસા જાગી અને એને રળિયામણો કચ્છ સર કરવો હતો. **આ સમય દરમિયાન એણે કચ્છ પર ત્રણ ચડાઈઓ કરી અને ૧૭૬૨માં ઝારાના યુદ્ધમાં (જેને કચ્છનું પાણીપતનું યુદ્ધ કહે છે) કારમી હાર ખમવી પડી.** અલબત્ત, આ ચડાઈઓ દરમિયાન તેણે લખપત કબજે કર્યું હતું અને ત્યાં લૂંટફાટ પણ કરી હતી. ગુલામશાહ અને કચ્છના મહારાવશ્રી વચ્ચે સંધિ થતાં તેણે લખપત પાછું મહારાવશ્રીને સોંપી દીધું. પણ કારમી હાર તે સ્વીકારી ન શક્યો. હારના બદલામાં તેણે મોરાબેટ પાસે લખપત પરિસરમાં વહેતી સિંધુની શાખા પુરન આડે બંધ બાંધી દીધો અને પુરનના જળને સિંધમાં અન્યત્ર વાળી દીધા. આ લખપતની પડતીના એંધાણ હતા.

- **૧૭૬૫-૮૫ :**

કચ્છમાં રાજયગાદીએ રાયધણજી આવતા અંધાધૂંધી ફેલાઈ. આ સમય દરમિયાન કચ્છના ક્રોમવેલ જમાદાર ફતેમામદે લખપતને સુરક્ષિત કરી જૂના કિલ્લાનું વિસ્તરણ હાથ ધર્યું અને અભેદ કિલ્લાનું નિર્માણ કર્યું. અત્યારે જે કિલ્લાના ખંડેરો છે તે કિલ્લો જમાદાર ફતેમામદે બનાવ્યો છે.

- **૧૮૦૧-૧૮૧૦ :**

કલ્હોરા વંશ પછી સિંધમાં તાલપોર વંશ રાજયગાદીએ આવ્યો. લપપતથી ઉત્તર પૂર્વમાં તેઓએ અલીબંદર નામે બંદરગાહ ઊભી કરી. આ અલીબંદરે એક આડબંધની પણ ભૂમિકા ભજવી. પરિણામે લખપતના ઉત્તરવાસનો ફળદ્રુપ સાયરા વિસ્તાર વેરાન બનતા લાગ્યો. કોરી નદી પર લખપતના ઉપરવાસનું સિંદરી બંદર રેતીથી ભરાવા લાગ્યું કારણકે પુરનના વહેણ કે જે રેતી-કાંપ ઉલેચી જતાં હતા તે બંધ થયા અને ધીરેધીરે સિંદરી બંદર નકામું બની ગયું.

- **૧૮૧૯ :**

લખપત અને આમ જુઓ તો સમગ્ર કચ્છને પાયમાલ કરનાર ૧૮૧૯ના કારમા ધરતીકંપે કુઠારાઘાત કર્યો. આ ધરતીકંપની તીવ્રતા એટલી ભયાનક હતી કે સિંદરી બંદર જમીનમાં ગરક થઈ ગયું અને પુરન જ્યાંથી સિંધુ નદી ફંટાઈ કચ્છ તરફ આવતી હતી તેના મુખ આડે અંદાજિત ૫૦ કિ.મી. જેટલો આડબંધ ઊભો થઈ ગયો જેને સિંધ અને કચ્છમાં અલ્લાહનો બંધ કહે છે. આને કારણે પુરન નદીના થોડા ઘણા પ્રમાણમાં વહેતા પાણી બંધ થઈ ગયા અને નદીના વિસ્તારમાં દરિયાના ખારા પાણી ફરી વળ્યા. ચોખાનો મબલખ પાક પેદા કરનાર વિસ્તાર રણ બની ગયો. દરિયાના પાણી ૨૫ કિ.મી. વિસ્તારમાં ફરી વળ્યા અને એક આખો સમૃદ્ધ પ્રદેશ ખારાપાણીનું સરોવર બની ગયું. ઉનાળામાં ધીખતા તાપમાં બાષ્પીભવનથી પાણી વરાળ બની ઊડી જાય અને પછી રહી જાય છે ખારી જમીન - ખારો પાટ.

- **૧૮૨૬ :**

ધરતીકંપના સાત વર્ષ પછી સિંધુ નદીમાં ભયંકર પૂર આવ્યા. નાના મોટા આડબંધોને તોડી સિંધુ નદી પોતાના જૂના વહેણ પર આવી ગઈ. પણ આ દરમિયાન સિંધમાં પારાવાર નુકશાન અને જાનમાલની પાયમાલી થઈ. પૂરના એક વર્ષ પછી ૧૮૨૭માં એલેક્ઝાંડર બર્ને લખપતથી અલ્લાહનો બંધ સુધી હોડીમાં પ્રવાસ કર્યો અને નદીના બદલેલા વહેણે વેરેલા વિનાશનું વર્ણન કરતાં તેઓ લખે છે ‘નદી જે કાંપ ઘસડી લાવી છે તેથી નદીનો પટ આઠથી દસ ફૂટ ઊંચો આવી ગયો છે. લખપતની આસપાસના વિસ્તારમાં ઘી, ચોખા અને સુતરાઉ કાપડથી ભરેલી સેંકડો હોડીઓ આડી અવળી ફંટાઈ ગઈ છે જેને ખલાસીઓ રેઢી મૂકી ગયા છે. લોકોને હવે સિંધુ પર વિશ્વાસ નથી રહ્યો અને આ વિસ્તાર ખાલી થતો જાય છે.’

- **૧૮૪૫ - ૪૬ :**

ધરતીકંપના આંચકાઓ સતત આવતા રહ્યા અને ૧૮૪૬માં અરબી સમુદ્રમાં આવેલા ધરતીકંપને કારણે સુનામી હોનારત પણ થઈ. આ વિસ્તારમાં ખેતી બંધ થઈ. લોકોનું સ્થળાંતર થયું અને એની અસર લખપત પર પડી. લાખ કોરીની જકાતી આવક આપતું બંદર પણ ખાલી થવા લાગ્યું.

યુરોપમાં મશીનયુગનો આવિષ્કાર થયો. પરંપરાગત વહાણવટાને બદલે એન્જિનથી ચાલતા વહાણો અને સ્ટીમરો-આગબોટો ફરવા લાગી. પશ્ચિમ કિનારે મોટા વહાણો કે સ્ટીમરો લાંગરી શકે એવા બે મોટા બંદરો મુંબઈ અને કરાચી વિકસવા લાગ્યા. જેની અસર પશ્ચિમ ભારતના તમામ નાના બંદરો પર થઈ. ૧૭૪૦માં જેની વસતિ ત્રીસ હજારની આસપાસ હતી તે ૧૮૪૦ માં દસ-બાર હજારની થઈ ગઈ અને ૧૯૪૦માં લખપતની વસતિ બે-અઢી હજારની કદાચ હશે. ૧૯૪૭ની આઝાદી વખતે ભારતના બે ભાગ થતાં લખપતની ઘણી મોટી મુસ્લિમ વસતિ સિંધ તરફ ગઈ. ભાગલા પછી લખપત બંદર તરીકે પણ રહ્યું નહીં. ૧૯૪૭ પછી અંદાજે ચાલીસ વર્ષ સુધી લખપત તાલુકાના મુખ્ય મથક તરીકે હોવા છતાં વસતિ પાંખી થઈ ગઈ. દુષ્કાળ અને અછતના વર્ષો આવતા રહ્યા. લખપતમાં પીવાના પાણીના સાસાં પડવા લાગ્યા અને ૧૯૭૫થી ૧૯૮૫ દરમિયાન તાલુકા કચેરી અને સરકારી કચેરીના અધિકારીઓ સવારે ડ્યુટી પર આવે ત્યારે પીવાનું પાણી લેતા આવે અને સાંજે ૨૫ કિ.મી. દૂર દયાપર રહેવા જાય. લખપતની વસતિ દિવસના ચારસોની આસપાસ હોય તે રાત્રે અઢીસોની થઈ જાય. સ્થાનિકે માછીમારો અને દુકાનદારી કરનારા બે-ત્રણ પરિવારો રહેતા. લખપત સાવ ભેંકાર ભાસતું.

આ છે લખપતની કરમ કથની. સદીઓ સુધી કચ્છનું નહીં પણ પશ્ચિમ ભારતનું માત્ર વેપાર વાણિજયનું મથક બની ન રહેતા સાહિત્ય અને સાંસ્કૃતિક ક્ષેત્રે લખપતનું મોટું પ્રદાન રહ્યું. લખપત માત્ર સીમા પ્રહરી બની ન રહેતા ધાર્મિક સમભાવનું ઉત્તમ કેન્દ્ર બન્યું.

*લેખકશ્રીના પુસ્તક*
*‘પગમેં ભમરી : ભાગ-૩’ માંથી*

*આપણો દેહ એ જ દેવાલય છે.*

# છપ્પનનો દુકાળ

• નરેશ પી. અંતાણી •

## છપ્પનિયા દુકાળે સટ્ટાનો સડો ફેલાવ્યો

**સિંધુના પાણીની રેલમછેલને કારણે ઈ.સ. ૧૮૧૮ સુધી કચ્છ સ્વનિર્ભર હતું. ૧૮૧૯ના વિનાશક ધરતીકંપે કચ્છની દશા અને દિશા બેસાડી દીધી. સંવત ૧૯૫૬ના દુષ્કાળે તેમાં વધારો કર્યો. કચ્છની ખેતી પાયમાલ થઈ ગઈ. પરિણામે કચ્છના ખેડૂત અને શ્રમિક વર્ગને કચ્છ છોડવા મજબૂર થવું પડ્યું...**

કચ્છના ઈતિહાસ લેખક જયરામદાસ નયગાંધીની પુસ્તિકા 'કચ્છનું અર્થશાસ્ત્ર - ચલણ અને હુંડિયામણ' ની યાત્રાને આજે આગળ વધારીએ તો સદર પુસ્તિકાના બીજા પ્રકરણનું મથાળું 'સ્વાવલંબી કચ્છ' એવું અપાયું છે. આ પ્રકરણમાં શ્રી નયગાંધીએ ઈ.સ. ૧૮૧૯ પહેલાંના કચ્છના સ્વાવલંબીપણાની વિગતો આપી ૧૮૧૯ ના વિનાશક ધરતીકંપ પછી કચ્છની થયેલી અવદશાની વિગતો આપી છે.

ઈ.સ. ૧૮૧૮ સુધી કચ્છ સ્વાવલંબી હતું. ત્યાં સુધી સિંધુના પાણી કચ્છમાં આવતાં. પરિણામે લખપત અને તેની આસપાસના વિસ્તારની ભૂમિ રસાળ અને ફળદ્રુપ હતી, પુષ્કળ ધન પેદા કરી આપનાર હતી. જેમાંથી કચ્છ રાજ્યને દર વર્ષે સાત લાખ કોરીની મહેસુલી ઉપજ થતી. કચ્છની વસતિનો મોટોભાગ તેના પર જીવન નિર્વાહ ચલાવતો. કચ્છ પ્રદેશને ખાદ્યા ખોરાકી પ્રશ્ને પરાવલંબી રહેવું પડતું નહી. વધારામાં મોટા પ્રમાણમાં કચ્છનું અનાજ પરદેશ જતું. એ સમયે કચ્છનો વહાણવટા વેપાર સંબંધ એશિયા અને આફ્રિકાના મોટા બંદરો સુધી ફેલાયેલો હતો.

પરંતુ ૧૬મી જૂન, ૧૮૧૯ના દિવસે વિનાશક ધરતીકંપે કચ્છમાં અસાધારણ માલ ખુવારી કરી. આ ધરતીકંપને કારણે જમીનના પેટાળમાં થયેલા મોટા પરિવર્તનની અસર જમીનના બહારના ભાગે પણ થઈ. પરિણામે કચ્છ અને સિંધ વચ્ચે ૧૮ માઈલ (અંદાજે ૨૭ કિ.મી.) ની જમીનનો લાંબો પટ્ટો ૧૮ ફૂટ ઊંચો ઉપસી આવ્યો. જેને કારણે સિંધુના પાણીનું વહેણ બદલાઈ જતાં કચ્છમાં આવતું પાણી બંધ થયું. કુદરતે આ પહાડનું નિર્માણ કર્યું. જેને કારણે તે અલ્લાહ બંધ તરીકે ઓળખાયો.

સિંધુના પાણી કચ્છમાં આવતાં બંધ થતાં કચ્છનું નસીબ પણ બદલાયું અને આરંભાયો આપત્તિનો કાળ. કચ્છ દેશની લીલોતરી સૂકાઈ થઈ. કચ્છી વનો વેરાન થઈ ગયા, ફળદ્રુપતા લુપ્ત થઈ ગઈ. કચ્છનો નંદનવન સમો ગરડાં પંથક વેરાન બની ગયો. દેશ દેશાવરને અનાજ પહોંચાડનાર કચ્છ પરદેશી ધાનના આવવાની રાહ જોવા લાગ્યો.

આ ધરતીકંપની પાશ્ચાત્ય અસરો પણ બહુ મોટી પડી. કચ્છમાંથી મોટાપાયે હિજરતી પ્રવાહનો આરંભ થયો. બેકાર બનેલા ખેડૂતો, કારીગરો, હુન્નર ઉદ્યોગકારોએ પરદેશની વાટ પકડી. **એ સમયે કચ્છની દસ લાખની વસતિમાંથી પાંચ લાખ કચ્છીઓ આજીવિકા માટે કચ્છમાંથી હિંદુસ્તાનના અન્ય રાજ્યો અને પરદેશોમાં ચાલ્યા ગયા. જેને પરિણામે આજે પણ અડધું કચ્છ બહાર વસે છે.**

### • સિંધુના નીર પુનઃ લાવવા કચ્છ રાજ્યનો વ્યાયામ :

કચ્છમાં આવતાં બંધ થયેલાં સિંધુના પાણીને પુનઃ કચ્છમાં આવતાં કરવા કચ્છના મહારાવ દેશળજીએ આ દિશામાં પ્રયાસો કર્યા હતા. આ માટે છેક બંગાળથી નિષ્ણાતોને કચ્છમાં બોલાવ્યા હતા પરંતુ તે સમયના ટાંચા સાધનોને કારણે આ પ્રયાસ કારગત ન બની શક્યો. આ પછી પણ જો કચ્છ રાજ્ય દ્વારા સિંધુના પાણીને કચ્છમાં લાવવા પ્રયાસો હાથ ધરાયા હોત તો કચ્છ પુનઃ નંદનવન બની શકત અને સ્વાવલંબી બની શકે તેમ હતું. જો આમ થયું હોત તો કચ્છને કેવા લાભો મળી શકત અને પુનઃ કચ્છ નવપલ્લવિત બની શકત તેની વિગતવાર ચર્ચા આ પ્રકરણના અંતમાં કરવામાં આવી છે.

જે રીતે રાજસ્થાનના બિકાનેર રાજ્ય દ્વારા 'ગંગાસાગર' યોજના દ્વારા એ સમયે હિમાલયના પાણી બિકાનેરમાં લાવી શકાયા તે જ રીતે કચ્છ રાજ્યે મોડે મોડે પણ આવા પ્રયાસો કર્યા હોત તો કચ્છ પુનઃ સ્વાવલંબી બની શકયું હોત. એ સમયે રાજ્યના સિંચાઈ ખાતા દ્વારા કરાતા મોટા ખર્ચાઓ પરત્વે પણ આ પ્રકરણમાં ટકોર કરાઈ છે.

DEEP JYOT
DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

**● છપ્પનિયા દુકાળે સટ્ટાનો સડો ફેલાવ્યો :**

ખેતીવાડી અંગેના પ્રકરણમાં એ સમયે કચ્છમાં ખેતીવાડી ઉદ્યોગમાં પ્રવર્તતી હાલતથી વિગત આપવામાં આવી છે. એ સમયે કચ્છનો ૮૦ ટકા વર્ગ ખેતીવાડી પર નિર્ભર હતો. આમ છતાં આ વર્ગની હાલત અંગે એ સમયે બહુ ચિંતા કરાતી ન હોવાની વાત કરતાં લેખકે એ વખતે હૂંડી, ચીજ-વસ્તુઓ, ખાદ્ય અને ખોરાકીની વસ્તુઓ અને પોશાક વગેરે બહારના દેશોમાંથી મંગાવવા સસ્તા પડતાં હોઈ મંગાવવામાં આવતા. પરંતુ આ સસ્તાઈથી કચ્છના ખેતીવાડી અને બીજા હુન્નર ઉદ્યોગને હાનિ પહોંચતી હતી, તેના પર નભતો વર્ગ મોંઘવારીમાં પીસાતો હતો. પરિણામે કચ્છમાં સામાજિક અસમાનતાની સમસ્યા એ સમયે પણ જોવા મળતી હોવાનું લેખકની વિગતો જોતાં જણાય છે.

તો સંવત ૧૯૫૬ના વર્ષમાં કચ્છમાં ભયંકર દુષ્કાળ પડ્યો. કચ્છમાં આના કારણે કોઈ પણ પ્રકારનું ઉત્પાદન ન થતાં પરદેશથી મોટા પ્રમાણમાં અનાજ અને રસકસની આયાત કરવી પડતી. આ પરિસ્થિતિને પહોંચી વળવા વધુને વધુ નાણાંની જરૂરિયાત પડવા લાગી. કોઈ પેદાશ ન હોવાને કારણે હૂંડી લખાવાનું પણ બંધ થયું. આ હાલતને પહોંચી વળવા કચ્છ રાજ્યે ખાસ એક કરોડ કોરી છૂટી કરી વિવિધ રીતે સહાય પૂરી પાડી હતી તો સખી અને સુખી ગૃહસ્થોએ પણ મોટી રકમ આ ભયાનક દુષ્કાળને પહોંચી વળવા ખરચી હતી.

દુષ્કાળની ભયાનક અસર, જબરી આયાત, નિકાસનો અભાવ, ચલણની અછત અને રૂપિયાની વધુ માંગને કારણે હૂંડી પોતાનો લાંબા કાળનો સ્થિર ગાળો છોડી વધવા લાગી. પરિણામે કચ્છમાં સટ્ટાનો ચેપ પ્રસર્યો અને હૂંડી વધારવામાં આ સટ્ટાએ મોટોભાગ ભજવ્યો. હૂંડી ૩૭૫ માંથી વધીને છેક ૫૦૦ થઈ ગઈ. તેને કારણે કચ્છમાં મોંઘવારી ભયંકર રીતે વધવા લાગી. હૂંડિયામણને નિયંત્રણમાં રાખવા એ સમયે કોઈ પ્રયત્નો કરાયા નહીં પણ સટ્ટાના ચેપને દૂર કરવા કચ્છ રાજ્યે પગલાં લીધા પણ તે અસફળ રહેતાં હૂંડિયામણ વધતું જ રહ્યું. દુષ્કાળની ભયાનક અસર છેક સંવત ૧૯૫૯ સુધી રહી. આયાત અને નિકાસ હિસાબ સરભર કરતાં કચ્છ રાજ્યને દર વર્ષે ૧૫૦ લાખ રૂપિયાની ખોટ ગઈ હતી. આ ખોટ એ જ હૂંડિયામણ. આ ખોટ પૂરી કરવા માટે પરદેશ ગયેલા કચ્છીઓએ કમર કસી અને મોટાપાયે વતનની સેવા કરી હતી. એ સમયે પરદેશ ગયેલા કચ્છીઓએ રેલવે, સિંચાઈ, માર્ગ નિર્માણ, મિલ ઉદ્યોગ અને કોલસા ઉદ્યોગ જેવાં અનેક ક્ષેત્રે સારી એવી પ્રગતિ કરી મોટું આર્થિક સામ્રાજ્ય ઊભું કર્યું હતું. જેનો સીધો લાભ આ દુષ્કાળમાં કચ્છને થયો. આ કારણે જ કચ્છનું અર્થકારણ મનીઑર્ડર પર ત્યારથી જ નભતું આવ્યું છે.

૬૫૦૦ ચોરસ માઈલના વિસ્તારવાળા કચ્છમાં એ સમયે માત્ર ૧૪૫૦ હજાર એકર જમીનમાં જ ખેતીવાડીનું કામ થતું. બાકીની જમીન ખારી, રેતાળ અને ટેકરાવાળી હોવાથી તેમાં પાક લઈ શકાતો નહોતો.

નીચા હૂંડિયામણને કારણે પરદેશથી આવતું અનાજ સસ્તુ પડતું હોઈ તેની હરીફાઈમાં ઊભા રહેવા સ્થાનિક ખેડૂતોએ પણ પોતાના ભાવો ખોટ ખાઈને પણ નીચા રાખવા પડતા. આ ભાવ તફાવતના કેટલાક ઉદાહરણ પણ લેખકે આપ્યા છે તે પૈકી એક બાજરાનું ઉદાહરણ અહીં નોંધ્યું છે. એ સમયે કરાચીથી આયાત કરવામાં આવતા બાજરાનો ભાવ વહાણ નુર, વિમાન નુર, આયાત, જકાત, રેલવે ચાર્જ વગેરે ખર્ચ સહિત સિંધી બાજરાનો ભાવ ૧ સઈ (તે સમયના વજનનું માપ) નો પાંચ કોરી થતો. સામે દેશી બાજરો ૧ સઈનો ૧૧ થી ૧૨ કોરી માં પડતો! આ સસ્તાઈ આમ જનતાને અનુકૂળ હતી પરંતુ આના કારણે ખેડૂત વર્ગ પાયમાલ થઈ ગયો અને જેને કારણે કેટલાય ખેડૂતોએ ખેતીવાડી છોડી પરદેશની વાટ પકડી. જેનો અહીં અંશ નોંધ્યો છે.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાનાયક્ષ મંદિર પાસે,*
*રીંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૭૨*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

## સાચું શિક્ષણ

સ્વર્ગીય વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીની આ વાત છે. ઈ.સ. ૧૯૪૯માં તેઓ ઉત્તરપ્રદેશની સરકારમાં ગૃહમંત્રીપદે હતા. એક દિવસે લોકનિર્માણ વિભાગના કર્મચારીઓ એમના નિવાસસ્થાને કૂલર લગાવવા આવ્યા. કૂલરને જોતાં જ બાળકો ખુશ ખુશ થઈ ગયાં. તેમને મજા પડી ગઈ કે ઉનાળો સારી રીતે પસાર થશે.

સાંજે જ્યારે શાસ્ત્રીજી ઘેર આવ્યા ત્યારે ખબર પડી કે ઘરમાં કૂલર લગાવવામાં આવી રહ્યું છે. એ જોતાં જ કર્મચારીઓને કૂલર લગાવવાની મનાઈ કરી દીધી.

એમનાં પત્નીએ કહ્યું : 'આ સગવડ વગર માગે મળે છે તો એનો અસ્વીકાર શા માટે કરો છો?' પત્નીનો પ્રશ્ન સાંભળી શાસ્ત્રીજીએ જે જવાબ આપ્યો તે પ્રત્યેક મા બાપે સમજવા જેવો છે.

તેમણે કહ્યું : 'એવું નથી કે હું કાયમ માટે મંત્રીપદે રહું. આવી સગવડથી ટેવ પડી જાય છે. હજી તો છોકરીઓનાં લગ્ન પણ કરવાનાં છે. ધારો કે લગ્ન પછી છોકરીઓને સાસરે આવી સગવડ ન મળે તો એ કેટલી બધી દુઃખી થઈ જાય! કોણ જાણે એમને કેવી પરિસ્થિતિમાં રહેવું પડે!'

શાસ્ત્રીજીના શબ્દો સાંભળી તેમના પત્નીને મનનું સમાધાન મળી ગયું.

**બોધ વાક્યો :**

★ વધુ પડતી સગવડોથી કુટેવો પડી જાય.

★ અનાવશ્યક સુવિધાઓની કુટેવો પાડવી ન જોઈએ.

★ અગવડો વેઠવાની પણ આદત પડવી જોઈએ.

★ મર્યાદિત જીવન જરૂરિયાતો અપનાવનાર દુઃખી થતા નથી.

★ સાદાઈ મનુષ્ય માટે ઉત્તમ સદ્‌ગુણ છે.

*'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી*

*ઊંઘ એવો અફાટ સાગર છે, જેમાં આપણે આપણાં બધા દુઃખ ડૂબાડી દઈ શકીએ છીએ.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

ઇતિહાસ

## પ્રકરણ-૩૮

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

- ★ **૨૨મી સામાન્ય સભામાં ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિના નવા ચૂંટાયેલા સભ્યશ્રીઓની જાહેરાત.**
- ★ **તા. ૧૯-૯-૨૦૦૯ના રોજ નવરાત્રી તેમજ તા. ૪-૧૦-૨૦૦૯ના રોજ શરદ પૂનમ નિમિત્તે રાસ-ગરબા કાર્યક્રમોનું આયોજન કરી પ્રસંગોની ઉજવણી કરવામાં આવી.**
- ★ **નવા વર્ષની ઉજવણીનો કાર્યક્રમ તા. ૧૮-૧૦-૨૦૦૯ના રોજ યોજાયો.**

"બંધારણીય સુધારા"ની કાર્યવાહી બાદ નિવૃત્ત થતા વિવિધ જૂથના ૬ ટ્રસ્ટીઓની જગ્યાએ નીચે મુજબનાં ટ્રસ્ટીઓને બિનહરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

દાતા ટ્રસ્ટીઓના ગ્રુપમાંથી : (૧) ડૉ. શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયા, (૨) શ્રી મણિલાલ કુંવરજી ગોસર, (૩) શ્રી નવીન વેરશી હરિયા.

માનદ્ ગ્રુપમાંથી : (૧) શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ તથા (૨) શ્રી કલ્યાણજી રવજી રાંભિયા.

સ્વજન ગ્રુપમાંથી : (૧) શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)

નિવૃત્ત થતાં કારોબારી સમિતિનાં ૬ સભ્યોની જગ્યાએ ૮ સભ્યોએ ઉમેદવારી નોંધાવેલ હતી. જેના માટે ચૂંટણી પંચે ચૂંટણી જાહેર કરી હતી અને ચૂંટણીના અંતે નીચે મુજબના સભ્યોને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા : (૧) શ્રીમતી શિલ્પીબેન પ્રકાશભાઈ શાહ, (૨) શ્રી ભોગીલાલ પ્રેમચંદ કોરડિયા, (૩) શ્રી દિનેશચંદ્ર રતિલાલ મહેતા, (૪) શ્રી નીતિન ધનજી ગાલા, (૫) શ્રી રજનીકાંત ધરમશી પારેખ, (૬) શ્રીમતી સુલુબેન જલદીપ શાહ.

ઉપરોક્ત કાર્યવાહી બાદ સમાજનાં સભ્યોમાંથી ઘણા બધા સભ્યોએ સમાજ હજી વધારે સારી રીતે પ્રગતિ કરે તે બદલ વિવિધ સૂચનો કરેલ હતા તથા સમાજની અત્યાર સુધી થયેલ પ્રગતિને બિરદાવેલ હતી. ત્યારબાદ પ્રમુખશ્રીએ સભા પૂરી થયેલ જાહેર કરી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની વર્ષ ૨૦૦૯-૧૦ની પ્રથમ બેઠક શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે બપોરના ૩ વાગે મળેલ હતી. તેમાં ૧૫ ટ્રસ્ટીઓ હાજર રહેલ હતા.

મીટિંગની શરૂઆતમાં ગત તા. ૯-૮-૨૦૦૯ના રોજ મળેલ ટ્રસ્ટ મંડળની મીટિંગની મિનિટનું વાંચન કરવામાં આવ્યું હતું જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. વર્ષ ૨૦૦૯-૧૦ માટે નીચે મુજબના બે કો-ઓપ્ટ ટ્રસ્ટીઓની નિમણૂક કરવામાં આવી હતી : (૧) શ્રી અશ્વિન હીરજી સાવલા, (૨) શ્રી હરખચંદ કુંવરજી સાવલા.

શ્રી અશોકભાઈ મહેતાની વર્ષ ૨૦૦૯-૧૦ માટે મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી તથા નીચે મુજબના ૬ સભ્યોની કારોબારી સમિતિનાં સભ્યો માટે નિયુક્તિ કરવામાં આવી હતી : (૧) શ્રી કાંતિલાલ વેલજી સાવલા, (૨) શ્રી નવીન વેરશી હરિયા, (૩) શ્રી પ્રતાપ નારાણજી દંડ, (૪) શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા, (૫) શ્રી કે.ડી. શાહ તથા (૬) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા. ત્યારબાદ રોજબરોજની કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવી હતી અને અંતે પ્રમુખશ્રીએ સભા બરખાસ્ત જાહેર કરેલ હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી સમિતિની વર્ષ ૨૦૦૯-૧૦ માટેની પ્રથમ સભા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે બપોરના ૪ વાગે મળી હતી. જેમાં ૨૦ સભ્યો હાજર રહ્યા હતા. સભાની શરૂઆતમાં નવા વરાયેલા પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ કારોબારી સમિતિમાં ચૂંટાઈ આવેલ નવા સભ્યોને આવકાર આપેલ હતો.

ત્યારબાદ ગત મીટિંગની મિનિટનું વાંચન કરવામાં આવ્યું હતું જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી તથા કારોબારીમાં બંધારણના નિયમ પ્રમાણે નીચે મુજબના બે સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી : (૧) શ્રી જયંતીલાલ પ્રેમજી નીસર, (૨) શ્રી લહેરચંદ પુનશી મૈશેરી. ત્યારબાદ પ્રથમ ઉપપ્રમુખ તરીકે શ્રી કાંતિલાલ વેલજી શાહ તથા દ્વિતીય ઉપપ્રમુખ તરીકે શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા, માનદ્ મંત્રી તરીકે શ્રી પ્રતાપ નારાણજી

**સુશ્રી ચૌલા કુરુવા**ના તાજેતરમાં પ્રકાશિત થયેલા પુસ્તકો...
(મો. ૯૯૧૩૦ ૧૨૧૨૦)

**સ્ત્રી** કિંમત : રૂા. ૫૦/-
**મોર્નિંગ વોક** કિંમત : રૂા. ૧૦૦/-

પુસ્તક પ્રાપ્તિ સ્થાન : તક્ષશિલા, લો ગાર્ડન પાસે. તેમજ નવભારત સાહિત્ય અને ગૂર્જર ગ્રંથ તેમજ અન્ય સ્ટોરમાંથી

દંડ, સહમંત્રી તરીકે શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા, ખજાનચી તરીકે શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) તથા સહા ખજાનચી તરીકે શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૦૯-૧૦ માટેની વિવિધ કાર્યકારીણી સમિતિઓની તથા તેના કન્વીનરોની નિમણૂક કરવામાં આવી હતી. ઉપરોક્ત કાર્યવાહી બાદ સભા પૂર્ણ થયેલ હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દર વરસે ઘણી બધી લોકોપયોગી પ્રવૃત્તિઓ કરે છે. જેના અંતર્ગત દર વરસે નવરાત્રીનાં કોઈ એક દિવસે રાસ ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવે છે. એવો જ એક સુંદર કાર્યક્રમ તા. ૧૯-૯-૨૦૦૯નાં રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઉપર યોજવામાં આવેલ હતો. સુમધુર રાસ-ગરબાનાં કાર્યક્રમમાં સારી એવી સંખ્યામાં સભ્યોએ ભાગ લીધો હતો.

કલા સાધક અને સામાજિક ક્ષેત્રમાં આગવી પ્રતિભા ધરાવનાર શ્રીમતી માયાબેન આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે હાજર રહેલ હતા. કચ્છનાં ખાસ પ્રકારના આકર્ષિત પોષાકોમાં સજ્જ ખેલૈયાઓનાં રાસ ગરબા અને તાલ જોઈને તેઓશ્રીએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી અને જુદી જુદી વય મર્યાદાવાળા ગ્રુપમાંથી સારી રીતે રમતાં ખેલૈયાઓની વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સમાજના પરિવારજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. રાસ ગરબાનાં કાર્યક્રમ બાદ સનેડો, મટુકડી, હીંચ તથા ઢોલીનાં કચ્છી તાલે દાંડિયા રાસ વગેરેનો કાર્યક્રમ ધ્યાનાકર્ષક રહેલ હતો. ચા-નાસ્તાનાં વિરામ બાદ ચૂંટાયેલા ખેલૈયાઓને ઈનામો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે શ્રી કચ્છી જૈન સમાજ - સુરતનાં માનદ્ મંત્રી શ્રી જયેશભાઈ વીસરિયા પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. માનનીય જજ સાહેબ શ્રીમતી માયાબેનનું બહુમાન તથા કેટલાક વિજેતાઓનું બહુમાન શ્રી જયેશભાઈ વીસરિયાનાં વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ થયેલ હતો.

નવરાત્રીમાં માતાજીની આરાધના, દશેરાના દિવસે રામનો વિજયોત્સવ અને પછી આવે શાંતિના પ્રતીક સમી શરદ પૂનમની રાત. દર વરસની જેમ તા. ૪-૧૦-૨૦૦૯નાં રોજ પણ સંસ્થાની યુવા પાંખ તરફથી શરદ પૂનમની ઉજવણી રૂપે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

સમાજના પરિવારજનોની સારી એવી ઉપસ્થિતિ વચ્ચે શરદ પૂનમની ઉજવણીનો પ્રારંભ થયો હતો. સમાજનાં જ શ્રી હીરાચંદભાઈ લાપસિયાના ઑરકેસ્ટ્રા અને ગાયક વૃંદનાં વાદ્ય સંગીત સાથે બાળકો, યુવાનો તથા કેટલાક વડીલોએ પરંપરાગત સુશોભિત વિવિધ પોષાકોમાં રાસ ગરબામાં ભાગ લીધેલ હતો.

આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે કલાલયમ્ નર્તન એકેડેમીના ડાયરેક્ટર શ્રીમતી રૂચાબેન ભટ્ટે પોતાની સેવાઓ આપેલ હતી. રાસ ગરબા રમનારા સૌ ખેલૈયાઓથી તેઓ પ્રસન્ન થયા હતા. આ કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં ટ્રસ્ટીઓ, કારોબારી સમિતિનાં સભ્યો તેમજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા. યુવા વિકાસ સમિતિનાં કાર્યકર્તાઓની મહેનત અને જહેમત સ્પષ્ટપણે કાર્યક્રમનાં આયોજનમાં દેખાતી હતી. કાર્યક્રમને અંતે દરેક વયનાં જૂથમાંથી વિજેતા જાહેર થયેલ ખેલૈયાઓને ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. ત્યારબાદ કાર્યક્રમ પૂર્ણ થયેલ હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજે તા. ૧૮-૧૦-૨૦૦૯નાં દિવસે નવા વરસની ઉજવણી ધામધૂમથી કરેલ હતી. શ્રી કચ્છી જૈન ભવનનાં વાતાનુકૂલિત સાંસ્કૃતિક હોલમાં રવિવારની શુભ સંધ્યાએ નૂતન વર્ષાભિનંદન અને નૂતન વર્ષ માટેની શુભ કામનાઓની આપ-લે કરવા માટે સમાજનાં સભ્ય પરિવારો, તેમજ સ્ટાફનાં પરિવારજનોના એક મિલન સમારંભનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે સમાજનાં ટ્રસ્ટ મંડળના અને કારોબારી સમિતિનાં સભ્યો સહિત બહોળી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજ ઉપરાંત શ્રી કચ્છી સમાજ - અમદાવાદનાં હોદ્દેદારો શ્રી મનસુખભાઈ પટેલ, શ્રી ભરત ઓઝા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર વગેરે પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા. આ પ્રસંગે સમાજનાં મે. ટ્રસ્ટી તથા પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ સૌ પરિવારજનોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. હાજર રહેલાં પરિવારજનોએ અરસપરસ શુભ કામનાઓની આપ-લે કરેલ હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ આયોજિત નૂતન વર્ષાભિનંદનનાં સ્નેહ મિલન દરમ્યાન સંસ્થાની યુવા વિકાસ સમિતિએ રંગોળી હરીફાઈનું આયોજન કરેલ હતું. સંસ્થા તરફથી પ્રથમવાર જ આ પ્રકારનું આયોજન થતું હોવાથી તથા તહેવારો દરમ્યાન પોતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી પણ સમય ફાળવીને ૨૩ સ્પર્ધકોએ આ હરીફાઈમાં ભાગ લીધો હતો. ૭ વર્ષની બાળાથી લઈને ૪૫ વર્ષ સુધીનાં કલાકારોએ પોતાની કલાનાં દર્શન સમાજને કરાવ્યા હતા. દરેકે દરેક સ્પર્ધકોનાં પ્રયત્નો સરાહનીય રહ્યા હતા.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની સેવા "કચ્છશ્રુતિ"ના મુખ્ય તંત્રી અને વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા શ્રીમતી મીનાક્ષીબેન માંકડે આપી હતી. નિર્ણાયકશ્રીએ વિજેતાઓનાં નામો જાહેર કરતાં દરેક વિજેતાઓને સમાજનાં વડીલો તરફથી ઈનામો દ્વારા નવાજવામાં આવેલ હતા.

ઉપરોક્ત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ હાજર રહેલા સૌએ જમણવાર કમિટી દ્વારા તૈયાર કરાયેલ સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ માણેલ હતો.

***(ક્રમશઃ)***

MILAN® MASALA

**K. K. MASALAWALA**
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

પ્રકીર્ણ

# દિલનું દર્પણ - રોજનીશીની સાખે : (૩)

• માવજી કે. સાવલા •

• **રવિવાર, તા. ૩૦-૫-૧૯૯૩**

આજે સવારમાં અકબર મૂળજીએ સુરત પત્ર લખ્યો. એમના પત્રમાં સુરતનાં કોમી તોફાનો - હિંસાની ચર્ચા છે. અકબરભાઈ પ્રોવિઝન સ્ટોર ચલાવે છે. હિંસા એ તો આદિકાળથી ચાલી આવતી મનુષ્યની મૂળ પ્રકૃતિ છે. હિન્દુ- મુસ્લિમ વૈમનસ્ય એ તો બહાનું માત્ર છે. મનુષ્ય એક વ્યક્તિ તરીકે વિવેકી, સજ્જન, લાગણીશીલ રહી શકે, હોઈ શકે પરંતુ જ્યારે સમૂહમાં જોડાય છે ત્યારે એના પર ગાંડપણનું ભૂત સહેલાઈથી સવાર થઈ જાય છે અને રાજકીય ક્ષેત્રે તેમજ ધર્મ-અધ્યાત્મ ક્ષેત્રે સ્વાર્થી, સત્તાલોલુપ નેતાઓ આ પરિસ્થિતિનો બરાબર લાભ ઉઠાવે છે.

રવિવાર હોતાં સાંજે મિત્રો આવતા જાય છે. કાંતિ મામતોરા, લખીરામ, રજનીકાંત મારૂ, કાનજી મહેશ્વરી અને રામજીભાઈ ઠક્કર આવ્યા. માંડવીથી પારિયાભાઈ પણ આવ્યા. મિત્રો વચ્ચે વાતો થતી રહી. નાના-મોટા મુદ્દા પર રામજીભાઈની તલવારબાજી ચાલતી રહી. હું સાંભળતો રહ્યો. વચ્ચે ક્યાંક હોંકારાના બે શબ્દો મૂકતો હતો. પારિયાભાઈને આગ્રહ કરીને મારી નજીક આવવાનું કહ્યું. એમને પોતાના અનુભવો વિશે કંઈક કહેવા સૂચન કર્યું. વાતને શરૂ કરાવવા મેં જ કહ્યું, 'તમે હમણાં ઈસ્માઈલ બેન્જોવાળાના સંપર્કમાં કેવાક છો-રોજ મળો છો કે કેમ વગેરે.' પારિયાભાઈ માંડવીમાં ટેલિફોન ખાતામાં સર્વિસ કરતા. તેઓ રજનીશપ્રેમી હતા. બ્રહ્મવેદાંતજીની બધી શિબિરોમાં જોડાય. વિપશ્યની એક શિબિર ૫-૬ વર્ષ પહેલાં માંડવી નજીક દુર્ગાપુર ગામે કરી હતી. પ્રશ્નોના મારા થકી એમણે થોડીક વાતો કરી. તેઓ સમર્પિત ભાવે ઈસ્માઈલ બેન્જોવાળાનું માર્ગદર્શન મેળવતા-સત્સંગ કરતા-અઠવાડિયે ૨-૪ વાર ઈસ્માઈલ બેન્જોવાળા પાસે જતા. તેઓ એકલા જ હતા. અર્થાત ત્યાં અન્ય સાધકો કે એવા બીજા જિજ્ઞાસુઓ ન હતા. વિચારોને જોતા રહેવાની, પછી જે જે વિચારો આવ્યા હોય એ વિગતવાર કહી સંભળાવવાની, ભક્તિની વગેરે વાતો થતી. મને લાગ્યું કે આવી બાબતોમાં ઘણીબધી વાતો ગુપ્ત રાખવાનો આદેશ આપવામાં આવતો હોય છે એટલે મેં સામેથી જ આ ચર્ચાને અટકાવી અને એવી સ્પષ્ટતા પણ કરી. પારિયાભાઈએ પણ ચોખવટ કરતાં કહ્યું, "જે બાબતો ગુપ્ત રાખવાનું મને કહેવામાં આવ્યું છે એ બાબતોની ચર્ચા મેં નથી જ કરી." પારિયાભાઈની નિખાલસતા, ગંભીરતા અને નિષ્ઠા જોઈને મને માન થયું પણ સાથોસાથ અધ્યાત્મ કે સાધનાને નામે આમ બહુ ઊંડા પાણીમાં ઊતરવાનું મને કંઈક જોખમી અને બિનજરૂરી પણ લાગ્યું.

આમ છતાં પારિયાભાઈની વાતોના થોડાક તંતુઓ પકડીને આખી બાબતની તપાસરૂપે ચર્ચા આગળ વધી. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ આમાં Introspection અને Catharsis એ બે મુખ્ય બાબતો મેં દર્શાવી. રજનીશ આશ્રમ પુનામાં 'ગ્રુપ થેરાપી' ના નામે આવા કેટલાક પ્રયોગો ચાલતા. જો કે એ પણ બધું ગુપ્ત રાખવામાં આવતું. આમાં પણ લક્ષ્ય Catharsis દ્વારા આદતગ્રસ્ત ગ્રંથિઓથી મુક્ત થવાની કેળવણીના ભાગરૂપ હતું. જૈન પરંપરામાં નિર્ગ્રંથ શબ્દ પણ ગ્રંથિઓથી મુક્ત થવાનું સૂચક છે.

ઈસ્માઈલ બેન્જોવાળાની સારી નોકરી છે. તેઓ નામી કલાકાર છે. સૂફી પરંપરા પ્રકારનું એમનું આધ્યાત્મિક વલણ છે. ગાંધીધામ આવે ત્યારે મને મળે. ખૂબ પ્રેમનો-ભાવનો ઊભરો એમનામાં હોય. વરસો પહેલાં એક અકસ્માતને પરિણામે તેઓની જબાન વીસેક દિવસ માટે બંધ રહી-ગૂંગા થઈ ગયા અને એ દરમ્યાન એમને કંઈક આધ્યાત્મિક અનુભૂતિઓ થઈ એમ એમણે મને પણ કહ્યું હતું. સાધના તરીકે એમના પ્રયોગો Extreme છેડા પરના હોય છે. "જ્યારે એવી તરસ લાગે કે માત્ર પાણી જ જોઈએ - એને બદલે દુનિયા આખીની સંપત્તિને પણ ઠોકર મારવાનું મન થાય - આપણું આખું અસ્તિત્વ પાણી - માત્ર પાણી પોકારે ત્યારે પાણી પીવું - એવી જ રીતે ખાવાનું - કોઈક એક વસ્તુ ખાવાની વાત - શરાબની પણ અને સેક્સની બાબતમાં પણ". આવી વાતો એમણે મને એકવાર કરેલ, "મારી પાસે આપવા જેવું કંઈક છે - કહેવા જેવી કંઈક વાતો છે - કોઈ પાત્રતાવાળા હોય તો..." મને આમ પણ કહેતા. કોણ જાણે મને આવી વાતોથી વ્યક્તિગત રીતે કશું જ આકર્ષણ થતું નથી. વાતોમાં રસ ખરો પણ 'કશું કરવાની' વાતમાં નહીં. આવું કશુંક કરીને મારે શું મેળવવું છે - શું પ્રાપ્ત કરવું છે? એ પ્રશ્નનો ઉત્તર મને મારા માટે હજી જડ્યો નથી.

'જ્યાં ઘોડિયાઘર હોય, ઘરડાઘર હોય એ કંઈ સંસ્કૃતિ છે?' રામજીભાઈએ આક્રોશ ઠાલવ્યો.

**આપણે એક આખેઆખું પેકેજ - મહાકાય યંત્ર જેવું - પશ્ચિમમાંથી આયાત કરીને સ્વીકારી લીધું.** લોકશાહીનો ઢાંચો પણ એમાં સમાવિષ્ટ છે. વેશભૂષા, શિક્ષણપદ્ધતિ, ઉત્પાદન, કારખાનાંઓ બધું જ. એમાંનું ઘણું બધું આપણને સદી ગયું છે અને ગમે પણ છે. હવે આપણે કહીએ કે "એ મહાકાય યંત્ર-પેકેજના અમુક પુરજાઓ અમને ન ખપે" એ કેવી રીતે શક્ય છે?

**ગાંધીનો મંત્ર હતો : 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર.' પ્રથમ વડાપ્રધાન નેહરુનો મંત્ર હતો : 'જીવનધોરણને ઊંચે લઈ જવું.'** મુંબઈની ઝુંપડપટ્ટીમાં નરક જેવું જીવન જીવી રહેલાની સંખ્યા ૨૫ લાખ છે

*જે વ્યક્તિ ધૈર્યની સાથે પોતાની ટીકા સાંભળી લે છે, તે સમગ્ર વિશ્વને જીતી શકે છે.*

પણ એ ઝૂંપડપટ્ટીમાં ટીવી-ફ્રીજ-સીલિંગ ફેન-ગ્રાઈન્ડર મિક્સરો અને સફારી સુટસ પહોંચી ગયા છે. આઈસ્ક્રીમ અને કોલ્ડ્રિંક્સ પણ ત્યાં પહોંચ્યા છે. જીવનધોરણ બરાબર ઊંચે જતું જાય છે!

ઍલ્વિન ટોફલરે 'થર્ડવેવ' માં ખૂબ જ વેધક રીતે આ બધી બાબતોનું પૃથક્કરણ કર્યું છે. કૃષિ સંસ્કૃતિ અને યંત્ર સંસ્કૃતિની લાક્ષણિકતાઓ એણે બરાબર પિછાની છે. યંત્ર સંસ્કૃતિમાં મૂળમાં 'જથ્થાબંધ ઉત્પાદન'ની પ્રક્રિયા છે અને માનવ જીવનનાં બધાં જ પાસાંઓ ઉપર આ જથ્થાબંધનું ભૂત સવાર થઈ ચૂક્યું છે. શાળા-કોલેજોમાં કારખાનાના માલની જેમ હજારો વિદ્યાર્થીઓ એકસાથે ભણે, ઘોડિયાઘરમાં બાળકોને અને ઘરડાઘરોમાં વડીલોને જથ્થાબંધ રીતે પૂરવામાં આવે. હોસ્પિટલોમાં રોગીઓ પણ જથ્થાબંધ અને ડોક્ટરો-નર્સોનાં પણ ટોળેટોળાં. બસો, ટ્રેઈનો અને વિમાનોમાં ઉતારૂઓ પણ માલની જેમ જ ઠાંસી ઠાંસીને ભરાય. **માણસ માલસામાન બની ગયો છે અને માલસામાનનું મહત્ત્વ માણસ જેવું.** ગ્રામોધ્ધારની મોટીમોટી વાતો અને યોજનાઓ થઈ રહી છે અને એ માટે કરોડોનાં બજેટ પણ ફાળવાય છે. પ્રથમ ગામડાંને પૂરેપૂરાં ભાંગવાં અને પછી એ મડદાંના ઉધ્ધારની કરોડોની વાતો અને યોજનાઓ. કિશોરલાલ મશરૂવાળાએ એકવાર કહેલ કે ગામડાંઓને બસ વ્યહવારથી સાંકળવાથી ગામડાંના દૂધ-ઘી શહેરની હોટેલોમાં પહોંચશે અને વળતાં શહેરથી ચા-ગાંઠિયા અને અનેક નકામી ચીજો ગામડાંમાં ઠલવાશે.

વૃદ્ધોને માટે 'સિનિયર સિટીઝન' નું લેબલ પણ સીધું આપણે ઈમ્પોર્ટ કર્યું. એમને રેલવેમાં ૨૦-૨૫ ટકા કન્સેસન! ભલેને એ સિનિયર સિટીઝન શ્રીમંત હોય પણ રેલવેએ ફેંકેલ એ ભીખનો ટુકડો, એ હોંશે હોશે મોં માં ઝીલી લેવાનો. રેલવેના એ પૈસા બીજા લાખો ગરીબ મુસાફરોના ખિસ્સામાંથી જ જાય છે. ગરીબ બેહાલ માણસોના મુખમાંથી છીનવેલ એ ટુકડો સિનિયર સિટીઝનના મોં માં માનભેર ઠોંસવો.

## • સોમવાર, તા. ૩૧-૫-૯૩

આજે સવારમાં ત્રણેક પત્રો લખ્યા જેમાં ખાસ એક સ્વામી ગીતગોવિંદને. નિર્મળ પાસેથી આજે 'વ્યવહાર - ડહાપણ' ના થોડાક પાઠ શીખવા મળ્યા, છતાં આવું ડહાપણ મારા સ્વભાવમાં ઓછું જ છે!

નાનાલાલ હમણાં Elia Kazanની આત્મકથા 'A life' વાંચે છે. હજારેક પાનાંનો ગ્રંથ છે. એમાંથી અવારનવાર એકાદ પ્રસંગ નાનાલાલ સંભળાવે. Elia Kazan અમેરિકામાં ફિલ્મ ડાયરેક્ટર, નાટ્ય ડાયરેક્ટર અને આર્થર મિલરનો એ ખાસ મિત્ર.

આજે મારાં શ્રીમતી પોતાને પિયરને ગામ ફરાદી ગયાં છે. ગામમાં ધાર્મિક ઉત્સવ ચાલી રહ્યો છે. મેં કહ્યું - "ત્રણ-ચાર દિવસમાં પાછી આવતી રહેજે" તેમણે કહ્યું - "ત્યાં તા. ૬ ના રોજ ભગવાન ગાદીએ બેસસે એટલે તા. ૭-૫ ના આવીશ." એની શ્રદ્ધા અને ભાવના માટે મને માન જ ઊપજે છે. મારા ભાગ્યમાં કે પછી મારા સ્વભાવમાં જ આવી આસ્થા નથી.

પાકિસ્તાનથી ફરવા આવેલ એમના બનેવીને તેડીને કાનજી મહેશ્વરી આવ્યા. એમના બનેવી કરાંચીની કોઈ મોટી રૂ વેચનાર પેઢીના ખરીદી અધિકારી. એમની પાસેથી જાણ્યા મુજબ પાકિસ્તાનમાં જે જીવનસ્થિતિ હતી એનું કંઈક આમ ચિત્ર મારી સામે રચાયું.

"પગારનાં ધોરણો ભારત જેવાં, છતાં મોંઘવારી ભારત કરતાં ઘણી ઓછી. ચાર જણનું કુટુંબ માસિક બે હજાર રૂપિયામાં તો સુખેથી સારી રીતે રહી શકે. પેટ્રોલ, ડીઝલ, કાપડ, ડ્રાયફ્રુટ ભારત કરતાં ઘણાં સસ્તા. ટેક્સીઓમાં બધી ઈમ્પોર્ટેડ કાર. બસ સર્વિસ ઘણી જ સારી અને બધી ખાનગી કંપનીઓની. રસ્તામાં ગમે ત્યાં હાથ ઊંચો કરો એટલે બસ ઊભી રહે. તબીબી સેવાઓ પણ એકંદરે સંતોષકારક. એવું જ શિક્ષણનું. ગૂંડાગીરી ત્યાં પણ છે, ઝૂંપડપટ્ટીઓ પણ છે છતાં ઝૂંપડપટ્ટીઓનું પ્રમાણ ભારત કરતાં ઓછું. રાજકીય ઉથલ-પાથલોની સામાન્ય લોકોને ઝાઝી દરકાર પણ નથી અને આવી ઉથલ-પાથલોની જનસામાન્યના જીવન પર ઝાઝી અસર પડતી નથી. દુબઈ સાથે ઘણો વ્યવહાર. દુબઈમાં સોનું કંઈક સસ્તું, વેપારી ૨૩ કેરેટનું સોનું ગેરંટીથી બીલમાં લખીને આપે અને એમાં જો સોનું હલકું નીકળે અને ફરિયાદ થાય તો દુકાનને સીલ લાગે અને વેપારીનાં કાંડાં કાપી નખાય.

આજે ટપાલમાં દિલ્હીની 'સહમત' સંસ્થાનું મોટું કવર આવ્યું છે. એમાં અંગ્રેજીમાં છાપેલ પરિપત્ર છે જેમાં સેક્રેટરી તરીકે શબનમ હાસ્મિની સહી છપાયેલ છે. હિન્દુ મુસ્લિમ સમસ્યા અંગે લાંબા ગાળાના કાર્યક્રમો દ્વારા, કલાકારો, લેખકો, સર્જકો દ્વારા સમજ કેળવવાના પ્રયત્નોનું આમંત્રણ - આહ્વાન છે. સાથે એક ભારે મોટું પોસ્ટર છે. ઘણુંબધું લાંબુ લખાણ મૂળ મુદ્દાને વધુ અસ્પષ્ટ જ બનાવે છે એવું દેખાણું. એમને એક-બે દિવસમાં પ્રત્યુતર લખીશ.

ટપાલમાં મનીષા તરફથી એક કવરમાં કોઈક પુસ્તકનાં પાનાંઓની (લગભગ ૧૭ પાનાં) Xerox છે. સારી રીતે બાઈન્ડ કરેલ અને એક પાના પર રંગીન ફૂલોનું સ્ટીકર ચોંટાડેલ છે. કદાચ 'સબરસ' જેવું કંઈક પુસ્તકનું નામ હોય, શીર્ષક (પ્રકરણનું) છે સાધના : પુરુષાર્થ કે અનુગ્રહ? - (૧)

આમાં પણ ઘણાબધા તર્કોનો વણાટ છે. આવી સરળ સુંદર વાત કહેવા માટે પણ આવાં આલંબન શા માટે? જ્યારે વાત સીધી હૃદયમાંથી આવે છે ત્યારે આવી જરૂર ઓછી પડે છે અને એનો પ્રભાવ અને રણકાર જ નોખો હોય છે એવો મારો અનુભવ છે. રાત્રે એક વિચાર પત્રિકા જોઈ ગયો. બધું જ છીછરું અને વાતોથી જ બધી સમસ્યાઓનો જાણે કે હલ થવાનો હોય. એ બધું કામ તો છાપાંઓ કરે જ છે. એનું જ પુનઃરટણ એક વિચારપત્રિકા કરતી રહે એ કેવી કમનસીબી? એક તો ગુજરાતીમાં 'વિચારપત્રિકા' કહી શકાય એવાં માત્ર ૩-૪ નામો જ.


*એન-૪૫, ગાંધીધામ,*
*કચ્છ-૩૭૦૨૦૧*
*ફોન : (૦૨૮૩૬) ૨૨૧૫૨૬, ૨૨૦૮૭૭*

*નાશવંતની ચાહના છોડવાથી અવિનાશી તત્ત્વની પ્રાપ્તિ થાય છે.*

માહિતી

# International Organisations

*On 24 October, 1945, 51 Countries signed the charter that established the United Nations Organisation, the successor to the League of Nations. Dedicated to maintaining world peace and international co-operation and promoting the basic rights of the individual. From its headquarters in New York, it controls many subsidiary agencies which give economic and practical assistance to many countries of the World. Though its various agencies, the United Nations touches the lives of many hundreds of thousands of people, in countries as far apart as Colombia and China.*




**THE UNITED NATIONS :**

In addition to its main bodies, below, the United Nations has various committees, commissions and peace-keeping force, and may specialist agencies, some of which existed before the UNO was formed.

The **General Assembly** is made up of all member nations. They meet in full session once a year to discuss problems and pass resolutions on how best to solve them. Each country is entitled to one vote.

The **Security Council** is made up of five permanent members – the United States, The United Kingdom, the USSR, France and the People's Republic of China – and ten others elected by the General Assembly for a period of two years. The permanent members have the right to veto decisions.

The **Secretariat,** the civil service of the United Nations, is headed by the Secretary-General. He is elected by the General Assembly for a period of five years. The Secretary-General usually intervenes in matters concerning world security.


The **Economic and Social Council,** with 54 elected members, is concerned with health and finance – 'non political' matters. It co-ordinates worldwide campaigns against disease and poverty through the world of the specialist agencies and controls important commissions of its own.

The **International Court of Justice,** originally established in 1921 under the League of Nations, was set up to arbitrate in legal disputes between member nations. It operates from its headquarters in The Hague.

The **Trusteeship Council** looks after territories administered by the United Nations; the Trust Territories.

**THE EUROPEAN ECONOMIC COMMUNITY (EEC)**

In 1948, three countries – Belgium, the Netherlands and Luxembourg (or Benelux) – formed a customs union to facilitate movement of goods, labour and capital between member states. In 1950, to aid efficient economic recovery and to heal the deep wounds that existed between Germany and France after the war, the French




Foreign Minister, Robert Schuman, launched the idea of a European economic union. Six countries – France, West Germany, Italy and the Benelux countries – embraced the idea enthsiastically and in 1952 set up the European Coal and Steel Community, dropping trade restrictions on the movement of these two fundamental materials between themselves.

Gradually, a more far-reaching agreement was reached and in 1957, ministers of the six nations signed the Treaty of Rome which established the European Economic Community (ECC) or Common Market. Under the Treaty, duties on all goods were to be gradually abolished between the signatory countries. In 1960, seven other European nations, the United Kingdom amongst them, formed the European Free Trade Association (EFTA). Britain's strong Commonwealth ties made membership of the EEC, with its protective barriers and quota restrictions, impractical.

By the 1970s, trading links with the Commonwealth had been reduced. In 1972, under the Conservative Premier Edward Health, Britain signed the Treaty of Rome, becoming a full member nation of the Community. The next Labour Government renegotiated the terms of entry and, later, held a referendum to decide on Britain's continuing membership. The result was a vote to stay in.

At the same time that Britain became a member, Ireland and Denmark also joined, but the Norwegians voted against entry. In 1981, Greece joined the Community, and Spain and Portugal have negotiated entry. Today, the EEC is one of the most powerful economic forces in the World.

There are several institutions operating within the EEC, including the European Parliament which is made up of elected members from each Country. It acts as a watchdog on the Community's activities and votes the funds which enable it to operate its various policies. The funds are provided by member states, the levels of whose contributions are the subject of much discussion an acrimony.

The Council of Ministers meets regularly to discuss policies and the decisions are executed by the European Commission from its headquarters in Brussels.


**THE COUNCIL OF EUROPE :**

This western European forum was set up in 1949. It discusses such matters as human rights, transport and education. ■

*જે કંઈ કરો એ અદ્ભુત, અલગ હોવું જોઈએ.*

# અદાણી વિદ્યામંદિર

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી નરેન્દ્ર છગનલાલ શાહના ભૂદાનથી કચ્છના દરિયા કિનારે આવેલ જૈન તીર્થધામ ભદ્રેશ્વરમાં ગરીબ બાળકો માટે ચાલતું અદાણી વિદ્યામંદિર



કચ્છની દરિયાઈ પટ્ટી પર આવેલા જૈનોના તીર્થ તરીકે ઓળખાતા માછીમારોના નાના બંદર તરીકે જાણીતા ભદ્રેશ્વર અને તેની આજુબાજુના ૭ જેટલા ગામોમાં શિક્ષણથી વંચિત ગરીબ બાળકોને શિક્ષણ આપવા ત્રણ વર્ષ પહેલાં "અદાણી ફાઉન્ડેશન" દ્વારા અદાણી વિદ્યામંદિર નામની શાળા શરૂ કરવામાં આવી હતી કે જ્યાં વાર્ષિક રૂા. ૧.૫૦ લાખથી ઓછી આવક હોય તેવા પરિવારના બાળકોને સંપૂર્ણ નિઃશુલ્ક શિક્ષણ પૂરું પડાય છે.

સંસ્થાએ શરૂઆતના તબક્કે ભાડાના મકાનમાં ધોરણ-૧ થી ૩ ના વર્ગો શરૂ કરેલ. જેમાં માત્ર ૧૨૦ વિદ્યાર્થીઓ અને તેઓને ૬ શિક્ષકો અભ્યાસ કરાવતા હતા. **પરંતુ કચ્છના ગામ નાની તુંબડીના અને હાલ અમદાવાદ સ્થિત શ્રી નરેન્દ્ર છગનલાલ શાહે ભદ્રેશ્વર ખાતેની પોતાની જમીનમાંથી જરૂરિયાત મુજબની જમીન "અદાણી ફાઉન્ડેશન"ને દાનમાં આપતાં, આ સ્થળે અદાણી વિદ્યા મંદિરનું બાંધકામ કરાયું.** અને એના પરિણામે ૨૦૧૪-૧૫માં આ વિદ્યા મંદિરમાં ધોરણ-૧ થી ધોરણ-૮માં કુલ ૩૫૯ ગરીબ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ સંખ્યા હવે પછીના વર્ષે ૪૦૦થી પણ વધી જવા સંભવ છે.

આ શિક્ષણ તીર્થની વિશેષતા એ છે કે જે ગામોનાં બાળકો અહીં શિક્ષણ મેળવે છે તે ગામોનાં ૫૦ ટકા બાળકો હિંદુ અને ૫૦ ટકા બાળકો મુસ્લિમ છે. પરંતુ ધર્મ કે જ્ઞાતિનું અહીં કોઈ જ મહત્ત્વ નથી. ઊંચ-નીચનો અહીં કોઈ ભેદ પણ નથી. તેથી બધા બાળકો હળીમળીને અહીં શિક્ષણ મેળવે છે. આ પ્રકારના વાતાવરણમાં ભણતા ગરીબ વિદ્યાર્થીઓની પ્રતિભા વધુને વધુ ખિલતી જાય છે. શિક્ષણ ઉપરાંત અન્ય કળાઓ પણ શીખવાની તક મળતાં થોડા સમય પહેલાં રમેશ અને રફીક નામના વિદ્યાર્થીઓએ ભેગા મળીને હસ્તકળા પ્રદર્શનની સ્પર્ધામાં રંગો અને થર્મોકોલ વડે એક કલાકૃતિ બનાવેલી. **જેની વિશેષતા એ હતી કે એ કલાકૃતિમાં એક ઉપર મંદિરનો ઘુમ્મટ હતો અને બીજીમાં મસ્જિદનો ગુંબજ હતો. કલાકૃતિમાં પ્રવેશવાનો દરવાજો એક જ હતો. જેના પર લખ્યું હતું : 'સબકા માલિક એક.'** આ કલાકૃતિ બંને કોમોને જીવનભર જોડવાનો એક પ્રકારનો શ્રધ્ધા સેતુ હતો.

આ અદાણી વિદ્યા મંદિરમાં હસ્તકલા ઉપરાંત અન્ય હુન્નર પણ શીખવાડાય છે. ઈ-લર્નિંગ, ડીલાઈટ, એ.સી. પુસ્તકાલય, કોમ્પ્યુટર લેબ, વિજ્ઞાન પ્રયોગશાળા, સ્પોર્ટસનું મેદાન, રમત-ગમતનાં સાધનો, ડાઈનિંગ હોલ, મેડિકલ ચેક-અપ જેવી અનેક સુવિધાઓ પણ છે. અહીં કોઈ ફી લેવામાં આવતી નથી અને પાઠ્ય પુસ્તકો, નોટબુકો, ગણવેશ, ભોજન વગેરે ફ્રી માં આપવામાં આવે છે. **અહીં ગુણવત્તાસભર શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરવા પૂરતો પ્રયાસ કરવામાં આવે છે.**

અદાણી ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. પ્રીતિબેન અદાણી છે. જ્યારે તમામ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સંચાલન શિક્ષણવિદ ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની સંભાળે છે.

***('કચ્છમિત્ર'માં આવેલ અહેવાલના આધારે)***

"ROLEX" Brand

Rushabh
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 • Fax : (022) 3008 0072
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN




**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામેં નટુકાકા રેંતાં. અનીંજો પુત્તર કોલેજવારી છોરી છબીલી ભેરો પેણેલા તૈયાર વો ને ચાંદલા વિધિજી તારીખ પણ નક્કી થે વઈ વી ને પોય કુરો વાંધો પ્યો સે ખબર ન પઈ ને પંઢજે પે કે ચેં લાથે કે છબીલી લફરાબાજ લગેતી. મુંકે અન સાથે વીંયાં નાંય કેણાં... સે જરા તપાસ ત કર કે છબીલી હીં તા સારી ચાલ ચલગતવારી આય પણ લફરાબાજ કીં લગી?

બચુડો : (તપાસ કે નેં ચે) નટુકાકાજો છોરો માઠો આય. છબીલી ભેરો ફરેલા વ્યોવો તડેં છબીલી ચેં તે શેક્સપીયર મથે ત આંઉ કુરબાન અંઈયા, જ્યોતિન્દ્ર દવે અને અશોક દવેજી દિવાની અંઈયા, હરિવંશરાય જો ત જવાબ નાય... ગાલીબ, સુદર્શન, બરકત વિરાણી અનીંજા નાં તાં વાત વાત મેં બોઈલ તે... તોબા તોબા હતરા મડે લફરા... મુંકે હેડી છોકરી સે વિયાં નાય કેણાં....!!

## ખિલજા મ ભલા

જગુ : યાર ભગુ, હું તો આ જિંદગીથી કંટાળી ગયો છું. મને એકલતા ખૂબ સતાવે છે... મારી રાહ જોનારું કોઈ નથી.

ભગુ : આમાં ગભરાવા જેવું નથી. સુલભ શૌચાલયમાં જા અને અંદર બે કલાક સુધી બેસી રહે... તારી રાહ જોનારાની બહાર લાઈન લાગી ગઈ હશે!!

☺ ☺ ☺ ☺ ☺

વૈદ્યરાજ : ગાયનું દૂધ પીવાનું રાખો. જેનાથી તમારી બુધ્ધિ તેજ થઈ જશે.

દર્દી : રહેવા દો સાહેબ. જો એવું જ હોત તો બધા વાછરડા વૈજ્ઞાનિક ના બની ગયા હોત?

☺ ☺ ☺ ☺ ☺

ચંદુ : રાત્રે વહેલા જે સૂઈ, વહેલા ઉઠે વીર; બળ બુધ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર.

મંગુ : આ સુભાષિત મને તો સમજાતું નથી. જો સવારે વહેલા ઉઠવાથી બળ, બુધ્ધિ અને ધનમાં વધારો થતો હોત તો છાપું વેચનારા અને દૂધવાળા દુનિયામાં સૌથી વધુ શક્તિશાળી, બુધ્ધિશાળી અને ધનવાન હોત!!

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : પપ્પા, મારે કાં તો બ્લેક બૅરી જોઈએ અથવા ઍપ્પલ.

પપ્પા : બેટા, હવે ઉનાળો આવી રહ્યો છે, તડબુચ ખા તડબુચ....

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલ આદિત્ય, OBAMA શબ્દનું વિસ્તૃતિકરણ આવડે છે?

આદિત્ય : O – એટલે Object
B – Born In Africa
A – Arrive in America
M – Managing
A – America

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : અરે, આ નવો મોબાઈલ ક્યાંથી લાવ્યો?

મોન્ટુ : લાવ્યો નથી. આ તો મારો મિત્ર કહેતો હતો કે મારો ફોન કેમ ઉપાડતો નથી? આજે લાગ મળ્યો ને ઉપાડી લીધો.

☺ ☺ ☺ ☺ ☺

મોહન : ડૉક્ટર સાહેબ, આ મારી પત્ની લપસી ગઈ ને તેનો ઉપરનો હોઠ ફાટી ગયો છે.

ડૉક્ટર : હોઠ પર ટાંકા લેવા પડશે. ૨૦૦ રૂપિયાનો ખર્ચ થશે.

મોહન : સાહેબ, ખર્ચાનો વાંધો નથી. એના બંને હોઠ પર ટાંકા લઈ લો.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : શ્રેય, એક મૌલિક કવિતા ગાઈને બતાવ.

શ્રેય : ડુંગર ઉપર ઘોડો ચડ્યો... તબડક, તબડક, તબડક, તબડક
ડુંગર ઉપર ઘોડો ચડ્યો... તબડક, તબડક, તબડક, તબડક
ડુંગર ઉપર ઘોડો ચડ્યો... તબડક, તબડક, તબડક, તબડક

શિક્ષક : આગળ વધ જોઉં....


શ્રેય : બીજી બાજુ ઉતરવા લાગ્યો.. તબડક, તબડક, તબડક, તબડક
બીજી બાજુ ઉતરી ગયો... તબડક, તબડક, તબડક, તબડક

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

।। ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ।।

**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**

"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭




## "ગરુત્વ" શું છે?

મારા ગુરુત્વાકર્ષણ પરના લેખના અનુસંધાનમાં શ્રી શાંતિલાલભાઈ સંઘવીએ લખેલ પત્રનો પ્રતિસાદ આપવો જરૂરી લાગે છે. શ્રી શાંતિલાલભાઈ વડીલ છે, વિદ્વાન છે, એમનું વાંચન વિશાળ છે. તેઓ આપણા પ્રાચીન કાળના ભવ્યતાના દાવામાં આંધળો વિશ્વાસ રાખતા નથી. છતાં તેઓ એક ગેરસમજનો ભોગ બન્યા હોવાનું મને લાગે છે.

અત્રે એમના કે પછી કણાદ ઋષિના યોગદાનને ઓછું આંકવાનો જરા પણ આશય નથી. જનસામાન્યમાં પ્રવર્તતી ગેરસમજોને દૂર કરવાના હેતુથી આ લખ્યું છે.

ઉપર ફેંકેલી કોઈપણ વસ્તુ જમીન પર પાછી પડે છે એ જાહેર અનુભવની અને અવલોકનની વાત છે. (વિજ્ઞાનની નવી શોધ રોકેટ એક માત્ર અપવાદ છે.) કણાદ ઋષિની જેમ જ ભારતના અને દુનિયાના બીજા ઘણા વિચારવંત લોકોએ એના વિશે વિચાર્યું હશે. બીજાઓએ લખ્યું ન હોય કે એમનું લખેલું જળવાયું ન હોય એવું પણ બની શકે છે. આવું અવલોકન કરનાર કણાદ ઋષિ પહેલા કે એકમાત્ર ન હોઈ શકે. તેઓ એના વિશે કાવ્યાત્મક શૈલીમાં (શ્લોકરૂપે) લખે એનાથી એ શોધ બનતી નથી. કદાચ ગેરસમજ ઊભી કરી શકે છે.

શ્રી શાંતિલાલભાઈએ કણાદ ઋષિના ચાર શ્લોકનો જે અર્થ કર્યો છે તે અત્રે ફરી લખ્યું છે.

(૧) ગુરુત્વને કારણે તીર નીચે પડ્યું.

(૨) સંયોગ ઊભો થયાથી તેનું પતન થયું.

(૩) પ્રયત્ન ન થયો હોત તો તીર નીચે સુપ્ત અવસ્થામાં પડી રહ્યું હોત અને તેનું પતન ન થાત.

(૪) તીરને ઊંચે ફેકવાના સંયોગ ઊભા થયા અને ગુરુત્વના કારણે તીરનું પતન થયું.

આ ચાર શ્લોકમાં ગુરુત્વાકર્ષણ નહીં પણ "ગુરુત્વ" શબ્દ વપરાયો છે. "ગુરુત્વ"નો બીજો અર્થ ગર્વ કે અભિમાન પણ થાય છે. જો એ અર્થ પ્રમાણે આ શ્લોક વાંચવામાં આવે તો તીરના દાખલાથી માનવ સમાજને આપવામાં આવેલ આ એક અગત્યની શિખામણ છે. મારા મતે આ શ્લોકનો હેતુ ગુરુત્વાકર્ષણ નહીં પણ અભિમાન ન કરવાનું તત્ત્વજ્ઞાન સમજાવવાનો છે. શ્લોકોના અને કાવ્યોના ઘણા અર્થ કરી શકાતા હોવાથી લોકો પોતાને ફાવતા અર્થ કરતા આવ્યા છે.

વિજ્ઞાન એ કુદરતના નિયમ સમજવાનું શાસ્ત્ર છે. કુદરતના નિયમ માત્ર અવલોકનથી નથી સમજાતા. અવલોકન એ કુદરતને સમજવાની શરૂઆત માત્ર છે, એનો અંત નથી. કુદરતના નિયમ જાણવાની પ્રક્રિયા ઘણી લાંબી છે. એની વિસ્તૃત સમજણ માટે અલગથી લેખ લખવો પડશે.

ન્યૂટને અવલોકનથી ઘણા આગળ વધી ગુરુત્વાકર્ષણનું બળ, એની અસર, એના નિયમ, ગ્રહોના કદ, એમની વચ્ચેનું અંતર વગેરે ઘણું બધું શોધ્યું હતું. એ બધું શક્ય બન્યું એના પહેલાં પૃથ્વી ગોળ હોવાનું, સૂર્યમંડળનો એક ગ્રહ માત્ર હોવાનું શોધાયું હતું. એના વગર કદાચ ન્યૂટન પણ ગુરુત્વાકર્ષણ વિશે આટલું જાણી ન શકત. કણાદ ઋષિના સમયમાં આ બધી જાણ ન હતી.

સમાજશાસ્ત્રના નિયમ, જેને આપણે નીતિશાસ્ત્ર કે તત્ત્વજ્ઞાન કહીએ છીએ, એમને બનાવવા અને સમજવા પ્રમાણમાં સહેલા છે. સ્થળ અને કાળ પ્રમાણે તે બદલાય પણ છે. એટલેજ ઘણાં લોકોએ એમાં પોતાનું યોગદાન આપ્યું છે. ભારતનાં સંદર્ભમાં પ્રાચીનકાળમાં એ ક્ષેત્રે ઘણું કામ થયું છે એ નિઃશંક છે. વૈજ્ઞાનિક શોધખોળોની બાબતમાં આપણા દરેક દાવાને અલગથી મૂલવવો પડે. કહેવાતા દાર્શનિક સત્યો કુદરતના નિયમ સમજવા બાબતમાં ખોટા પડ્યા હોય એવા ઘણા દાખલા છે. એ વળી જુદો જ વિષય છે.

*મુરજી ગડા, વડોદરા (હાલે યુ.એસ.એ)*
*E-mail : mggada@gmail.com*

★

## સફાઈ અભિયાન

હાલ આપણાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેજા હેઠળ 'સફાઈ અભિયાન' જોરશોરથી ચાલી રહ્યું છે. ઠેક ઠેકાણે જ્યાં જુઓ ત્યાં VVIP સાવરણા લઈને ટોળામાં સફાઈ કરતાં ટી.વી.માં કે સમાચાર પત્રોમાં જોવા મળી રહ્યા છે. બે-ત્રણ કિલોગ્રામ કચરા માટે ટોળું થઈને સફાઈ કરતાં દેખાય છે. જાણે કે બધા જ પોતાના ફોટા પડાવવા જ આવતા હોય! આપણાં નેતાઓ કે અભિનેતાઓ પ્રજાના ખર્ચે સફાઈ અભિયાનમાં જોડાઈ નાટક કરતાં દેખાય છે. બધાની સીક્યુરીટીની વ્યવસ્થા જનતાના પૈસાથી જ થાય છે. ખરેખર તો ઝુંપડપટ્ટીવાળા એરિયામાં કે જ્યાં ખરેખર ખૂબ જ ગંદકી હોય છે ત્યાં તો કોઈ જ ફરકતું નથી.

Aristo™
STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

ખરા અર્થમાં સફાઈ કામદાર જ સફાઈ અભિયાનના હક્કદાર છે. આખી ગલી હોય કે રોડ હોય, જ્યાં ગંદકી હોય તો સવારમાં સાવરણા લઈને પોતાના સ્વાસ્થ્યની પરવા કર્યા વગર જ પાપી પેટની ખાતર કામ કરી રહ્યા છે. ગયા મહિને એક જ દિવસ કોઈ કારણસર બધા જ સફાઈ કામદારોએ કામ પર જવાની હડતાળ પાડી તો જ્યાં જુઓ ત્યાં કચરાના ઢગલા જોવા મળતા હતા.

આપણા સફાઈ કામદારો અથાગ મહેનત કરી રહ્યા છે. પરંતુ નથી તો કોઈના ટી.વી.માં અથવા તો સમાચાર પત્રોમાં ફોટા કે લખાણ આવતા.

ગંગા બચાવો, જમના બચાવો.... ના નારાઓ લાગે છે પણ જ્યાં સુધી અંધશ્રધ્ધાની ડૂબકી મારવાનું આપણી પ્રજા બંધ નહીં કરે અને અસ્થિ કે ફૂલો પધરાવવાનું બંધ નહીં કરે ત્યાં સુધી ગંગા જમના કે બીજી કોઈ નાની મોટી નદી કે જળાશયો ચોખ્ખા રહી શકશે ખરા?

સફાઈ અભિયાન કામ નાનું છે પરંતુ અઘરું પણ છે જ. ગામડે ગામડે શૌચાલય બાંધવાની પણ ઘોષણા થઈ રહી છે. પણ શૌચાલય બાંધીને કાંઈ કામ નથી થઈ જતું. તેની સફાઈ માટે પાણી અને ડ્રેનેજની જ્યાં સુધી સગવડ નહીં થાય ત્યાં સુધી આ બધું શક્ય છે? ખરેખર યોજના ખૂબ જ સારી છે અને આવકારદાયક છે પણ સમસ્યાઓ કેટલી છે? આના માટે બધા જ લોકોએ ધ્યાન આપી આપણા ભારતને ચોખ્ખું રાખવાની ફરજ બજાવવી જોઈએ. કચરાનો નિકાલ પણ ક્યાં થાય છે? કેવી રીતે થાય છે તે જોવાનું રહ્યું.

*અલકા એ સંઘવી - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૫૪૭૦૭૭૫*

★

## 'મંગલ મંદિર' માસ માર્ચ-૨૦૧૫ના અંકનો પ્રતિભાવ

કોઈ સમૃધ્ધ માણસને ત્યાં કોઈ શુભ પ્રસંગે ભોજન સમારંભ હોય તો તેમાં એક એકથી ચડે એવી ઉત્તમ વાનગીઓ પીરસવામાં આવી હોય એ સ્વાભાવિક છે. **'મંગલ મંદિર'ના માર્ચના આખા જ અંકમાં આવી ઉત્તમોત્તમ લેખ - વાનગીઓ પીરસાઈ છે. કોઈ એકનું નામ લઈએ તો બીજાને અન્યાય થાય.**

છતાં ભોજન સમારંભમાં પીરસાયેલી ઉત્તમ વાનગીઓમાંથી કોઈ વ્યક્તિને એની અંગત સ્વાદ, રુચિને કારણે એકાદ વાનગી વધુ ભાવી જાય અને એ વાનગીના બે કોળિયા વધારે ખવાઈ જાય એ શક્ય છે.

'મંગલ મંદિર'ના માર્ચ અંકમાં આજ ન્યાયે મને **શ્રી લીલાધર ગડા**નો 'મો સમ કૌન....' લેખ વિશેષ ગમ્યો છે. આપણે બધા જ જાણીએ છીએ કે આ ભજનના સર્જક સૂરદાસજી ન તો કુટિલ હતા કે ન તો ખલ હતા કે ન તો કામી હતા. શ્રી લીલાધરભાઈ વિશે પણ આમ જ સમજવું.

આ લખતા લખતા એક અન્ય બાબત ધ્યાને ચડે છે. જૈન પંથમાં તીર્થંકરોની સંખ્યા સુનિશ્ચિત છે - ફીક્સ છે. એમાં ખુદ ભગવાન પણ વધારો - ઘટાડો કરી શકે નહીં. તેવી જ રીતે ગણધરોની સંખ્યા પણ ફિક્સ છે — તેમાં કોઈ વધારો - ઘટાડો કરી શકે નહીં.

પણ એક બાબતમાં આપણે આપણા પૂર્વાચાર્યોની ખરા દિલથી પ્રશંસા કરવી જોઈએ કે તેમણે 'અરિહંત'ની સંખ્યા ફિક્સ કરી નથી. અરિહંતો માટેની બારી તેમણે ખુલ્લી રાખી છે.

શ્રી લીલાધરભાઈની બાબતમાં તેમજ આપણા દેશ સહિત દુનિયાના છએ ખંડોમાં **ગરીબ લોકો માટે, દુ:ખી લોકો માટે, વંચિતો માટે, સમાજથી તિરસ્કૃત થઈને ફેંકાયેલા લોકોના સુખ અને રાહત માટે કામ કરતા આવા તમામ લોકોને હું અંગત રીતે 'અરિહંત' ગણું છું.**

આવા અરિહંતો અગણિત સંખ્યામાં હોઈ શકે છે — એમની સાચી સંખ્યા જાણવી અશક્ય છે.

જ્યારથી શ્રી લીલાધરભાઈના કામ વિશે હું જાણતો થયો છું અને ખાસ તો જ્યારથી તેઓ મિત્તલ પટેલ જેવાના કામ સાથે જોડાયા ત્યારથી જ તેઓ મને અરિહંત જેવા લાગ્યા છે.

આ લખાણમાં સહેજ પણ અતિશયોક્તિ નથી. ચાલતી કલમે અને ઊભે ઊભે હું આવા સોએક જણના નામ આપી શકું, જેને અરિહંતની ઉપમા આપી શકાય.

**જે લોકો પોતાના કલ્યાણ માટે નથી જીવતા પણ અન્યના જ કલ્યાણ અર્થે જીવે એ અરિહંત નથી તો કોણ છે?**

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૬૩૦૧૭૨૯*

★

## 'મંગલ મંદિર'

આપણું મુખપત્ર સદાયે ધબકતું રહે અને એમાં નૂતન લેખકોને સ્થાન મળે અને એની વાચના દ્વારા 'મંગલ મંદિર'ને નીત નવી જાણકારી પ્રાપ્ત થાય એ માટે મેં પણ ઘણા લેખો સમાજને મોકલેલ છે અને મંગલ મંદિરમાં પ્રકાશિત થતાં લેખની સત્યતા અને મારી સમજ મુજબ મારા વિચારોને વાચક વર્ગ સુધી પહોંચાડવા પ્રયાસો કરું છું. પરંતુ કમનસીબે ઘણા લેખો પ્રકાશિત કરવામાં આવતા નથી.

મેં નોંધ્યું છે કે મંગલ મંદિરમાં પ્રકાશિત લેખો મોટાભાગના

ફાર ઈસ્ટ
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ
All Inclusive Rs. 39,999/- + $ 999
11 Days – 11 Nights • નિયમિત પ્રસ્થાન
દુબઈ • આબુધાબી
All Inclusive Rs. 24,444/- + $ 499
4 Nights – 5 Days • નિયમિત પ્રસ્થાન

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
મુલુંડ
✆ : 93233 60708 / 25903514 • 5 • 6

અમુક વ્યક્તિના હોય છે અને ઘણી વખત સમાજ, દેવી દેવતાઓ વિશે લખાણ કરવામાં આવતા હોય છે. મને લાગે છે, આવા લેખોનો કોઈ વિરોધ કરતું નથી અથવા તો કોઈને આ માટે સાચી સમજ જ નથી. નહિંતર સાધુ - સાધ્વીજી માટે લખાય અને કોઈ એનો પ્રતિભાવ ન આપે તેવું ન બને.

મેં પ્રતિભાવ આપવા પ્રયત્ન કરેલ પરંતુ તે પ્રસિધ્ધ નથી થયા. વાચક મિત્રોને સાચી - સારી હકીકતો પહોંચાડવા કટિબધ્ધ થયેલ પરંતુ સફળતા નથી મળી.

આ એક નાનકડો લેખ મોકલું છું. યોગ્ય લાગે તો પ્રકાશિત કરાવશો.

*નીતિન એચ. સંઘવી - ગાંધીનગર*

## સાધુ સાધ્વીજીના વિહાર

સમય અને સંજોગો બદલાયા છે. આધુનિક ઉપકરણો પણ આવી ગયા છે. સાવ સાચી વાત. તેના સહારે શું પ્રવચનો ટી.વી. પર નથી આવતા? આવે છે, તો આપણે કેટલા સાંભળીએ છીએ?

હવે રહી વાત પગપાળા વિહારની - તો પગપાળા વિહારમાં માત્ર જીવરક્ષા એક કારણ નથી પરંતુ ઘણા કારણો છે. જેમકે (૧) પગપાળા વિહારના કારણે પગમાં રહેલ તમામ પોઈન્ટો દબાય છે. જે એક્યુપ્રેશરનું કામ કરે છે. (૨) વહેલી સવારે હવામાં શુધ્ધ ઓક્સિજન ભરપૂર માત્રામાં હોય છે. (૩) ડામરની ગરમી કદાચ શરીરને નુકસાન પણ કરે, (૪) વિહારના કારણે થાક લાગવાથી ખોટા ખરાબ વિચારો વગર ગાઢ નિદ્રા આવી જાય છે. આ ઉપરાંત અન્ય સમાજ કે અન્ય ધર્મીઓની વિહાર પ્રત્યે સન્માનની લાગણી ઉત્પન્ન થાય છે અને વંદન પણ કરે છે.

જો હીરસૂરિશ્વરજી મ.સા.એ અકબરના આમંત્રણને માન આપીને તેમણે મોકલાવેલ સાધનમાં પ્રવાસ કર્યો હોત તો અકબર પર સારો પ્રભાવ પાડી શક્યા ન હોત. સાથોસાથ વિહારના કારણે પેટ્રોલ / ડીઝલ ન વપરાવાથી પર્યાવરણને પણ ઓછું નુકસાન થાય છે.

પરંતુ ઘણી વખત નાના નાના ફાયદાઓને નજરઅંદાજ કરતાં ઘણી વખત મોટા નુકસાનની સંભવિતતા વધી જાય છે. અને જો લોચ અને વિહાર આ બંને મૂળ તત્ત્વોનો છેદ ઊડી જાય તો ઘણા બેકાર / ભૂખ્યા લોકો દેશમાં વસે છે, તેઓ આ માર્ગમાં આવતાં જથ્થો વધી જશે અને ગુણવત્તાનું ધોરણ નીચું આવશે.

પછી એમ પણ કહેવાશે 'નોકરી તો સરકારી અને સાધુ થવું તો જૈનમાં' — આવું ન બને તે જોવાની આપણી સૌની ફરજ છે.

કોઈની લાગણી દુભાઈ હોય તો ક્ષમા.

*નીતિન એચ. સંઘવી - ગાંધીનગર*

### લાઠી ચાર્જ

| | | |
|---|---|---|
| આલિયા ભટ્ટ | : | ક્યાં જાવ છો? |
| પોલીસવાળા | : | લાઠી ચાર્જ કરવા... |
| આલિયા ભટ્ટ | : | અરે! જોડે ચાર્જર તો લેતા જાઓ! |

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*— રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

Viketa Electronics
An ISO 9001-2000 COMPANY
